પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૮-૪-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૫, અંક : ૩૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

કોઈ પણ વ્યકિત ને જાણવો અને સમજાવો હોય તો એને બોલવા દો કેમ કે વ્યકિતનું સૌંદર્ય એની વાણીમાં હોય છે...




# ભારતને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાની છૂટ ૧ મહિના માટે લંબાવતું અમેરિકા

## અગાઉ અમેરિકી નાણામંત્રીએ છૂટ લંબાવવાનો ઈનકાર કર્યો હતો, અંતે ટ્રમ્પ પ્રશાસને ૧૬ મે સુધીની મંજૂરી આપી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ ભારત અને અન્ય દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ પેદાશો ખરીદવા માટે આપવામાં આવેલી છૂટમાં ૧ મહિનાનો વધારો કર્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે શુક્રવારે આ અંગેની જાહેરાત કરી હતી. ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠાને અસર પહોંચી હતી, જેને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારત સહિતના દેશોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપી હતી. જોકે, આ છૂટની મુદત ગયા શનિવારે પૂરી થઈ ગઈ હતી. થોડા સમય પહેલા જ અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે નિવેદન આપ્યું હતું કે અમેરિકા રશિયન અને ઈરાની તેલ પર આપેલી છૂટને રિન્યૂ કરશે નહીં.

અહેવાલ મુજબ, અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે હવે જહાજોમાં લોડ થઈ ચૂકેલા તેલને ખરીદવા માટે ૧૬ મે સુધીની મંજૂરી આપી છે. અગાઉ આપવામાં આવેલી

(અનુ. આઠમા પાને)

## અમેરિકા-ઈરાન વચ્ચે સોમવારે ઈસ્લામાબાદમાં ફરી શાંતિ મંત્રણા

મધ્ય-પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ભયાનક તણાવ વચ્ચે શાંતિની આશાનું એક કિરણ દેખાયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ન્યુકિલયર ડીલ અંગેની આગામી મંત્રણા પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં યોજાવા જઈ રહી છે. સોમવારથી શરૂ થનારી આ વાતચીત સીઝફાયર પૂરો થાય તે પહેલાં કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવા માટે ખૂબ જ મહત્ત્વની માનવામાં આવે છે.બંને દેશો વચ્ચે પડદા પાછળની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ જ સંકેત આપ્યા હતા કે વાતચીત જલ્દી શરૂ થશે. એક અહેવાલ મુજબ, ઈરાની સૂત્રોએ પુષ્ટિ કરી છે કે સોમવારે ઈસ્લામાબાદમાં આગામી રાઉન્ડની વાતચીત નક્કી છે. અગાઉના અઠવાડિયે થયેલી મંત્રણામાં કોઈ નક્કર પરિણામ આવ્યું નહોતું, તેથી આ વખતે બંને પક્ષો પર દબાણ વધુ છે.










# ફળકથન

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ અ,લ,ઈ

સ્વગૃહી એવમ ઉચ્ચસ્થ ગુરુ તથા ઉચ્ચસ્થ શનિ વાળા આ રાશિના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઓટોમોબાઈલ એકમના જાતક તથા ધાતુ સંબંધિત સ્પેર પાર્ટસના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ બહુ સંઘર્ષપૂર્ણ નીવડશે તેવી પૂરી શક્યતા. નાના તથા પરિશ્રમ વાળા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ તથા આંશિક રીતે લાભદાયક પણ જણાશે. વિદ્યાર્થીઓ, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૫ એપ્રિલ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ બ,વ,ઉ

ધંધા-વ્યવસાયના અધૂરા રહેલ કામ કાજ પૂરા થવાની શક્યતા એવમ સંયોગ પણ. આભૂષણ, ઈમીટેશન જવેલરી ના એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. કોસ્મેટિક્સ સંબંધિત તમામ ઔદ્યોગિક કે વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક જણાશે. સ્મોલ સ્કેલ મશીનરી ઉદ્યોગ, નાના ઉદ્યોગ તથા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ વધારે કામકાજ વાળું રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ચડાવઉતાર વાળું સપ્તાહ. નજીકના સગા સ્નેહી તથા મિત્ર દ્વારા સાથ સહકારના સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે કેવળ, ૨૪ એપ્રિલ જ મધ્યમ જણાશે.

## મિથુન ક,છ,ઘ

મોટા ઈન્ડસ્ટ્રિયલ એકમના જાતક એવમ પોર્ટ ટ્રાન્સપોર્ટેશન ના એકમના જાતક માટે આ સપ્તાહે હળવી હળવી દોડધામ જણાશે. હેવી હ્યુજ અને પરિશ્રમ વાળા દરેક ઔદ્યોગિક અથવા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ તેમજ ભાગદોડ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. કુટુંબ તથા સ્નેહી તરફથી સાથ સહકાર મળે તેવી પૂર્ણ સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી એવમ નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૩ એપ્રિલ સાવ સરેરાશ જણાશે.

## કર્ક ડ,હ

નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકર્તા અથવા સાનુકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડક્શનના ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતક માટે પણ આ સપ્તાહ લાભદાયી જણાશે. ડેરી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયી નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ અથવા સાવ સરેરાશ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. કેવળ ૨૨ એપ્રિલ જ સામાન્ય નીવડશે.

## સિંહ મ,ટ

ખાનગી શરાફી પેઢી, નોન બેંકિંગ તથા બેન્કિંગ ફાઈનાન્સ કંપની જેવા એકમ સાથે જોડાયેલ તમામ જાતક એવમ ખાનગી મેનેજમેન્ટ ફર્મસના જાતક માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. માર્ગદર્શન પ્રદાન કરતા તમામ સર્વિસ બિઝનેસના જાતક માટે સરેરાશ સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ હળવું લાભદાયી સપ્તાહ. છૂટક એવમ નાના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. આ સપ્તાહે સ્નેહી, મિત્ર સાથે ગેરસમજ થવાની સંભાવના. કૌટુંબિક સુખ શાંતિ વધારો થવાના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા-કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૪ એપ્રિલ મધ્યમ જણાશે.

## કન્યા પ,ઠ,ણ

ફેબ્રીક ફર્નિશીંગ એકમના ઔદ્યોગિક એકમના જાતક એવમ વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કુટિર તથા નાના ઔદ્યોગિક એકમના જાતક તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ દોડધામ વાળું એવમ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય, તમામ ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે, સાથે પ્રમોશન મળવાના સંયોગ. સગા સ્નેહી સાથે મતભેદ થઈ શકે તેવી શક્યતા. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૩ એપ્રિલ સાવ મધ્યમ જણાશે.

## તુલા ર,ત

બ્રાંડેડ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સના આઉટલેટના જાતક, તથા ફેશન એસેસરીઝ, કોસ્મેટિક્સના ઉત્પાદક જાતક તથા વિક્રેતા જાતક તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. પ્રકાશક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહેશે તેવી સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી એવમ સંઘર્ષપૂર્ણ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રમાણમાં સારું નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી ગેરસમજ થઈ શકે તેવી સંભાવના. વર્કીંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૯ તથા ૨૧ એપ્રિલ સાધારણ રહેશે.

## વૃશ્ચિક ન,ય

આ સપ્તાહ દરમિયાન, ઉદ્યોગ, ધંધા, વ્યવસાયના જૂના એવમ પેન્ડિંગ કામકાજનો નિકાલ આવશે. સાથે નવા કામકાજ અને તક મળવાની પૂર્ણ સંભાવના. ભારતના દક્ષિણી વિસ્તાર એવમ વિદેશ સાથે સંકળાયેલ ઔદ્યોગિક-વાણિજ્યિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે, સાથે દોડધામ એવમ પ્રવાસ થવાની પણ સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ પરંતુ દોડધામ વાળું નીવડશે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૪ તથા ૨૫ એપ્રિલ સાવ સરેરાશ નીવડશે.

## ધન ભ,ફ,ધ,ઢ

બ્રાંડેડ ગાર્મેન્ટ્સ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સના આઉટલેટના જાતક તથા ફેશન એસેસરીઝ, શૂ-વેરના ઉત્પાદક તથા વિક્રેતા તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. વિચારક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી રહેશે. વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ બહુ લાભદાયક નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી સાથ સહકારના સંયોગ. વર્કીંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયી અને સુખદાયક નીવડશે. ૨૨ તથા ૨૪ એપ્રિલ સાધારણ અથવા સાવ સરેરાશ રહેશે.

## મકર ખ,જ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ તેમજ હળવો પરિશ્રમ રહેવાના સંયોગ, વિશેષ રૂપે, સર્વિસ બિઝનેસના જાતક માટે પ્રવાસ એવમ પુષ્કળ ફાયદો થઈ શકશે તેવા સંયોગ. નાના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન હળવા સંઘર્ષ સાથે સાનુકૂળતા જણાશે. છૂટક વ્યાપારી માટે બહુ લાભદાયક તો નીવડશે, સાથે દોડધામ પણ એટલી જ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું સાનુકૂળ નીવડશે. ૨૦ એપ્રિલ મધ્યમ રહેશે.

## કુંભ ગ,શ,ષ

આ સપ્તાહ દરમિયાન નાના, મોટા દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે સાવ અણધાર્યો લાભ થવાની પૂર્ણ સંભાવના. સાથે સાથે ધંધા વ્યવસાય હેતુ દેશ-વિદેશમાં પ્રવાસ થવાની પણ સંભાવના જણાશે. સર્વિસ બિઝનેસના જાતક તથા ફાઈનાન્સ રીલેટેડ એકમના જાતક તથા એજન્સીઝ, શરાફી પેઢી ના જાતક એવમ છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ અધિક લાભદાયક નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. આ સપ્તાહે, કુટુંબ-પરિવાર તરફથી સુખ-શાંતિ એવમ સહકાર મળવાની સંભાવના નકારી શકાતી નથી. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૧ એપ્રિલ સાવ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન દ,ચ,ઝ,થ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ ભાગદોડ તથા પ્રવાસ થવાની શક્યતા સાથે સંઘર્ષપૂર્ણ જણાશે. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારી માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળું તેમજ ચડાવ ઉતાર વાળું રહે તેવી પૂર્ણ સંભાવના. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભકારી તથા સાનુકૂળ નીવડશે. કુટિર એવમ લઘુ ઉદ્યોગના જાતક માટે આ સપ્તાહ લાભકારી તથા નવી નવી તક વાળુ નીવડશે. વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું રહેશે. છૂટક વ્યાપારી માટે ભાગ-દોડ વાળુ પરંતુ લાભકારી સપ્તાહ. રહેશે. સગા, સ્નેહી તરફથી સહકાર મળે તેવી પૂર્ણ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ.વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી નીવડશે. ૨૨ તથા ૨૪ એપ્રિલ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

### સાહિરની કવિતા અને સુધાનો અવાજ: એક અધૂરી પ્રેમ કહાની

# "તુમ મુજે ભૂલ ભી જાઓ" છતાં, અવિસ્મરણીય છે સુધા મલ્હોત્રાનો કંઠ

**હિન્દી ફિલ્મોમાં ભલે ઓછા ગીતો ગાયા હોય, પણ જેટલા ગીતો ગાયા તે ખુબ જ લોકપ્રિય થયા, ઘેરા અને માદક અવાજનો નશો આજે પણ શ્રોતાઓના દિલોદિમાગ પર છવાયેલો છે: ભારત સરકારે ૨૦૧૩માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતા: તેમણે ૧૫૫ ફિલ્મોમાં ૨૬૪ ગીતો ગાયા હતા**

ભારતીય ફિલ્મ સંગીતની દુનિયામાં એક જાણીતી અને મીઠી અવાજવાળી ગાયિકા તરીકે ઓળખાય છે. તેમનો અવાજ નાજુક, ભાવસભર અને શુદ્ધ ઉચ્ચારણ માટે જાણીતો હતો, જેના કારણે તેમણે ઘણા સંગીતકારો સાથે કામ કરવાની તક મેળવી. રસપ્રદ વાત



એ છે કે તેઓ બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં પણ દેખાયા હતા અને પછી ધીમે ધીમે પ્લેબેક સિંગિંગમાં સ્થિર થયા. ગીતકાર સાહિર લુધિયાનવી સાથે તેમનું ખાસ સર્જનાત્મક જોડાણ રહ્યું. 'કભી કભી'નું પ્રખ્યાત ગીત 'કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ' સાહિરે મૂળ સુધાજી માટે જ લખ્યું હતું. સુધા મલ્હોત્રાનો અવાજ મીઠાશ, ભાવ અને શાસ્ત્રીય શુદ્ધતા માટે જાણીતો છે. 'દેખ કબીરા રોયા' ૧૯૫૭નું ભજન 'તુમ મેરી રાખો લાજ હરી', 'ચલતી કા નામ ગાડી' ૧૯૫૮નું રમતિયાળ 'હમ તુમ્હારે હૈં', 'ધૂલ કા ફૂલ' ૧૯૫૯નું 'કા સે કહૂં મન કી બાત' અને 'બાબર' ૧૯૬૦નું 'સલામ-એ-હસરત કુબૂલ કર લો' તેમના યાદગાર ગીતો છે. ૧૯૬૦ની મ્યુઝિકલ હિટ 'બરસાત કી રાત'માં તેમની તિકડી સાહિર-રોશન સાથે જામી અને 'ના તો કારવાં કી તલાશ હૈ', 'યે ઈશ્ક ઈશ્ક હૈ' જેવી કવ્વાલીઓએ ધૂમ મચાવી દીધી.

ભુલે બીસરે ગીતોની અવિસ્મરણીય ગાયિકા એટલે સુધા મલ્હોત્રા, આજે પણ જુના ગીતોની વાત આવે એટલે સુધાજી યાદ પહેલા આવે. ૩૦ નવેમ્બર ૧૯૩૬ના રોજ સુધા મલ્હોત્રાનો જન્મ નવી દિલ્હી ખાતે થયો, તેમનું બાળપણ ભોપાલ, ફિરોઝપુર અને લાહોર જેવા શહેરોમાં વિત્યું, એ જમાનામાં ફિરોઝપુરમાં રેડક્રોસ સંસ્થાને મદદ કરવા એક સંગીત કાર્યક્રમ યોજાયો હતો, તેમાં સુધા મલ્હોત્રાએ ગીતો ગાયા હતા. આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ સંગીતકાર ગુલામ હૈદરે સુધાજીનો અવાજ સાંભળ્યોને પ્રભાવિત થયા હતા. થોડા સમય બાદ લાહોર ઓલ ઈન્ડિયા રેડિયોમાં ગાવાનું શરૂ કર્યુ. આ ગાળામાં સંગીતની તાલિમ ઉસ્તાદ અબ્દુલ રહેમાન ખાન અને પંડિત લક્ષ્મણપ્રસાદ જયપૂર વાલે પાસેથી મેળવી હતી.

માત્ર ૧૧ વર્ષની વયે સુધા મલ્હોત્રાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં પગ મૂકયો હતો. એ જમાનાના મહાન સંગીતકાર અનિલ વિશ્વાસે તેમને પ્રથમવાર ગાવાની તક આપી. પહેલા ગીતના શબ્દો 'મિલા ગયે નૈન' હતા. બાદમાં સતત બે દશકા સુધી સુંદર કદીના ભૂલી શકાય એવા અમર ગીતો ગાયા. ફિલ્મી ગાયિકા તરીકે ભલે ઓછા ગીતો ગાયા, પણ જેટલા ગીતો ગાયા તે ખુબ જ લોકપ્રિય થયા હતા. તેમનાં ઘેરા અને માદક અવાજનો નશો આજે પણ શ્રોતાઓના દિલો દિમાગ પર છવાયેલો છે. તેમણે ફિલ્મી ગીતો ઉપરાંત સુંદર ભજનો પણ ગાયા છે. તેમના અવાજની ઘેઘુરતા કુદરતની આપેલી અણમોલ ભેટ હતી. ૧૯૫૮-૫૯ના સમય ગાળામાં 'દીદી' ફિલ્મનાં ગીતોનું રેકોડિંગ ચાલતુ હતું. સાહિર લુધયાનવીના ગીતોને સંગીત એન. દતા એ આપ્યું હતું. આ ફિલ્મના 'બચ્ચો તુમ તકદીર હો કલકે હિન્દુસ્તાનકી' અને પ્યાર હી મુઝે દરકાર હે' જેવા શ્રેષ્ઠ ગીતોનો સમાવેશ હતો. એક ગીતનાં રેકોર્ડિંગ વખતે જ એન.દતાની તબિયત બગડી, ગીત રેકોર્ડ કરવું જરૂરી જ હતું, ત્યારે સુધાજીએ ગીતની તર્જ બનાવીને કામ પૂર્ણ કર્યુ ને સાથે જ ફિલ્મ જગતનાં શ્રેષ્ઠ ગીતમાં જેની ગણના થાય છે. તે 'તુમ મુઝે ભૂલ ભી જાઓ તો યે હક હે તુમકો' અવિસ્મરણીય ગીત બની ગયું.

સુધા મલ્હોત્રાના અલગ અંદાજથી ગવાયેલા ગીતોને કારણે અને સુંદર અવાજને લીધે ટુકા સમય ગાળામાં આગવી ઓળખ ઉભી કરીને પ્રથમ હરોળની ગાયિકા બની હતી. 'બરસાત કી રાત' ફિલ્મની કવ્વાલી આજે પણ લોકો યાદ કરે છે. તેમને ગાયેલા તમામ ગીતો સુપરહિટ બની ગયા હતા. એ જમાનાના લગભગ બધાજ ગાયક કલાકારો સાથે તેમણે સુંદર યુગલ ગીતો ગાયા હતા. સુધા મલ્હોત્રાએ હિન્દી ફિલ્મમાં અભિનય અને ગાયિકા તરીકે ૧૯૫૦થી ૧૯૬૦ના દશકામાં હિટ ફિલ્મોમાં સુંદર ગીતો ગાયા હતા. તેમની આરજુ, ધુલકા ફૂલ, અબ દિલ્હી દૂર નહી. ગર્લફ્રેંડ, દીદી, બરસાત કી રાત, કાલાપાની, દેખ કબીરા રોયા, જેવી અનેક ફિલ્માં હિટ ગીતો આપ્યા. છેલ્લે તેમણે ૧૯૮૨માં રાજકપૂરની ફિલ્મ 'પ્રેમરોગ'માં મુજરા ટાઈપ સોંગ 'યે પ્યાર તો કુછ કુછ હોતા હે' ગાયું હતું. હિન્દી ફિલ્મી ગીતો સાથે સુધાજીએ અરૂણ દાતે સાથે સુંદર મરાઠી ભજનો પણ ગાયા હતા. તેમની સફળ કારકિર્દી ૧૯૫૪થી ૧૯૮૨ રહી હતી. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા સુધા મલ્હોત્રાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા હતા. તેમની પ્રથમ ફિલ્મ 'આરજુ' હતી. તેમણે લગ્ન પછી બોલીવુડ છોડયું પણ ૧૯૮૨માં પ્રેમરોગ ફિલ્મમાં કેટલાક એલ્બમ રેકોર્ડ કર્યા જેમાં 'લડમુડ'માં ગઝલગાયક જગજીતસિંહ સાથે ઉમદા ગઝલો ગાય હતી. મરાઠી ભજન, શુક્રતારા મંડવારા આજે પણ હિટ છે. તેમણે ૧૫૫ ફિલ્મોમાં ૨૬૪ ગીતો ગાયા હતા. સુધા મલ્હોત્રાની હિટ ફિલ્મોમાં દેખકબીરા રોયા (૧૯૫૭) બરસાત કી રાત (૧૯૬૦), ધૂલકા ફૂલ (૧૯૫૯), દિલે નાદાન (૧૯૫૩) વગેરે જેવી હિટ ફિલ્મની ગણનો થાય છે. તેમણે સાહિર લુધયાનવી ના ગીતો વધારે ગાયા હોવાથી બન્ને વચ્ચેની વાતો એ જમાનામાં ચાલી હતી. જોકે સાહિરે પણ ચલો ઈક બાર સે હમ અજનબી બન જાયે જેવા પ્રેમગીતો લખ્યા હતા. આરજુ (૧૯૫૦), ચલતીકા નામ ગાડી (૧૯૫૮) અને બાબર (૧૯૪૮)જેવી ફિલ્મો ગીતો ગાયને સુધાજી અન ફરગોટેબલ સીંગર બની ગયા હતા.સુધા મલ્હોત્રાના ટોપ-૧૦ ગીતોને કારણે તે જૂના ગીતોના ચાહકોમાં સદૈવ અમર થઈ ગયા હતા. ૧૯૫૯માં ફિલ્મ 'દીદી'ના તુમ મુઝે ભૂલ ભી જાઓ, ૧૯૫૦માં આરજુ ફિલ્મના ગીત મીલા ગયે નૈન', ૧૯૫૪માં મિર્ઝા ગાલિબ ફિલ્મનું 'ગંગાકી રેત પે ૧૯૫૭માં અલ દિલ્હી દૂર નહી ફિલ્મમાં, માલિક તેરે જહમિે, સાથે હિટ ફિલ્મો ચલતી કા નામ ગાડી, હિરામોતી, ગર્લફ્રેન્ડ, બાબર, કાલાબજાર અને પ્રેમરોગના ગીતોની ગણના થાય છે. તેમણે સુમન કલ્યાણપૂર, મોહંમદ રફી, મન્નાડે, હેમંતકુમાર, મહેન્દ્ર કપુર, લતાજી, મુકેશ, કિશોરકુમાર જેવા ગાયકો સાથે સુંદર યુગલ ગીતો ગાયા હતા. બોલીવુડના ગોલ્ડન એરામાં સુધા મલ્હોત્રાનો જાદુઈ અવાજ જ ગીતોને હિટ બનાવી દેતો. તે પોતાના સ્વરચિત ગીતો ગાતા હતા. તેમણે બાળ કલાકારો માટે ઘણા ગીતો ગાયા હતા. 'કાલાપાની' ફિલ્મનું ભજન ખુબ જ લોકપ્રિય થયેલું હતુ. સાહિર લુધયાનવીનાં શબ્દોને સુધાજીએ સ્વર આપીને અમર બનાવી દીધા હતા.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

# અબતક પંચાગ

## તા.૧૯-૪ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ બીજ અખાત્રીજ શ્રી પરશુરામ જયંતી
**નક્ષત્ર** ભરણી
**યોગ** સૌભાગ્ય **કરણ:** તૈતિલ
**સુર્યોદય** ૬.૨૫ **સુર્યાસ્ત:** ૭.૦૮
**ચંદ્ર રાશી** મેષ બપોરે ૧૨.૩૨થી વૃષભ
**રાશિ અક્ષર** અ.લ.ઈ/બ.વ.ઉ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સૂડોકુ -૧૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | | ૬ | | |
| | | | ૫ | ૭ | | | | |
| ૯ | | ૭ | | | | | | |
| ૧ | ૫ | | | | | ૭ | | ૨ |
| | | | | | | | | ૧ |
| ૭ | ૬ | | | | | | ૮ | ૯ |
| ૮ | | | ૬ | | ૯ | ૧ | | |
| | | | | ૪ | | | | |
| | ૧ | | ૨ | | ૮ | ૫ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૬ | ૪ | ૩ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૩ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૪ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૩ | ૮ | ૭ |
| ૨ | ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ |
| ૯ | ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૫ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૮ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૯ | ૩ | ૭ | ૧ | ૮ | ૨ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૪ |

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)+(વેજ. કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૪-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ પોડકાસ્ટ (અખાત્રીજ)
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૪-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# આવતીકાલનું રાશિફળ

**તા.૧૯.૪.૨૦૨૬ રવિવાર સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ બીજ અક્ષયતૃતીયા, શ્રી પરશુરામ જયંતિ, ભરણી નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ આજે બપોરે ૧૨.૩૨ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** જીવનમાં યોગ્ય વિચારપદ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.

**મિથુન (ક,છ,ઘ) :** વાદ વિવાદથી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે, અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.

**સિંહ (મ,ટ) :** વેપારીવર્ગને સારુ રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.

**કન્યા (પ,ઠ,ણ) :** ધ્યાન યોગ મૌનથી લાભ થાય, દાન ધર્મ કરી શકો, આધ્યાતિમ્ક ચિંતન થાય, શુભ દિન.

**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, લાગણીની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**વૃશ્ચિક (ન,ય) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.

**કુંભ (ગ,સ,શ) :** કોર્ટ કચેરીમાં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદથી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.


**મીન (દ,ચ,ઝ,થ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.


### લો ભાઈ આ દવાનું બિલ...

# હવે દવાની ખરીદી પર મતદાનની યાદ અપાવશે બિલ

## જિલ્લા ચૂંટણી તંત્રની પહેલઃ મેડિકલ સ્ટોરમાં જતા ગ્રાહકોને 'મારો મત મારો અધિકાર-મતદાન અચૂક કરીએ'ની અપીલ કરાવતો સ્ટેમ્પ જોવા મળશે





**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'સ્વેપ' પ્રવૃત્તિ અંતર્ગત એક અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે શહેરમાં દવાની ખરીદી કરનારા ગ્રાહકોને દવાની સાથે લોકશાહીની ફરજની પણ યાદ અપાવવામાં આવી રહી છે. મેડિકલ સ્ટોરમાંથી મળતા દવાના બિલ પર ખાસ પ્રકારનો સ્ટેમ્પ લગાવીને લોકોને અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

આ પ્રવૃત્તિ અંતર્ગત રાજકોટના ખાનગી મેડિકલ સ્ટોરના બિલ પર 'મારો મત મારો અધિકાર - મતદાન અચૂક કરીએ' અને મતદાનની તારીખ દર્શાવતો સ્ટેમ્પ મારવામાં આવી રહ્યો છે. જ્યારે કોઈ દર્દી કે તેમના પરિવારજન દવા લેવા જાય છે, ત્યારે બિલ જોતી વખતે જ તેમની નજર મતદાનના આ સંદેશ પર પડે છે. આ સ્ટેમ્પ દ્વારા લોકોના માનસપટ પર મતદાન કરવાની સામાજિક જવાબદારીનો પ્રભાવ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

'સ્વેપ' ના નોડલ અધિકારી જીજ્ઞાશાબેન ગઢવીએ આ અભિયાન વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, મતદાન જાગૃતિ લાવવા માટે વિવિધ સંસ્થાઓ હાલ સહયોગ આપી રહી છે. આ પહેલ માત્ર મેડિકલ સ્ટોર પૂરતી મર્યાદિત નથી, પરંતુ આરોગ્ય વિભાગના સહયોગથી મહાનગરપાલિકાના જન સેવા કેન્દ્રો તેમજ ટેક્સ બ્રાન્ચમાં પણ આ જ પ્રકારે બિલ સાથે સ્ટેમ્પ લગાવીને નાગરિકોને મતદાનની યાદી અપાવવામાં આવી રહી છે.

આ અભિયાનની ખાસિયત એ છે કે તે સીધું જ નાગરિકોના રોજિંદા વ્યવહાર સાથે જોડાયેલું છે. દવા ખરીદતી વખતે કે કોર્પોરેશનમાં ટેક્સ ભરવા આવતી વખતે જ્યારે નાગરિકો પોતાના બિલ પર મતદાનની તારીખ અને અપીલ જુએ છે, ત્યારે તેઓ લોકશાહીના આ પર્વમાં સહભાગી બનવા પ્રત્યે સકારાત્મક પ્રતિભાવ આપી રહ્યા છે. તંત્રની આ કાર્યપદ્ધતિથી મતદારોમાં ઉત્સાહ અને જાગૃતિનો સંચાર થયો છે.

આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનારી તાલુકા-જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા અને ગોંડલ નગરપાલિકાની સામાન્ય તેમજ પેટા ચૂંટણીઓમાં મતદાનની ટકાવારી વધારવા માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર કટિબદ્ધ છે. બિલ પર સ્ટેમ્પ આ પહેલ સાબિત કરે છે કે લોકશાહીના સશક્તિકરણ માટે જનજાગૃતિના નાનામાં નાના પ્રયાસો પણ અત્યંત અસરકારક નીવડી શકે છે.

# સંવેદનશીલ બૂથ પર આધુનિક ટેકનોલોજીથી રખાશે બાજ નજરઃ ડો. કે.એલ.એન.રાવ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પોલીસનું અભેદ્ય સુરક્ષા કવચ, ૫૦ હજાર બૂથ પર જવાનો તૈનાત



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ચુસ્ત બનાવી દેવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે રાજ્ય પોલીસ તંત્ર અત્યારથી જ 'એલર્ટ મોડ'માં આવી ગયું છે. ચૂંટણી દરમિયાન કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વ્યાપક સુરક્ષા આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે સુરક્ષા વ્યવસ્થા અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં અંદાજે ૩૦ હજાર પોલિંગ સ્ટેશનો અને ૫૦ હજારથી વધુ પોલિંગ બૂથ પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ખાસ કરીને જે બૂથ સંવેદનશીલ કે અતિસંવેદનશીલ શ્રેણીમાં આવે છે, ત્યાં વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવશે અને આધુનિક ટેકનોલોજી દ્વારા સતત નિરીક્ષણ રાખવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ ન પડે તે માટે આંતરરાજ્ય સીમાઓ પર ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે અને વાહન ચેકિંગની કામગીરી સઘન બનાવવામાં આવી છે. આ ઉપરાંત, દારૂબંધીના કડક અમલ માટે વિશેષ સૂચનાઓ અપાઈ છે. તડીપાર આરોપીઓ અને બિનજામીનપાત્ર વોરંટ ધરાવતા ગુનેગારોને ઝડપી લેવા માટે રાજ્યવ્યાપી વિશેષ અભિયાન ચલાવીને અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે.

ડીજીપી રાવે વધુમાં ઉમેર્યું હતું કે, લોકશાહીના આ પર્વમાં દરેક મતદાર નિર્ભય અને સ્વતંત્ર રીતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે પોલીસ તંત્રની પ્રથમ પ્રાથમિકતા છે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી માટે પોલીસની તમામ પાંખો સંકલનમાં રહીને કામ કરી રહી છે. આચારસંહિતાના અમલ સાથે જ પરવાનગી ધરાવતા હથિયારો જમા કરાવવાની પ્રક્રિયા પણ તેજ કરી દેવામાં આવી છે.

સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવા માટે પોલીસ પેટ્રોલિંગમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે 'ક્વિક રિસ્પોન્સ ટીમ'ને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આમ, ૨૬ તારીખે યોજાનારી ચૂંટણી માટે પોલીસ તંત્ર સુરક્ષાના તમામ માપદંડો સાથે સજ્જ થઈ ગયું છે, જેથી જનતા નિશ્ચિંત થઈને મતદાન કરી શકે.

### ચૂંટણી પૂર્વે પોલીસ એક્શન મોડમાં

# કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે યોજાયો 'લોક દરબાર'

## ડીસીપી હેતલ પટેલના અધ્યક્ષ સ્થાને અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ, સાયબર ક્રાઈમ અને સુરક્ષા અંગે જનજાગૃતિ ફેલાવાઈ





**અબતક, રાજકોટ**

આગામી સ્થાનિક સ્વરાજની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ ને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેર પોલીસ એક્શન મોડમાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે એક વિશેષ 'લોકદરબાર' અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાયબ પોલીસ કમિશનર (ઝોન-૧) હેતલ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના કોન્ફરન્સ હોલ ખાતે પી.આઈ., વી.આર. વસાવા અને પોલીસ સ્ટાફની ઉપસ્થિતિમાં અરજદારો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો. જે અરજદારોની અરજીઓ ફાઈલે થયેલ હતી, તેઓની રજૂઆત સાંભળીને અત્યાર સુધી થયેલી પોલીસ કાર્યવાહી અંગે સંતોષકારક ચર્ચા કરવામાં આવી હતી.

લોકદરબારમાં ઉપસ્થિત જનતાને આગામી ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પોલીસ અને વહીવટી તંત્ર સાથે સંકલન સાધી, કોઈ પણ ડર વગર અને શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા માટે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત વર્તમાન સમયમાં વધતા જતા સાયબર ગુનાઓથી બચવા માટે 'સાયબર જાગૃતિ' અને આકસ્મિક સંજોગોમાં ત્વરિત મદદ મેળવવા માટે '૧૧૨' નંબરની સુવિધા વિશે વિસ્તૃત જાણકારી અપાઈ હતી.

કોઈ પણ વિસ્તારમાં ચોરી અને લૂંટફાટ જેવા ગુનાઓ અટકાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સ્થાનિકોને પોતપોતાના રહેણાંક અને વ્યાપારિક વિસ્તારોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેથી ગુનાખોરી પર નિયંત્રણ લાવી શકાય. પોલીસ દ્વારા આયોજિત આ પ્રજાલક્ષી અભિગમથી લોકોમાં સુરક્ષાની ભાવના પ્રબળ બની છે. કાર્યક્રમમાં એ.સી.પી. (ઉત્તર વિભાગ) વી.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.આઈ. વસાવાએ લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ મર્યાદામાં વધારો

## ચૂંટણી પ્રચારને લગતા તમામ પ્રકારના ખર્ચ અને સામગ્રીના ભાવોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓને લઈને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની સામાન્ય, પેટા કે મધ્યસત્ર ચૂંટણી લડતા ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની મહત્તમ મર્યાદામાં સત્તાવાર રીતે વધારો કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ચૂંટણી પ્રચારને લગતા તમામ પ્રકારના ખર્ચ અને સામગ્રીના ભાવોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. અગાઉ ભારતનાં ચૂંટણી પંચ દ્વારા પણ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારોના ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો હતો. આ જ બાબતને ધ્યાનમાં લઈને અને વિવિધ સ્તરેથી થયેલી વિચારણાના અંતે ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે પંચાયત અને શહેરી વિકાસ વિભાગના નિયમોને આધીન ઉમેદવારો માટે નવી ખર્ચ મર્યાદા નક્કી કરી છે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ આર. જી. ગોહિલની સહીથી બહાર પાડવામાં આવેલા સત્તાવાર આદેશ મુજબ, હવેથી ઉમેદવારો મહત્તમ ખર્ચ કરી શકશે.

રાજ્ય ચૂંટણી આયોગે આ નવો આદેશ તાત્કાલિક અસરથી અમલમાં મૂક્યો છે. આ અંગેની જાણ રાજ્યના તમામ શહેરી અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સંબંધિત વિકાસ અધિકારીઓને કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને રાહત મળશે અને તેઓ બદલાયેલા સમય મુજબ પ્રચાર કાર્યમાં નિર્ધારિત રકમનો કાયદેસર રીતે ઉપયોગ કરી શકશે.

**નવી ચૂંટણી ખર્ચ મર્યાદા આ મુજબ રહેશે**

૧. મહાનગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટેઃ રૂ. ૯,૦૦,૦૦૦
૨. ૧ થી ૯ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટેઃ રૂ. ૨,૨૫,૦૦૦
૩. ૯ થી વધુ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટેઃ રૂ. ૩,૫૦,૦૦૦
૪. જિલ્લા પંચાયતના દરેક મતદાર વિભાગના ઉમેદવાર માટેઃ રૂ. ૬,૦૦,૦૦૦
૫. તાલુકા પંચાયતના દરેક મતદાર વિભાગના ઉમેદવાર માટેઃ રૂ. ૩,૦૦,૦૦૦
૬. ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર (૧૨ વોર્ડ સુધીની પંચાયત)ઃ રૂ. ૨૫,૦૦૦
૭. ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર (૧૩ થી ૨૨ વોર્ડ સુધીની પંચાયત)ઃ રૂ. ૪૫,૦૦૦
૮. ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર (૨૩ કે તેથી વધારે વોર્ડની પંચાયત)ઃ રૂ. ૭૦,૦૦૦

# ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ અભ્યાસની સાથે પર્યાવરણ જતનમાં પણ મોખરે






## પર્યાવરણ સુરક્ષા અને ઊર્જા બચતના ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત પ્લેટિનમ રેન્કિંગ એનાયત

**અબતક, રાજકોટ**

રાજકોટની ક્રાઈસ્ટ કોલેજે પર્યાવરણ સુરક્ષા અને ઉર્જા બચતના ક્ષેત્રમાં એક અભૂતપૂર્વ સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. વૈશ્વિક માપદંડોને સફળતાપૂર્વક પૂર્ણ કરીને આ કેમ્પસને 'ગ્રીન કોલેજ' તરીકે પ્રતિષ્ઠિત 'પ્લેટિનમ રેન્કિંગ' એનાયત કરવામાં આવ્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સર્વોચ્ચ ગ્રેડ માનવામાં આવે છે, જે ક્રાઈસ્ટ કોલેજની પ્રકૃતિ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને પર્યાવરણ પ્રત્યેના સમર્પણને ઉજાગર કરે છે.

આ 'પ્લેટિનમ રેન્કિંગ' ટકાઉપણું (સસ્ટેનેબિલીટી) માટેનું સર્વોચ્ચ સન્માન છે, જે કોલેજ દ્વારા અમલમાં મૂકાયેલા વિવિધ ઈકો-ફ્રેન્ડલી પ્રોજેક્ટ્સને આભારી છે. કેમ્પસમાં સ્થાપિત આધુનિક સોલર એનર્જી સિસ્ટમ, કાર્યક્ષમ કચરા વ્યવસ્થાપન (વેસ્ટ મેનેજમેંટ) અને જળ સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ પ્રકલ્પો દ્વારા સંસ્થાએ પર્યાવરણ સુરક્ષામાં મોટું યોગદાન આપ્યું છે. આ સિદ્ધિ પુરવાર કરે છે કે કોલેજ માત્ર ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ જ નહીં, પરંતુ પૃથ્વીના જતન માટે પણ સક્રિય ભૂમિકા ભજવી રહી છે.ક્રાઈસ્ટ કોલેજની આ ભવ્ય સફળતા પાછળ કેમ્પસ ડાયરેક્ટર ડો. ફાધર જોમોન થોમમનાનું કુશળ નેતૃત્વ અને દૂરંદેશી દ્રષ્ટિ રહેલી છે. તેમણે કેમ્પસની પ્રત્યેક સુવિધાને ઝીણવટપૂર્વક પર્યાવરણને અનુકૂળ બનાવીને સંસ્થાને એક નવું રૂપ આપ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ કેમ્પસે ઉર્જા બચત અને હરિયાળી જાળવવામાં અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ ગૌરવશાળી પ્રસંગે ડો. ફાધર જોમોન થોમમનાએ ફાધર સ્ટેનલી, કેમ્પસના તમામ પ્રિન્સિપાલ તેમજ અધ્યાપકગણનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય સ્તરનું સન્માન એ કોઈ એક વ્યક્તિની નહીં પરંતુ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓના સામૂહિક પરિશ્રમ, શિસ્ત અને પર્યાવરણ પ્રત્યેની સજાગતાનું મીઠું ફળ છે.

આ સિદ્ધિના સમાચારથી સમગ્ર ક્રાઈસ્ટ કોલેજ પરિવાર અને મેનેજમેન્ટમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. સૌરાષ્ટ્રના શૈક્ષણિક જગતમાં આ એક સીમાચિહ્નરૂપ ઘટના છે. ક્રાઈસ્ટ કોલેજ હવે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બની છે કે કેવી રીતે શિક્ષણની સાથે પર્યાવરણનું સંતુલન જાળવીને ભાવિ પેઢી માટે એક સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકાય છે.

# ‘નારી તું નારાયણી’ માત્ર શબ્દ નથી જીવન જીવવાનો એક મુખ્ય દ્રષ્ટિકોણ: અપૂર્વમુનિ સ્વામી



## માનવ ઉત્કર્ષ મહોત્સવમાં ઝળહળ્યું નારી નેતૃત્વ: લક્ષ્મણ રેખા થીમ હેઠળ મહિલા દિન બન્યો યાદગાર

**અબતક, રાજકોટ**

માનવ ઉત્કર્ષ મહોત્સવ અંતર્ગત વિરાટ મહિલા દિન નિમિત્તે લક્ષ્મણ રેખા વિષયક વિશેષ કાર્યક્રમ ભવ્યતા અને આધ્યાત્મિકતા સાથે યોજાયો હતો. આ કાર્યક્રમ માત્ર એક સાંસ્કૃતિક પ્રસંગ નહોતો, પરંતુ બીએપીએસ સંસ્થાની નારીશકિત, સંસ્કાર અને સંગઠનક્ષમતાનો જીવંત પ્રયોગ બની રહ્યો હતો. સમગ્ર આયોજનની વિશેષતા એ રહી કે શરૂઆતથી અંત સુધી દરેક જવાબદારી આયોજન, સંચાલન, પ્રસ્તુતિ, ટેક્નિકલ વ્યવસ્થા અને સ્વાગત સંપૂર્ણપણે બાલિકા, યુવતી અને મહિલાઓ દ્વારા જ સંભાળવામાં આવી, જે નારી આત્મનિર્ભરતાનું પ્રેરણાદાયી દશ્ય સર્જતું હતું.

કાર્યક્રમની શરૂઆત સાંજે ૬ વાગ્યે ધૂન સ્વામિનારાયણ નમો નમ: અને ભાવભીની પ્રાર્થના સાથે થઈ, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ઉજ્જવળ આરંભ મળ્યો, જે નારીશકિતના તેજ અને આધ્યાત્મિક ઉજાસનું પ્રતિક બની રહ્યું હતું. શાંતિપાઠ અને મંગલાચરણ જેવી પરંપરાગત રજૂઆતો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું સુમેળ ભર્યું પ્રતિબિંબ જોવા મળ્યું.




મહિલા દિનના હેતુ વિષે આપવામાં આવેલી માહિતીમાં સમાજમાં નારીની કેન્દ્રિય ભૂમિકા, પરિવારના સંસ્કાર ઘડતરમાં તેનું મહત્વ અને આધુનિક યુગમાં તેની જવાબદારીઓ અંગે ઊંડાણપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં દરેક પ્રસ્તુતિએ એક જ સંદેશ આપ્યો.. નારી તું નારાયણી માત્ર શબ્દ નથી, પરંતુ જીવનમાં જીવવાનો એક મૂલ્યવાન દ્રષ્ટિકોણ છે.

કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ લક્ષ્મણ રેખા સંવાદ રહ્યો, જેમાં બાલિકા થી લઈને મહિલા સુધીના વિવિધ વર્ગોએ પોતાના અનુભવ, વિચાર અને સંસ્કાર આધારિત દષ્ટિકોણ રજૂ કર્યા હતા. આ સંવાદ માત્ર ચર્ચા નહોતો, પરંતુ જીવનને દિશા આપતો સંદેશ બની રહ્યો હતો. લક્ષ્મણ રેખા મર્યાદા નહીં, પરંતુ સુરક્ષા કવચ છે. આ વિચારને વધુ ઊંડાણથી સમજાવતું પ્રવચન પણ રજૂ થયું, જેમાં આધુનિક યુગમાં સ્ત્રીઓએ પોતાની સુરક્ષા, સ્વાભિમાન અને સંસ્કારોને કેવી રીતે જાળવવા તે અંગે પ્રેરણાદાયી

(અનુ. આઠમા પાને)

# વેરાવળ - સોમનાથના જૈન અગ્રણી નવીનભાઈ શાહનો જન્મદિવસ



વેરાવળ-સોમનાથના જૈન અગ્રણી અને જાણીતા પરોપકારી વ્યકિતત્વ નવીનભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે સેવા અને સમર્પણનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવીનભાઈએ ’ધી વેરાવળ મરકાન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.’ માં પોતાની કુશળ અને પારદર્શક કામગીરી દ્વારા બેન્કને શૂન્યથી શિખર સુધી પહોંચાડીને ગુજરાત અને સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમની દીર્ઘદ્રષ્ટિના પરિણામે બેન્કને રાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પ્રાપ્ત થયા છે, જે તેમના વહીવટી કૌશલ્યની સાક્ષી પૂરે છે.

વ્યાવસાયિક સફળતાની સાથે નવીનભાઈ અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં પણ પાયાની સેવાઓ આપી રહ્યા છે.

તેઓ છેલ્લા ૪૨ વર્ષથી શાંતિનાથ જૈન દેરાસરમાં પ્રમુખ તરીકે અને છેલ્લા આઠ વર્ષથી વેરાવળ મહાજન પાંજરાપોળમાં સક્રિય રહીને અબોલ જીવોની સેવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. તેમના જન્મદિવસના અવસરે ગીર સોમનાથ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના અગ્રણીઓ, બેન્કના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને કર્મચારીગણ દ્વારા તેમના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ વરસી રહ્યો છે.

# ફેટી લીવર ‘‘સાઈલન્ટ કિલર’’ સમાન: વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા જનજાગૃતિ અભિયાન

## વર્લ્ડ લીવર ડે પર ‘‘મજબૂત આદતો, મજબૂત લીવર’’ નો અપાયો સંદેશ બદલાતી જીવનશૈલીના કારણે દર ૩ માંથી ૧ ભારતીય ફેટી લીવરનો શિકાર

**અબતક, રાજકોટ**

વર્લ્ડ લીવર ડે નિમિત્તે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા ભારતમાં ઝડપથી વધી રહેલા ફેટી લીવર રોગ અંગે વિશેષ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે. આ વર્ષની થીમ ‘‘મજબૂત આદતો, મજબૂત લીવર‘‘ હેઠળ નિષ્ણાંતોએ આ રોગને ‘‘નિ:શબ્દ જીવનશૈલી મહામારી‘‘ તરીકે ઓળખાવ્યો છે. અગાઉ માત્ર દારૂના સેવનથી થતો આ રોગ હવે ખરાબ આહાર, સ્થૂળતા, ડાયાબિટીસ અને બેઠાડુ જીવનશૈલીના કારણે દારૂ ન પીનારા લોકોમાં પણ વ્યાપક બન્યો છે. ભારતમાં અંદાજે દર ૩ માંથી ૧ વ્યક્તિ આ સમસ્યાથી પીડાતી હોવાની શક્યતા છે, પરંતુ શરૂઆતના તબક્કે કોઈ ખાસ લક્ષણો ન દેખાતા હોવાથી લીવર ગંભીર રીતે ડેમેજ ન થાય ત્યાં સુધી દર્દીઓ તેનાથી અજાણ રહે છે.



વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. પ્રફુલ કમાણી અને ડૉ. પાર્થ વાઘડિયાએ જણાવ્યું હતું કે, ફેટી લીવર ખાસ કરીને યુવાનોમાં ઝડપથી વધી રહ્યું છે જે ચિંતાનો વિષય છે. સમયસર નિદાન અને નિયમિત તપાસ દ્વારા આ રોગની પ્રગતિ અટકાવી શકાય છે અને અમુક કિસ્સાઓમાં તેને રિવર્સ પણ કરી શકાય છે. વોકહાર્ટ હોસ્પિટલ ખાતે લીવર સંબંધિત રોગોની ઓળખ અને સચોટ સારવાર માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.

વર્લ્ડ લીવર ડેના અવસરે તબીબોએ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવા પર ભાર મૂક્યો હતો, જેથી લીવરના આરોગ્યને સુરક્ષિત રાખી જીવનની ગુણવત્તામાં સુધારો લાવી શકાય. તબીબોએ વધુમાં ઉમેર્યું હતું કે, ફેટી લીવર જેવી ગંભીર સ્થિતિથી બચવા માટે માત્ર દવાની જરૂર નથી, પરંતુ જીવનશૈલીમાં સકારાત્મક ફેરફારો અનિવાર્ય છે. રોજિંદા આહારમાં જંક ફૂડ, વધુ પડતી ખાંડ અને પ્રોસેસ્ડ કાર્બોહાઈડ્રેટ્સનો ત્યાગ કરી લીલા શાકભાજી અને ફાઈબરયુક્ત ખોરાકનો સમાવેશ કરવો જોઈએ. આ સાથે જ દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ કસરત કે યોગ કરવાથી લીવર પર જમા થયેલી વધારાની ચરબી ઘટાડી શકાય છે.

જો સમયસર સજાગ થઈને વજન નિયંત્રણમાં રાખવામાં આવે અને પૂરતી ઊંઘ લેવામાં આવે, તો લીવર સિરોસિસ જેવી જીવલેણ સ્થિતિથી બચી શકાય છે. ‘‘તમારું લીવર તમારું એન્જિન છે, તેની સંભાળ રાખશો તો જ શરીર લાંબુ ચાલશે‘‘ તેવા સંદેશ સાથે હોસ્પિટલ દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે.

# શંખેશ્વરના જહાજ મંદિર પરિસર માણિભદ્ર વીરના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું

## શંખેશ્વર જહાજ મંદિરે ૧૦૦૮ આહુતિ સાથે શ્રી માણિભદ્ર વીર પૂજન-હવન સંપન્ન: ભાવિકો ઉમટ્યા

**અબતક, રાજકોટ**

શંખેશ્વર તીર્થ સ્થિત જહાજ મંદિર એન્કરવાલા ધામે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશીર્વાદથી ૧૦૦૮ આહુતિ યુકત શ્રી માણિભદ્ર વીર પૂજન-હવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય મુનિશ્રી પુણ્યરત્ન મ.સા., મુનિશ્રી ધર્મરત્નચંદ્રજી મ.સા., મુનિશ્રી નયશેખર મ.સા. તેમજ સાધ્વીજી ભગવંતોના પાવન સાનિધ્યમાં આ અનુષ્ઠાન યોજાયું હતું. એક ગુરુભકત પરિવાર દ્વારા આ પૂજનનો લાભ લેવામાં આવ્યો હતો, જેમાં મંત્રોચ્ચાર સાથે ચંદન, સુખડ, વિશિષ્ટ ઔષધયુક્ત ગોળીઓ અને ઘીની આહુતિઓ આપવામાં



આવી હતી. હવનના અંતે ’મોટી શાંતિ’ના પાઠ સાથે નારિયેળ હોમી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુનિશ્રી નયશેખર મહારાજ સાહેબે પ્રવચન આપતા જણાવ્યું હતું કે, શ્રી માણિભદ્ર વીર એક અત્યંત શકિતશાળી યક્ષ દેવ છે, જે જૈન શાસનની રક્ષા માટે નિમાયેલા છે. માણિભદ્ર દાદાની આરાધના કરવાથી ભકતોના જીવનમાં આવતા અચાનક દુ:ખ, ભય અને અડચણો દૂર થાય છે. આ પૂજનથી માનવીના મનમાં અદભૂત હિંમત, શાંતિ અને આત્મવિશ્વાસનો સંચાર થાય છે. જૈન ધર્મમાં દેવ પૂજાનો મુખ્ય ઉદ્દેશ્ય આત્મશુદ્ધિ અને સદાચાર છે, જે ભકતોમાં નિર્ભયતા અને સકારાત્મકતા લાવવાનું સાધન બને છે.

વિધિકાર શ્રી રાજુભાઈના વિધિવિધાન અને સંગીતકાર જીતુભાઈ પાટણવાળાની સંગીતની રમઝટ સાથે યોજાયેલા આ મહોત્સવમાં મુંબઈ, અમદાવાદ, કચ્છ અને બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતથી મોટી સંખ્યામાં ગુરુભક્તો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે વિવિધ શ્રીસંઘોના પ્રતિનિધિઓ, સામાજિક-આધ્યાત્મિક અગ્રણીઓ, રાજકીય મહાનુભાવો અને વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ હવન દ્વારા અશુભ ગ્રહો અને નકારાત્મક શકિતઓનો પ્રભાવ ઘટાડી, સાચા હેતુથી કરેલા કાર્યોમાં સફળતા મેળવવાની શ્રદ્ધા વ્યકત કરવામાં આવી હતી.

# સંકલ્પસિદ્ધ હનુમાનજીને ભકિત અને આધુનિકતાના સમન્વયનો દિવ્ય શૃંગાર

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર વિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજનો આજનો શૃંગાર અદ્ભુત અને અલૌકિક લાગે છે. આજે દાદાએ લાલ રંગના ભવ્ય વાઘા અને તેજસ્વી સાફો ધારણ કરીને વિરાટરૂપ ધારણ કર્યું છે, સુવર્ણ સિંહાસન પર બિરાજમાન દાદાની કાંતિ ભક્તોને મંત્રમુગ્ધ કરી દે તેવી છે, લાલ વસ્ત્રોમાં ઝગમગતા દાદાના મુખ પર ભક્તિ અને કરૂણાનો દિવ્ય તેજ પ્રસરે છે, ગળામાં ઝળહળતા આભૂષણો અને સુંદર શણગાર દાદાની મહિમાને વધુ ઉંચાઈ આપે છે. આજે વિશેષ રૂપે દાદાના ચરણોમાં અને આસપાસ વિવિધ કેમેરા, કેમેરા લેન્સ અને ડ્રોન મુકવામાં આવ્યા છે, જે દાદાની ‘‘વિશ્વવ્યાપી’’ દર્શન આપવાની લીલાનું પ્રતીક જણાય છે. જાણે દાદા પોતાના ભક્તોને દરેક દિશામાંથી દર્શન કરાવી રહ્યા હોય તેવી ભાવના જન્મે છે, આ અનોખો શૃંગાર આધુનિકતા અને ભક્તિનો સુંદર સમન્વય દર્શાવે છે, દાદાના આ સ્વરૂપે ભક્તોના હૃદયમાં અખૂટ શ્રદ્ધા અને આનંદ પ્રગટે છે.



# ખ્યાતનામ એડવોકેટ અને જીવદયા પ્રેમી કમલેશભાઈ શાહનો આજે જન્મદિવસ

રાજકોટ બાર એસો.ના સભ્ય અને સીનીયર એડવોકેટ અને જીવદયા પ્રેમી કમલેશભાઈ શાહનો આજે જન્મ દિવસ છે. મુળ જામનગર જીલ્લાના કાલાવડના વતની રાજકોટને કર્મભૂમિ બનાવનાર કમલેશભાઈ શાહ પિતા અને જાણીતા એડવોકેટ નટુભાઈ શાહના માર્ગદર્શન હેઠળ વકીલાતના વ્યવસાયનો પ્રારંભ કર્યો હતો. પિતા નટુભાઈના વારસો અને સંસ્કારોનું જનત કરી હંમેશા જુનીયર એડવોકેટને મદદરૂપ ની ભાવના ધરાવે છે.બાર એસો.ના પૂર્વ ઉપપ્રમુખ તરીકે કામગીરી કરી હતી. કમલેશભાઈ શાહ અનેક ક્રિમીનલ કેસમાં મહત્વના ચુકાદોઓ અપાવ્યા છે. રાજકોટના ચકચારી કસ્ટોડીયન ડેથમાં બચાવ પક્ષો રોકાયા છે. રાજકોટ બાર એસો. માં ૩૦ વર્ષથી ક્રિમીનલ, રેવન્યુ અને સિવીલ સહીતની પ્રેકટીસ કરે છે. કમલેશભાઈ શાહ એનિમલ હેલ્પ લાઈન કરૂણા ફાઉન્ડેશન પાયાના પથ્થર અને ભાજપના લીગલ સેલના સક્રિય આગેવાન તેમજ જૈન સમાજની અનેક સંસ્થાનઓ સાથે જોડાયા છે.

આજે કમલેશભાઈ શાહના જન્મ દિવસે સીનીયર, જુનીયર એડવોકેટ, સગા-સંબંધી મિત્રવર્તુળ અને ભાજપ લીગલ સેલ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહ્યા છે.



# આઈ ગોટ કર્મયોગી દ્વારા આધુનિક વહીવટી અને મેનેજમેન્ટ તાલીમથી સેવા ગુણવત્તામાં સતત સુધારો: પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ સ્થિત રેલ્વે મેઈલ સર્વિસ ખાતે ડિવિઝનલ લેવલ તાલીમ કેન્દ્રનું કર્યું ઉદઘાટન

**અબતક, રાજકોટ**

વર્તમાન સમયમાં પોસ્ટ વિભાગ ઝડપી ડિજિટલ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે સતત તાલીમ અને કૌશલ્ય વિકાસ અત્યંત આવશ્યક છે. પોસ્ટલ સેવાઓમાં કાર્યક્ષમતા, ટેકનિકલ સશક્તિકરણ અને સતત ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ પહેલરૂપે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ રેલવે મેઈલ સર્વિસ એ એમ મંડળ, અમદાવાદમાં ડિવિઝનલ લેવલ ટ્રેનિંગ સેન્ટરનું ઉદઘાટન ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. તેમણે ‘ફંડામેન્ટલ્સ ઓફ જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ તાલીમ પૂર્ણ કરનાર પ્રશિક્ષાર્થીઓને પ્રમાણપત્રો પણ વિતરણ કર્યા. આ અવસરે પ્રવર અધીક્ષક, રેલવે મેઈલ સર્વિસ પિયુષ રજક પણ ઉપસ્થિત રહ્યા.



પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આઈગોટ (ઈન્ટિગ્રેટેડ ગવર્નમેન્ટ ઑનલાઈન ટ્રેનિંગ) - કર્મયોગી પ્લેટફોર્મ આ દિશામાં એક શક્તિશાળી માધ્યમ તરીકે ઉભર્યું છે, જેના માધ્યમથી અધિકારીઓ અને કર્મચારીઓને આધુનિક વહીવટી, ટેકનિકલ અને મેનેજમેન્ટ સંબંધિત તાલીમ આપવામાં આવી રહી છે, જેના પરિણામે સેવા ગુણવત્તામાં સતત સુધારો થઈ રહ્યો છે. આઈગોટ - કર્મયોગીની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા મિશન કર્મયોગી અંતર્ગત કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ દેશના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સતત, ટેકનોલોજી આધારિત અને કાર્યક્ષમતા કેન્દ્રિત તાલીમ આપી તેમને વધુ સક્ષમ, જવાબદાર, નવીનતાસભર અને

(અનુ. આઠમા પાને)

# રેવન્યુ નોંધની ડીક્રી દરખાસ્તની અમલવારી નહી થતા કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટિસ ઈશ્યુ

## તાલુકા મામલતદારથી કલેકટર સુધીના અધિકારીઓને અદાલતનું તેડું

**અબતક રાજકોટ**

કોઠારીયાની જમીન સંબંધે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રેવન્યુ નોંધ સંદર્ભે કેસમાં કલેકટર, ડેપ્યુટી કલેકટર તથા તાલુકા મામલતદાર દ્વારા અદાલતના હુકમનું ઉલ્લંઘન કરાતા કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટીસ ઈશ્યુ કરી અદાલતમાં હાજર થવાના કોર્ટના ફરમાનથી ચકચાર જાગી છે.



આ અંગેની હકીકત મુજબ, ગાંડુભાઈ મેઘજીભાઈ માયાણી દ્વારા કોઠારીયા હેઠળની પોતાની માલિકીની અને કબ્જા ભોગવટાની ખેતીની જમીન કે જે તેઓએ રજિ. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય અને તેની રેવન્યુ નોંધ જે તે સમયે સરકાર દ્વારા રેવન્યુ રેકર્ડે પ્રમાણીત કરેલ હતી. પરંતુ નવી માપણી થતાં રેવન્યુ ઓથોરિટીની ભૂલના કારણે તેઓની માલિકીની અને કબ્જા, ભોગવટાવાળી ખેતીની જમીનની રેવન્યુ નોંધ કરેલ નહીં, જેથી તે સંબંધે ગાંડુભાઈ મેઘજીભાઈ માયાણી દ્વારા જે તે સમયે જરૂરી આધાર પુરાવા સાથે સરકારને રજુઆત કરેલ. પરંતુ, સરકાર દ્વારા રેકર્ડ પરનાં માલીક ગાંડુભાઈ મેથજીભાઈ માયાણીને એવો પ્રત્યુતર પાઠવવામાં આવેલ કે સદરહુ જમીન રૂડા વિસ્તારમાં આવે છે અને તેથી કિંમતી જમીન હોય તેથી રેવન્યુ નોંધ પ્રમાણીત થઈ શકે નહીં.

ઉપરોકત હકીકતના આધારે, ગાંડુભાઈ મેઘજીભાઈ માયાણીએ રાજકોટ એડિશનલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં પોતાની માલિકીની ખેતીની જમીનના રક્ષણ માટેનો દાવો અદાલત સમક્ષ દાખલ કર્યો હતો. આ સંદર્ભે વાદી દ્વારા જરૂરી તમામ આધાર-પુરાવાઓ, રજિ. વેચાણ દસ્તાવેજો, પ્રમોલગેશનથી તમામ રેવન્યુ નોંધો, ડીએલઆર દ્વારા પંચરોજકામ, ખુદ મામલતદારની જુબાની, કોઠારીયા ગામનું સર્વે રજિસ્ટર, જંગલ બુક, હિસ્સા ફોર્મ નં. ૪, માપણીશીટ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ જેમાં તેઓ વર્ષોથી સદરહુ જમીનના માલીક અને કબ્જે ભોગવટેદાર હોય જેથી અદાલત દ્વારા તેઓનો દાવો 'મંજુર' કરવામાં આવ્યો હતો. જેથી વાદી દ્વારા રેવન્યુ ઓથોરિટીને અદાલતના હુકમ અન્વયેની હુકમની નોંધ કરવા માટેની વિનંતી કરવામાં આવી હતી. પરંતુ, પ્રતિવાદી દ્વારા અદાલતના હુકમની કોઈ નોંધ કરેલ નહીં અને ડીલે કોન્ડોનમાં અપીલ દાખલ કરેલ હતી. આ અપીલમાં કોઈ 'સ્ટે' પ્રતિવાદીને મળેલ નહીં. વાદી સિનિયર સિટીઝન હોય, પોતાની માલીકીની ખેતીની જમીન હોવા છતાં ડીક્રીના ફ્રુટ્સ મળતા ન હોય પ્રતિવાદીને દાવાવાળી જમીન સંબંધે અદાલતની 'હુકમી નોંધ' પ્રમાણીત કરતા ન હોય જેથી ન છુટકે ફરીથી સિનિયર સિટીઝન ગાંડુભાઈ મેઘજીભાઈ માયાણી દ્વારા અદાલત સમક્ષ દરખાસ્ત દાખલ કરવામાં આવેલ, જે દરખાસ્તમાં અદાલત દ્વારા હુકમનામાની અમલવારી કરી ૩૦ દિવસમાં રિપોર્ટ કરવાનું પ્રતિવાદી અને સરકારને અદાલતે જણાવેલ, તેમછતાં નિયત સમય મર્યાદામાં અદાલતના હુકમનું પાલન કરેલ ન હોય જેથી મુળ વાદી ડીક્રી હોલ્ડરે અદાલતના હુકમનો તિરસ્કાર કરવા બદલ અરજી કરતાં અદાલતે પ્રતિવાદી અને સરકારના અધિકારીઓ, કલેકટર, ડેપ્યુટી કલેકટર તથા રાજકોટ તાલુકા મામલતદારને અદાલતમાં હાજર થવા ફરમાન કર્યું છે. આ કામમાં વાદી તરફે એડવોકેટ પરેશ મારૂ, દિલીપ ચાવડા, હાર્દિક જાદવ તેમજ આસીસ્ટન્ટ તરીકે અનિરૂધ્ધ સોલંકી, પ્રતિક પંડયા, દર્શિત ટોળીયા, એસા ટાંક રોકાયા છે.

# રૂ. ૩૬ લાખની ઠગાઈમાં શરતોના ભંગના મામલે સુપ્રીમ કોર્ટે જામીન રદનો હુકમ રાખ્યો યથાવત

## હાઈકોર્ટે બીજી વખત પાંચ માસની મુદત આપવા છતાં ૨૬ લાખ ન ચૂકવતા સેશન્સ કોર્ટ જામીન રદ કરતા સર્વોચ્ચ અદાલત સુધી દાદ માંગી હતી

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતા મિત્રતાને સંબંધે ગોવાની હોટલમાં રોકાણમાં સારા વળતર માટે લલચાવી લાખો રૂપિયા મેળવ્યા બાદ રૂ. ૩૬ લાખની છેતરપિંડીના ગુનામાં હાઈકોર્ટની શરતોનો ભંગ કર્યા મામલે રાજકોટ સેશન્સ કોર્ટનો જામીન રદ કરવાના હુકમ સામે અપીલમાં સુપ્રીમ કોર્ટ સુધી જામીન રદનો હુકમ યથાવત રહ્યો છે.આ અંગેની હકીકત મુજબ, શહેરમાં જુના એરપોર્ટ પાસે રહેતા હિરેન મહેન્દ્રભાઈ શુકલ અને ગોવામાં બિઝનેસ કરતા સમૃદ્ધ ભટ્ટ નજીકમાં રહેતા હોવાને કારણે મિત્રતા હોવાના સંબંધે ગોવામાં હોટલ બિઝનેસમાં રોકાણથી સારા વળતર માટે લલચાવી હિરેન શુકલ પાસેથી સમૃદ્ધ ભટ્ટે લાખો રૂપિયા મેળવ્યા હતા, તે પૈકી બાદમાં બાકી રહેતા રૂ. ૩૬ લાખની વારંવારની માગણી છતાં નાણાં નહીં ચૂકવતા હિરેન શુકલે ગાંધીગ્રામ પો.સ્ટે.માં સમૃધ્ધ ભટ્ટ સામે છેતરપિંડી ફરિયાદ કરી હતી. સમૃધ્ધ ભટ્ટની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન નામંજૂર થતા તેણે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરેલ, તે દરમ્યાન ગાંધીગ્રામ પોલીસે ગોવાથી ઝડપી લીધો હતો, સમૃદ્ધ ભટ્ટની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. ચાર્જશીટ બાદ હાઈકોર્ટે સમૃધ્ધ ભટ્ટના શરતી જામીન મંજુર કર્યા હતા. તેમાં હાઈકોર્ટની શરત મુજબ સમૃધ્ધ ભટ્ટે તાત્કાલીક રૂા.૧૦ લાખ ચુકવી દીધા હતા, પાંચ માસના સમયગાળામાં ચૂકવવાના થતા રૂા. ૨૬ લાખ હાઈકોર્ટે બીજી વખત પાંચ માસની મુદત આપવા છતાં ચૂકવ્યા ન હતા. આથી હિરેનભાઈ શુકલની હાઈકોર્ટના શરત ભંગની અરજીથી સેશન્સ કોર્ટમાં કરેલી દલીલો મંજુર રાખી જજ જે.આર. શાહે સમૃદ્ધ ભટ્ટના જામીન રદ કરી આરોપી સમૃધ્ધ ભટને જેલ હવાલે કરવાનો હુકમ કરેલ,બાદ આરોપી સમૃધ્ધ ભટ્ટે હાઈકોર્ટમાં અપીલ કરેલ અપીલ નામંજુર થતા છેવટે સમૃધ્ધ ભટે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવેલા જેમાં પણ તેને નિષ્ફળતા મળેલ છે અને એક મહીનાની અંદર મુળ ફરીયાદીને તેની રકમ ચુકવવાનો સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં મુળ ફરીયાદી તરફે રાજકોટના જાણીતા વકીલ પિયુષ જે. કારીયા, પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા, મોહિત લિંબાસીયા, ગૌરવ ચૌહાણ, પિયુષ કંડોળીયા રોકાયા છે.

# રામામંડળમાં 'માતા સગુણા'નું પાત્ર ભજવતા યુવાનને માર મારી લૂંટ

## બુલેટમાં આવેલી લૂંટારૂ બેલડી ભાવેશ પાસેથી રૂ.3000ની રોકડ અને ફોન ઝૂંટવી રફુચક્કર

**અબતક રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર વધુ એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. નાગલપર ગામે રહેતા ૨૪ વર્ષીય યુવાન પર રાત્રિના સમયે અજાણ્યા શખ્સોએ હુમલો કરી લૂંટ ચલાવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ હુમલામાં યુવાનને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, નાગલપર ગામે રહેતા ભાવેશભાઈ રાજાભાઈ ધરજીયા (ઉં ૨૪) રાત્રિના આશરે નવેક વાગ્યાના અરસામાં કુવાડવા નજીક આવેલા ભગીરથ પેટ્રોલ પંપ પાસે હાજર હતા. તે દરમિયાન તેઓ રોડની સાઈડમાં આવેલી એક અવાવરું જગ્યાએ લઘુશંકા માટે ગયા હતા. આ સમયે અચાનક એક બુલેટ પર સવાર થઈને આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમને નિશાન બનાવ્યા હતા. હુમલાખોરોએ યુવાન પર પથ્થરો વડે નિર્મમ માર મારવાનું શરૂ કર્યું હતું. અચાનક થયેલા આ હુમલાથી ગભરાયેલા ભાવેશભાઈ કંઈ સમજે તે પહેલા જ લૂંટારુઓએ તેમની પાસેથી રોકડા રૂપિયા 3000 અને મોબાઈલ ફોન આંચકી લીધો હતો અને અંધારાનો લાભ ઉઠાવી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત ભાવેશભાઈ વિશે જાણવા મળ્યું છે કે તેઓ પરિવારમાં બે ભાઈ અને પાંચ બહેનોમાં સૌથી નાના છે અને રામામંડળમાં માતા સગુણાનું પાત્ર ભજવી લોકપ્રિય કલાકાર તરીકે સેવા આપે છે. એક સામાન્ય કલાકાર પર થયેલા આ હુમલાને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ લૂંટ અને હુમલાની જાણ થતા જ કુવાડવા પોલીસ કાફલો સક્રિય થયો છે. પોલીસે ભોગ બનનાર યુવાનની પૂછપરછ હાથ ધરી હુમલાખોરોનું વર્ણન મેળવ્યું છે અને આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીદારોની મદદથી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. હાલમાં પોલીસે ગુનો નોંધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી રોડ પર મકાન વેચાણની ઉઘરાણીના મામલે આધેડ પર હુમલો

## સવા તેર લાખના મકાનના બાકી નીકળતી રકમના હપ્તા લેવા બોલાવી માર માર્યો, સારવાર અર્થે સિવિલ ખસેડાયો

**અબતક રાજકોટ**

શહેરમાં મોરબી રોડ પર આવેલ સેટેલાઈટ ચોક પાસે મકાન વેચાણના બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી બાબતે આધેડ પર ધારદાર છરી વડે જીવલેણ હુમલો થયાની ઘટના પ્રકાશમાં આવી છે. મકાન ખરીદનાર શખ્સે હપ્તો આપવાના બહાને બોલાવી આધેડને પગ અને હાથના ભાગે છરીના આડેધડ ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોચાડવાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, મોરબી રોડ પર બ્રહ્માણી પાર્કમાં રહેતા અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા પ્રવીણભાઈ નરસિંહભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૬) એ આશરે બે વર્ષ પહેલાં પોતાનો ફલેટ જીજ્ઞેશ નારણભાઈ ગલચરને રૂ. ૧૩.૨૫ લાખમાં વેચ્યો હતો. જેમાંથી રૂ. ૧.૪૪ લાખ લેવાના બાકી હતા. જીજ્ઞેશ આ રકમ હપ્તેથી ચૂકવતો હતો. ગઈકાલે રાત્રે જયારે પ્રવીણભાઈ એક પ્રસંગમાં હતા, ત્યારે જીજ્ઞેશે ફોન કરી 'હપ્તાના પૈસા લઈ જાવ' તેમ કહી સેટેલાઈટ ચોક પાસે આવેલ ખોડીયાર પાન પાસે બોલાવ્યા હતા. પ્રવીણભાઈ ત્યાં પહોંચતા જીજ્ઞેશે રૂ. ૮૦૦૦ આપ્યા બાદ ઉશ્કેરાઈને ''હવે તને જોઈ લઈશ, આ હપ્તા પૂરા થાય પછી તને અહીં રહેવા નહીં દઉં'' કહી ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી દરમિયાન આરોપી જીજ્ઞેશે ઉશ્કેરાઈને પોતાના પેન્ટના નેફામાંથી તીક્ષ્ણ છરી કાઢી પ્રવીણભાઈ પર હુમલો કર્યો હતો. હુમલામાં ડાબા પગે ગોઠણ નીચે અને સાથળના ભાગે કુલ ૫ ઘા ઝીંક્યા હતા. બચાવ કરવા જતાં ડાબા હાથની કોણીએ પણ એક ગંભીર ઘા વાગ્યો હતો. લોહીલુહાણ હાલતમાં પ્રવીણભાઈને જોઈ આસપાસના લોકો એકઠા થઈ જતાં હુમલાખોર નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત આધેડને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પ્રવીણભાઈ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમને સંતાનમાં ત્રણ દીકરી એક દીકરો છે, પોતે ચાર ભાઈ એક બહેનમાં નાના છે. આ મામલે પ્રવીણભાઈએ હોસ્પિટલના બિછાનેથી જીજ્ઞેશ ગલચર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી સામે હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ, જાનથી મારી નાખવાની ધમકી અને હુમલાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દફનાવેલા બાળકના મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડાયો

## પાડોશી મહિલાએ 'ઘેટો' ચડાવવાની વિધિની ના પાડતા ખાર રાખી બાળકને પતાવી દીધાનો પિતાનો આક્ષેપ

**અબતક રાજકોટ**

સુરેન્દ્રનગર શહેરના પુનિતનગર વિસ્તારમાં ગત ૨ એપ્રિલના રોજ ૪ વર્ષના માસૂમ બાળક કાર્તિકનું પાડોશીના પાણીના ટાંકામાંથી મૃતદેહ મળી આવવાની ઘટનામાં નવો વણાંક આવ્યો છે. બાળકની દફનવિધિના ૧૫ દિવસ બાદ પિતાએ પાડોશી મહિલા પર હત્યાનો ગંભીર આક્ષેપ કરતા પોલીસે મેજિસ્ટ્રેટ અને એફએસએલની હાજરીમાં મૃતદેહ બહાર કાઢી તપાસ તેજ કરી છે.મૃતક કાર્તિકના પિતા ફારૂકભાઈ નાયકે આક્ષેપ કર્યો છે કે, પાડોશમાં રહેતા રહેનાબેન રફીકભાઈ દાણા જોવાનું કામ કરે છે. તેણીએ અગાઉ દીકરાના જન્મ બદલ 'ઘેટો' ચડાવવાની વિધિ કરવાનું કહ્યું હતું, જેની મેં ના પાડી હતી. આ અદાવતમાં મહિલાએ ધમકી આપી હતી અને ત્યારબાદ કાર્તિક ગુમ થયો હતો. શોધખોળ દરમિયાન તે મહિલાના ઘરના પાણીના ટાંકામાંથી કાર્તિકની લાશ મળી આવતા પિતાએ તેને અંધશ્રદ્ધામાં થયેલી હત્યા ગણાવી છે. આરોપી મહિલાએ દીકરાને નુકસાન થવાની ધમકી આપી હતી. ઘટનાના દિવસે બાળકની શોધખોળ વખતે પણ મહિલાએ તેને પેપ્સી લેવા મોકલ્યો હોવાનું કહી ગુમરાહ કર્યાનો પિતાએ દાવો કર્યો છે.

પરિવારની શંકાના આધારે ધાંગધ્રા સીટી પોલીસે ડેપ્યુટી કલેક્ટર અને મામલતદારની હાજરીમાં કબ્રસ્તાનમાંથી બાળકની બોડી બહાર કઢાવી હતી. આ મામલે સત્ય જાણવા માટે મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. હાલ પોલીસે આરોપીને સકંજામાં લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# દંપતી વચ્ચેના વિવાદમાં તલ્લાકનું ડેક્લેરેશનનો કોર્ટનો હુકમ

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતા પતિ પત્ની વચ્ચેના વિવાદમાં તલ્લાકનું ડેક્લેરેશનનો ફેમિલી કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.આ કેસની હકીકત મુજબ અરજદાર અમીના ખાતુન અને રમીઝ ઈમાન શેખના નિકાહ તા.૬/૦૫/૨૦૧૯ ના રોજ વેસ્ટ બેંગાલ ખાતે થયા હતા. નિકાહ જીવનના થોડા સમયબાદ દંપતી વચ્ચે તકરાર થતા બંનેએ સ્વેચ્છાએ પોતાની પરસ્પર સંમતિથી મુસ્લિમ ધર્મ અનુસાર ઘરમેળે પરસ્પર સમજૂતીથી છુટાછેડા લેવાનું નક્કી કરી છુટ્ટાછેડા માટે તલ્લાક નામું સબ રજીસ્ટ્રાર સમક્ષ નોંધાવેલ, જે સબબ અદાલત મારફતે છુટ્ટાછેડાનો હુકમ મેળવવો જરૂરી હોય જેથી બને પક્ષકારોએ તા. ૧૪/૦૮/૨૦૨૪ ના રોજ નામદાર ફેમિલી કોર્ટમાં તલ્લાક નામાનું ડેક્લેરેશન મેળવવા માટે દાવો દાખલ કર્યો હતો.આ સબબ સામાવાળા તરફે એડવોકેટ મિરલ એ. મહેતા દ્વારા ઊલટ- તપાસ કર્યા બાદ મિરલ મહેતા દ્વારા મુસ્લિમ કાયદાના સિધ્ધાત 'મુબારત' ને ધ્યાને રાખીને દલીલો કરેલ, જેથી કોર્ટમાં આ રીતે દાવો ચાલી જતા પ્રિન્સીપાલ ફેમિલી જજ ધર્મેન્દ્રસિંઘે આ દાવો મંજૂર કરી તલ્લાકના ડેક્લેરેશનનો હુકમ કર્યો છે. આ કામે સામાવાળા તરફે એડવોકેટ મિરલ.એ.મહેતા રોકાયા હતા.

# બોમ્બે હાઉસિંગ સોસાયટીમાં મકાનમાંથી રૂ.૮.૩૨ લાખની ચોરી

## અમદાવાદ સ્થાયી થયેલા યુવાનના બંધ મકાનને તસ્કરોએ ઘરણા અને રોકડનો કર્યો હાથ ફેરો: તસ્કરોના સગડ મેળવવા તપાસ

**અબતક, રાજકોટ**

મુળ રાજકોટના વતની અને હાલ અમદાવાદ રહી ગાંધીનગર ગીફ્ટ સીટીમાં નોકરી કરતાં યુવાનના યુનિવર્સિટી રોડ બોમ્બે હાઉસીંગ સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અહીંથી રૂ.સાત લાખના દાગીના અને રોકડ સહિત રૂ.૮.૩૨ લાખની મત્તા તસ્કરો ઉસેડી ગયા હતાં. જે અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ચોરીના આ બનાવ અંગે બોમ્બે હાઉસીંગ સોસાયટી નવદુર્ગા હોલની પાસે જી. કે. ધોળકીયા સ્કૂલના સામે શેરી નં. ૧/૫૫ના ખુણે મકાન ધરાવનાર અને હાલ અમદાવાદ આરાધના સોસાયટી બોપલમાં રહેતા વિશ્વરાજસિંહ યોગેન્દ્રસિંહ રાણાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં મકાનમાંથી રૂ.૮.૩૨ લાખની ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવી છે. ગાંધીનગરમાં ગીફ્ટસીટી ખાતે ટાવર-૧માં જોબ કરે છે. અને પત્ની, માતા તેમની સાથે રહે છે. દરમિયાન ૧૬મીએ ગુરૂવારે ફરીથી તે રાજકોટ ઘરે આવ્યો ત્યારે રાતે નવેક વાગ્યા હતાં. ડેલીએ તાળુ લગાવેલુ હતું. ચાવીથી ખોલ્યું હતું અને અંદર જતાં મેઈન દરવાજા પાસે બે ડોર હોઈ તેમાંથી પ્રથમ સેફટી ડોરનો પરદો હટાવતાં તેનું તાળુ જોવા મળ્યું નહોતું અને નકુચો તૂટેલી હાલતમાં હતો. સેફટી દરવાજો બહારની તરફ ખુલતો હોઈ જે ખોલીને બીજો મેઈન દરવાજો જોતાંતેનો આંકડીયો પણ તૂટેલો દેખાયો હતો અને લોક પણ તૂટેલુ હતું. એ પછી ઘરમાં જઈ તપાસ કરતાં કબાટના ખાનાઓ ખુલ્લા અને બધો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તપાસ કરતાં એક કબાટમાં રાખેલી ચાંદીની ટ્રે જે એક કિલો વજનની હતી તે ગાયબ હતી. બીજા માળે જોતાં મંદિર અને પૂજારૂમનો કબાટ ખુલ્લો જોવા મળ્યો હતો. તેમાં પણ બધુ વેરવિખેર હતું. એક રૂમનું તાળુ મારેલું હતુ તે પણ તોડી નખાયુ હતું. માતાના લોખંડના કબાટને પણ તોડી નખાયો હતો. તેના બે લોકર પણ તૂટેલા હતાં. જેમાં ચેક કરતાં ચાંદીનો ગરબો દોઢ કીલોવજનનો, ચાંદીનો કળશ આઠ સો ગ્રામ વજનનો, ચાંદીની મ્યાન ધરાવતી તલવાર આશરે બે કિલો વજનની અને ચાંદીનું મ્યાન ચાંદીની મુઠ ધરાવતી એક કટાર આશરે ૮૦૦ ગ્રામની ગાયબ હતાં.

આ ઉપરાંત તસ્કરો ચાંદીના ૩૦૦ ગ્રામ વજનના ૬ ગ્લાસ, રાણી છાપ ચાંદીના ૨૦ નંગ સિક્કાક આશરે ૧૦૦ ગ્રામના, ચાંદીના દિવા ૪ નંગ આશરે ૨૦૦ ગ્રામના, ચાંદીની સોપારી ૪ નંગ આશરે ૨૦૦ ગ્રામ, ચાંદીની નોટ ૪ નંગ આશરે ૧૦ ગ્રામની, ચાંદીની કંકાવટી ૧૫૦ ગ્રામની, ચાંદીની રાધાકૃષ્ણની મુર્તિ આશરે ૫૦ ગ્રામ વજનની તેમજ ચાંદીનો સિક્કો, સોનાની બુટી બે નંગ આશરે પાંચ ગ્રામની, એક સોની કંપનીનો કેમેરો ૮ હજારનો, બે કાંડા ઘડીયાળ રૂા. ૧૦ હજારની, રેબેનના ચશ્મા ૪ નંગ રૂા. ૧૦ હજારના, તાંબાની ગોળી રૂા. ૨ હજારની, રોકડા રૂા. ૬૦ હજાર ગાયબ હતાં. તસ્કરો રૂા. ૭,૧૨,૦૦૦ના ૭૧ ૨૦ ગ્રામ ચાંદીના દાગીના, સોનાના ૩૦ હજારના દાગીના, ઘડીયાળ, ચશ્મા, તાંબાની ગોળી મળી કુલ રૂા. ૮,૩૨,૦૦૦ની માલમત્તા ચોરી ગયા હતાં.

ચોરીના આ બનાવને લઈ પીઆઈ સી. એન. દવેની રાહબરીમાં એએસઆઈ મુકેશભાઈ ચરમટાએ ગુનો નોંધતા ડી. સ્ટાફની ટીમે તપાસ શરૂ કરી છે. ડીસીપી રાકેશ દેસાઈનૈસુચના અંતર્ગત એલસીબી ઝોન - ૨ પીએસઆઈ આર.એચ. ઝાલા અને ટીમે પણ ભેદ ઉકેલવા તપાસમાં ઝંપલાવ્યું છે.

# ખાંભાની ભુંડણી નદીમાં માતાની નજર સામે બે પુત્રોનું ડૂબી જવાથી મોત

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભૂંડણી ગામે એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ભુંડણી નદીમાં ડૂબી જવાથી બે સગા ભાઈઓના મોત નિપજ્યા છે. માતાની નજર સામે જ બે પુત્રો પાણીમાં ગરકાવ થઈ જતાં મહીડા પરિવાર પર આભ ફાટ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, ભુંડણી ગામે રહેતા રુદ્ર નાજાભાઈ મહીડા (ઉં ૧૦) અને પાર્થ નાજાભાઈ મહીડા (ઉં ૮) ગઈકાલે તેમની માતા સાથે ગામની નદી કાંઠે ગયા હતા. માતા નદી કિનારે કપડા ધોવામાં વ્યસ્ત હતા ત્યારે બંને ભાઈઓ નજીકમાં રમી રહ્યા હતા. રમતા રમતા બંને બાળકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, બાળકોને ડૂબતા જોઈ માતાએ બૂમાબૂમ કરી હતી, માતાની ચીસાચીસ સાંભળી તાત્કાલિક નદીએ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ બંને ભાઈઓને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ મારફતે રાજુલાની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જોકે હોસ્પિટલના તબીબોએ તપાસ બાદ બંનેને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રુદ્ર અને પાર્થ આ પરિવારના માત્ર બે જ પુત્રો હતા. એકસાથે બે વ્હાલસોયા પુત્રોના મોતના સમાચાર મળતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા ખાંભા પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટનાની જાણ થતા રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ''આ ઘટના અત્યંત આઘાતજનક છે. મેં હોસ્પિટલ પ્રશાસન સાથે સતત સંપર્ક રાખ્યો હતો, પરંતુ કમનસીબે બાળકોને બચાવી શકાયા નથી. દુઃખની આ ઘડીમાં અમારી ટીમ પરિવારની સાથે છે.

# બેંક ઓફ ઈન્ડિયામાં ચોરીનો પ્રયાસ કરનાર તસ્કરને ત્રણ વર્ષની જેલ

## શાપર-વેરાવળ ઔદ્યોગિક સ્થિત બેંકમાંથી કેશ વોલ્ટ રૂમનો દરવાજો તોડવાનો પ્રયત્ન કર્યો

**અબતક,રાજકોટ**

શાપર-વેરાવળ ઔદ્યોગિક ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરનાર આરોપીને કોટડાસાંગાણી કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી આરોપીને ત્રણ વર્ષની સખત કેદ અને રૂપિયા ૫,૦૦૦ના દંડનો હુકમ કર્યો છે.ગત તારીખ ૭ જૂન ૨૦૨૪ના રોજ રાત્રિના સમયે શાપર- વેરાવળના ભૂમિ કોમ્પ્લેકસમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયાની બાન્ચમાં ચોરીનો પ્રયાસ થયો હતો. આરોપી ધર્મેશ સામતભાઈ રાઠોડ (રહે. શાપર સર્વોદય સોસાયટી, મૂળ ગામ-છાત્રોડા, જી. ગીર સોમનાથ) એ બેંકમાં પ્રવેશ કરી કટર મશીન વડે સીઆરએમ મશીન અને કેશ વોલ્ટ રૂમનો દરવાજો તોડવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, આ ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો અને ત્યારબાદ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગેનો કેસ કોટડાસાંગાણી કોર્ટમાં ચાલી જતાં, જજ આર. એફ. ત્રિવેદીએ બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લીધા હતા. કોર્ટે આરોપી ધર્મેશ રાઠોડને દોષિત જાહેર કર્યો હતો. કોર્ટે ગુનાની ગંભીરતા જોતા આરોપીને ૩ વર્ષની કેદ અને ૫,૦૦૦નો દંડ ફટકારતો સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**


**એક સ્ટીમ બોઈલર માટે સંપૂર્ણ વાર્ષિક જાળવણી કરાર (AMC)**

**ટેન્ડર સૂચના નંબર: M-2026-6R-ICAD Boiler તા. 10/04/2026 કામનું નામ:** સી એન્ડ ડબલ્યુ ડિપો, હાપા ખાતે (ICAD મેક) એક સ્ટીમ બોઈલર માટે 2 વર્ષ માટેનો સંપૂર્ણ વાર્ષિક જાળવણી કરાર **અંદાજીત કિંમત:** ₹ 7,97,440/- **અર્નેસ્ટ મની:** ₹ 16,000/- **ટેન્ડર સબમિશનની તારીખ અને સમય:** 01.05.2026 ના રોજ 15:00 વાગ્યા સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 01.05.2026 ના રોજ 15:30 વાગ્યે **કચેરીનું સરનામું (જ્યાંથી ટેન્ડર ફોર્મ મેળવી શકાય અને નોટિસ બોર્ડનું સ્થાન):** ડિવિઝનલ રેલવે મેનેજર (મેકેનિકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ વિભાગ, કોઠી કોમ્પાઉન્ડ, રાજકોટ – 360001 **વેબસાઈટ વિગત: www.ireps.gov.in**

RJT 001

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી



સ્વ. તુષારભાઈ
પ્રભુદાસભાઈ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧,
રવિવાર

આપનો અપાર સ્નેહ,
સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબીક ભાવના,
પરિવાર પ્રત્યેની અતૂટ ભાવના,
પરોપકારી ભાવના, ભકિતની સુવાસ એ કયારેય ભુલાશે નહીં,
આપના સદા હસમુખા ચહેરાને અમે કયારેય વિસરી શકીએ તેમ નથી.
એવા અમારા હૃદયસ્થ વડીલને સત-સત વંદન
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

RP આંગડીયા પરિવાર

ADMEDIA

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. તુષારભાઈ
પ્રભુદાસભાઈ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧,
રવિવાર

રડી પડે છે આંખો અમારી
જોઈ તસ્વીર તમારી...
વિદાય તમારી અણધારી હશે
કયાં ખબર હતી...
વિદાય તમારી સર્વેના કાળજા
કંપાવી ગઈ, મન હજુ માનતું નથી કે,
તમો અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

PM આંગડીયા પરિવાર

ADMEDIA

તંત્રી લેખ

# મહિલાઓને ક્યાં સુધી હક્કથી વંચીત રાખીશું

લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાના મહત્વપૂર્ણ બિલને લોકસભામાં બે તૃતિઆંશ બહુમતી ન મળતાના કારણે નામંજૂર થયું છે. આ બિલથી પોતાના રાજકીય ઈરાદા પૂરા નહી થાય તેવું જોખમ દેખાવા લાગતા રાજકિય પક્ષો વધુ એક વખત મહિલાઓને પોતાના હક્કથી વંચિત રાખવામાં સફળ રહ્યા છે. આજે મહિલાઓએ આકાશ પણ સર કરી લીધું છે. પરંતુ રાજનીતીમાં તેમની ભાગીદારી સામે હજી સવાલો ઉભા છે. બિલ ક્યાં કારણોસર નામંજૂર થયું તે વિચારવાનો સમય નથી જ્યારે આવુ મહત્વપૂર્ણ બિલ દેશના રાજકિય ઈતિહાસમાં અમુલ પરિવર્તન લાવવા માટે લાવવામાં આવી રહ્યું હોય ત્યારે તમામ રાજકિય પક્ષોએ અગાઉ જ સર્વદળિય બેઠક યોજી બિલમાં જે ક્ષતિઓ દેખાતી હોય તેને દૂર કરવા માટેના સહિયારા પ્રયાસો કરવાની આવશ્યકતા હતી મહિલાઓ પણ રાજકારણમાં પોતાની શક્તિનો પરિચય કરાવી શકે તે માટે આ બિલ ખુબ જ જરૂરી હતી જ્યારે દેશમાં કુલ વસતીમાં અડધો અડધ મહત્વ ધરાવતી મહિલાઓને તેમના હક્ક આપવાની વાત આવે છે ત્યારે તમામના મોઢા મરડાય જાય છે.

આવુ થવા પાછળનું કારણ આપણી માનસિકતા છે હવે સબળા તરીકે ઉભરી રહેલી નારી શક્તિને આપડી માનસિકતા 'અબળા' રાખી રહી છે દેશના સર્વોચ્ચ પદે અર્થાત રાષ્ટ્રપતિ તરીકે એક મહિલા દ્રોપદી મુર્મૂ બિરાજમાન છે. ત્યારે લોકસભામાં મહિલા બિલ નામંજુર થવું ભારત જેવા વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્ર માટે શરમજનક બાબત છે. આજે કરોડો ભારતીયોના માથા શરમથી ઝૂકી ગયા છે 'માં શક્તિ'નું સ્વરૂપ એવી મહિલાઓને તેઓના હક્કથી વંચિત રાખવામાં આપણે જે લોકોને કિંમતી મત આપી સાંસદ બનાવ્યા છે તેવા લોકો જ નિમિત બન્યા છે. તમામ રાજકિય પક્ષોને પોતાની રાજનીતીની લીટી લાંબી કરવામાં જ રસ છે. કોઈને જનતાની ચિંતા નથી આજે દેશની જનતા રાજકિય પક્ષોને સવાલ કરી રહી છે કે મહિલાઓને ક્યાં સુધી તેમના હકથી વંચીત રાખવામાં આવશે. જો મહિલાઓનો સમય રહેતા તેમના હક્ક નહીં આપવામાં આવે તો નારી શક્તિમાં એટલી તાકાત છે કે પોતાના હક્ક આંચકી લેશે. ક્યા કારણોસર બિલ ના મંજુર થયું તેની ચર્ચા અસ્થાને છે. આ બિલ સર્વાનુમતે પસાર થાય તેવા પ્રયાસો પણ પક્ષેથી કરાયા ન હતાં શાસકપક્ષ પોતાના અહંકારમાં રહ્યો હતો. ત્યારે વિપક્ષને પોતાનો ગરાસ લૂંટાઈ જવાનો ડર લાગતા દેશના ઈતિહાસની સૌથી સુંદર ક્ષણ સર્જાવાની તક એક કાળા અધ્યાય તરીકે આલેખાયો.

[signature]

# ભાજપ અગ્રણી જીતુ મહેતાના નિવાસસ્થાને યોજાશે ભગવાન પરશુરામનું મહાપૂજન

## ભગવાન પરશુરામ જયંતિની સૌરાષ્ટ્રભરમાં ધામધૂમથી ઉજવણી થશે



**અબતક, રાજકોટ**

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને બ્રહ્મસમાજના ઈષ્ટદેવ ભગવાન પરશુરામજીની જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજના માર્ગદર્શક અને ભાજપના પીઢ અગ્રણી જીતુભાઈ મહેતા તથા ભરતભાઈ ઓઝાએ ગામેગામ અને નગરે-નગરે ધર્મનું પુનઃસ્થાપન થાય તેવા ઉમદા ભાવ સાથે જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવા અપીલ કરી છે. આ અંતર્ગત વહેલી સવારથી સોડસોપચાર પૂજન, યજ્ઞ, દીપમાળા, બટુક ભોજન અને શોભાયાત્રા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. રાજકોટમાં સાંજે ૫:૦૦ કલાકે પંચનાથ મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળશે, જે પરશુરામ ધામ ખાતે મહાઆરતી અને મહાપ્રસાદ સાથે સંપન્ન થશે. આ અવસરે પ્રદેશ ભાજપ મહામંત્રી અને રાજકોટના પ્રભારી અનિરુદ્ધભાઈ દવે ખાસ ઉપસ્થિત રહીને ભૂદેવોને શુભકામનાઓ પાઠવશે.

પરંપરાગત રીતે ઉજવાતા આ જન્મોત્સવ અંગે મીડિયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષીએ વિગત આપતા જણાવ્યું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૯ એપ્રિલને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રામનાથપરા સ્થિત ગાયત્રી મંદિર ખાતે જીતુભાઈ મહેતાના નિવાસસ્થાને ભગવાન પરશુરામજીનું સોડસોપચાર પૂજન-અર્ચન યોજાશે.

આ મંગલમય પ્રસંગે મહાઆરતી બાદ બ્રહ્મસમાજના શ્રેષ્ઠીઓ, વિવિધ સમાજના આગેવાનો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહી એકમેકને જન્મોત્સવની શુભેચ્છાઓ પાઠવશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ભૂદેવોમાં આ પવિત્ર પર્વને લઈને ભારે હર્ષોલ્લાસનો માહોલ વ્યાપેલો છે.

# દીવમાં સરકારી યોજનાઓના કામો ત્વરિત પુરા કરવા પ્રશાસક પ્રફુલ પટેલની વહીવટી તંત્રને તાકીદ

## કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રશાસકનો ઝંઝાવાતી પ્રવાસ: અધિકારીઓ સાથે બેઠકોનો દૌર



**અબતક, રાજકોટ**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ જિલ્લામાં ચાલી રહેલા વિકાસ કામો ની સમીક્ષા અને વિવિધ યોજનાઓ ના અમલ સંબંધી નિરીક્ષણ માટે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ અને લક્ષ્યદીપ ના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ દીવ જિલ્લાના પ્રવાસમાં હોય ત્યારે તેમને સરકારી યોજનાઓના કામો સમયસર પૂરા કરવા વહીવટી તંત્રને તાકીદ કરી છે.

પ્રશાસક પ્રફુલ પટેલે પ્રવાસ દરમિયાન દીવ ના વિવિધ વિસ્તારો એરપોર્ટ, નાગવા, મલાલા રોડ ,એજ્યુકેશન હબ ,બસ સ્ટેન્ડ, સાથે ધોઘલા અને નલિયા માંડવી વચ્ચે ના વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કરી સમગ્ર વિસ્તાર માં વિકાસની તકો અંગે મંથન કર્યું હતું

અત્રે ઉલ્લેખનીય છેકે નિરીક્ષણ દરમિયાન પ્રફુલ પટેલે તમામ વિકાસ કામો માં ગુણવત્તા સાથે સમયસર કામ પૂરું થાય તે માટે સંબંધિત વિભાગ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો ને તાકીદ કરી હતી .

સમયસર પરિયોજનાઓ પૂરી થાય તે માટે તેમણે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમણે જણાવ્યું હતું કે વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નહીં થાય, અને તમામ પરિયોજનાઓ નિશ્ચિત સમય સીમામાં પૂરી થવી જોઈએ.

દીવ ના વિવિધ વિકાસ કાર્યોના સ્થળો પર નિરીક્ષણ દરમિયાન પ્રશાસક સાથે સંઘ પ્રદેશના મુખ્ય અધિકારી, પદાધિકારીઓ અને સામાજિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સતત બેઠકોનો દોર ચલાવી તંત્રને સરકારી યોજનાઓ સમયસર પુરી કરવા ભાર મૂક્યો હતો.

# ગૌતમ સ્કૂલના સપ્તરંગ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્ટોલ ચલાવી હજારોનો કર્યો વેપાર

## ગૌતમ સ્કૂલના વાર્ષિક મહોત્સવમાં ૨૦૦વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડેલ અને વેપાર સ્ટોલને મળી અદભુત સફળતા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થાઓમાં ગણાતી ગૌતમ સ્કૂલ દ્વારા વાર્ષિક મહોત્સવ ''સપ્તરંગ ૨૦૨૬'' નું આયોજન કરવામાં આવ્યું હતું, બે દિવસના આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ બનાવવામાં આવેલા વિવિધ મોડલોને સ્ટોલ નું સંચાલન સુપેરે કર્યું હતું.

બે દિવસ ચાલેલા આ ઈવેન્ટમાં સવારે ૧૦થી ૫ સુધી બાળકો દ્વારા બનાવવામાં આવેલી વિવિધ મોડેલ આર્ટ ક્રાફ્ટનું પ્રદર્શન, સાથે સાથે ફૂડ ઝોનમાં પાણીપુરી ,ભેલપૂરી, ઢોસા, લચ્છી અને ફ્રુટ ડિશ જેવા સ્વાદિષ્ટ ખોરાકનો આનંદ પણ સૌને બાળકોએ કરાવ્યું હતું. ગૌતમ સ્કૂલના સંચાલક દિલીપભાઈ પંચોલીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા આયોજનમાં બાળકો દ્વારા કરવામાં આવેલા સ્ટોલ ના સંચાલન માં ૧૫૦૦૦ રૂપિયાનું વેપાર થયો હતો. બાળકોની મહેનત અને ટીમવર્ક ની સૌએ સરાહના કરી હતી. કાર્યક્રમનું ઉદઘાટન ટ્રસ્ટી અને પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ત્રણ વિભાગમાં પરફોર્મન્સની તક આપવામાં આવી હતી, જેમાં પોતાની પ્રતિભા સુંદર રીતે રજૂ કરી હતી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે શિક્ષકો, સંચાલકો, વાલીઓ એ મહત્વનો ફાળો આપ્યો હતો. વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ શીખવા, માણવા અને આગળ વધવા માટેનો એક ઉત્તમ અવસર બની ગયો હતો, આ કાર્યક્રમમાં ૧૦૦૦ જેટલા વાલીઓ એ પોતાના સંતાનોની ખૂબીઓ રૂબરૂ જોઈ હતી અને સફળ આયોજન બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતાં.


# પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર મિરાણીનો આજે જન્મદિવસ



રાજકોટના કર્મઠ રાજકીય અગ્રણી અને બહુશ્રુત એન્જિનિયર ધર્મેન્દ્રભાઈ મિરાણીનો જન્મદિવસ છે. શૈક્ષણિક રીતે સિવિલ એન્જિનિયરિંગ અને અર્બન પ્લાનિંગમાં નિષ્ણાંત હોવાની સાથે તેઓ પત્રકારત્વની પદવી પણ ધરાવે છે. છેલ્લા ૩૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકર તરીકે તેમણે વોર્ડ પ્રમુખ, કોર્પોરેટર અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય જેવી મહત્વની જવાબદારીઓ સંભાળી છે. વિશેષ કરીને રાજકોટ ભાજપ કાર્યાલય 'કમલમ'ના ડિઝાઈનિંગમાં તેમનું અમૂલ્ય ટેકનિકલ યોગદાન રહ્યું છે. રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા અને આર.એસ.એસ.ના શિક્ષિત સ્વયંસેવક એવા મિરાણીએ કારસેવાથી લઈને લોકસભા ચૂંટણીના આયોજન સુધીની તમામ જવાબદારીઓ હંમેશા વફાદારીપૂર્વક નિભાવી છે. આજે તેમના જન્મદિવસે પરિવાર, મિત્રવર્તુળ અને ભાજપના કાર્યકરો દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

### આનંદ મંગલ શ્વે. મૂર્તિ પૂજક જૈન સંઘ મધ્યે

# જીરાવલા પાર્શ્વનાથ જિનાલયના આંગણે ભૂમિપૂજન-શિલાન્યાસનો મહોત્સવ



**અબતક, રાજકોટ**

જીરાવલા પાર્શ્વનાથ જિનાલયની સામે આનંદ મંગલ શ્વે. મુર્તિ પુજક જૈન સંઘના અન્વયે વિરાટ ધર્મસંકુલના નિર્માણનો મંગલ પ્રારંભ થઈ રહયો છે. સંઘે વિશાળ ભૂમી સંપાદિત કરી છે. પૂજ્ય ગુરૂદેવ આચાર્ય યશોવિજય સૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા - આશીર્વાદ અને માર્ગદર્શનથી સંઘ આ ધર્મ સંકુલ ઉભું કરવા જઈ રહ્યો છે. પાંચ માળ નું આ ધર્મસંકુલ વિવિધ પ્રકલ્પો ને એક સાથે પોતાનામાં સમાવી લે છે જેમકે આયંબિલ શાળાલ ભોજનશાળા, શ્રાવક ઉપાશ્રય, શ્રાવિકા ઉપાશ્રય, પાઠશાળા, પરબ, શ્રી સંઘ પેઢી, વ્યાખ્યાન હોલ બે માળનો, આદિ અનેક મહત્વના સ્થાનો આ સંકુલમાં નિર્માણ પામશે.

આ ધર્મ સંકુલના નિર્માણ નો મંગલ પ્રારંભ થવા જઈ રહયો છે ત્યારે આ તા. ૧૯ એપ્રિલ ના રોજ તેનુ ભૂમિપૂજન થવા જઈ રહયુ છે. પૂજ્ય ગુરૂદેવ આચાર્ય યશોવિજય સૂરીશ્વરજી મહારાજા ભગવંતની નિશ્રામાં ભૂમિ પૂજન, ભૂમિ ખનન, ભૂમિ ગ્રહણ, આદિની મંગલ વિધિ વિવિધ લાભાર્થીઓ ધ્વારા કરવામાં આવશે. છેલ્લા એક અઠવાડીયાથી આચાર્ય ભગવંત ના અલગ-અલગ એપાર્ટમેન્ટમાં પૂજ્યના પ્રવચનો ચાલી રહયા છે, અને સંઘમાં ખૂબ સુંદર ઉત્સાહનો માહોલ જામ્યો છે. ૧૯ એપ્રિલ ૨૦૨૬, રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન આ ધર્મસંકુલ ને લગતા વિવિધ આદેશોની ઉછામણી બોલાવવામાં આવશે પૂજ્ય ગુરૂદેવ આચાર્ય યશોવિજય સૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રા આ શુભ પ્રસંગે સાંપડી છે. તથા આ પ્રસંગે સુપ્રસિધ્ધ લોક કલાકાર મેહુલભાઈ રૂપડા પણ જાલના (મહારાષ્ટ્ર) થી પધારી રહ્યા છે. આ કાર્યક્રમ ને લઈને સંઘ માં ખુબ જ ઉત્સાહ જોવા મળી રહયો છે. ૧૯ એપ્રિલ, રવિવાર સવારે ૯ કલાકે કવિ અમૃત ઘાયલ હોલ મધ્યે વિવિધ આદેશોની ઉછામણી નો રંગારંગ કાર્યક્રમ યોજાશે. ૧૦૮ શિલાના લાભાર્થી ઓ ધ્વારા ૨૫ એપ્રિલ ના રોજ શિલાપૂજન તથા ૨૬ એપ્રિલ ના રોજ શિલા સ્થાપનનો મંગલ વિધિ થશે. અનેક ભાવીકો આ યોજનાઓમાં ઉલ્લાસભેર જોડાયા છે. આ સંપૂર્ણ મહોત્સવ ને સાકાર કરવા શ્રી આનંદ મંગલ શ્વે. મૂર્તિ પૂજક જૈન સંઘના હોદ્દેદારો તથા ટ્રસ્ટીમંડળ, યુવક મંડળ, શ્રાવક-શ્રાવિકાઓ ખૂબ જ ઉલ્લાસ થી જહેમત ઉઠાવી રહ્યા છે.

# સાળંગપુરમાં શ્રીકષ્ટભંજનદાદાને મોગરાના પૂષ્પોનો દિવ્ય શણગાર




**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ સાળંગપુરધામ ખાતે શનિવારના પવિત્ર દિવસે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દરબારમાં શ્રદ્ધા અને ભક્તિનો સંગમ જોવા મળ્યો હતો. ઉનાળાની આ ઋતુમાં દાદાને શીતળતા બક્ષતા મોગરાના પુષ્પોનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા તથા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને મોગરાના ફૂલોના અત્યંત કલાત્મક વાઘા ધરાવવામાં આવ્યા હતા. સમગ્ર સિંહાસનને મોગરા અને ગુલાબના સુગંધિત પુષ્પોથી સુશોભિત કરી મનમોહક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા શણગાર આરતી ઉતારવામાં આવી હતી. કેરીઓનો અન્નકૂટ દાદાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

# અમૃતસરમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત સપ્તાહનો સોમવારથી પ્રારંભ

## શ્રી સદભુજ મહાપ્રભુજીના દસમાં પાટોત્સવ ને યાદગાર બનાવવા શ્રીમદ્ ભાગવત સપ્તાહ થી વૈષ્ણવોમાં આનંદ ઉત્સવ



**અબતક, રાજકોટ**

વિશ્વ પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા ના શ્રી મુખે સપ્ત દિવસીય શ્રીમદ ભાગવત કથાનો પંજાબના અમૃતસરમાં આયોજન કરવામાં આવ્યું છે.

અમૃતસરના સુપ્રસિદ્ધ શ્રી સદભુજ મહાપ્રભુ ના ૧૦ માં પાટોત્સવ નિમિત્તે વિમન માધવ ગોળીય વૈષ્ણવ પીઠ ટ્રસ્ટના ઉપક્રમે શ્રીમદ માધવ ગુડેશ્વર આચાર્ય પુનરિક સ્વામી મહારાજના સાનિધ્યમાં ભાગવત કથા સપ્તાહ આયોજન કરવામાં આવ્યું છે ,તા ૨૦ થી ૨૬ એપ્રિલ દરમિયાન શ્રી સડ ભુજ ચેતન્ય મહાપ્રભુ મંદિર ગૌરાંગ ગૌશાળા હોટલ ફેસ્ટીલો ઈરા પાછળ વેરકા મજીઠા બાયપાસ અમૃતસર પંજાબ ખાતે દરરોજ બપોરે ૪ થી સાંજે૭/૩૦સુધી યોજનારી કથામાં ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા કથા રસપાન કરાવશે આ ભાગવત કથા નો લાભ લેવા ભક્તોને અનુરોધ કરવામાં આવ્યું છે.

# કાલે હજારો ભૂદેવોની ઉપસ્થિતિમાં શોભાયાત્રામાં ફરસી રાસ કરશે જમાવટ

## પરશુરામ જન્મોત્સવની ઉજવણીમાં જોડાવવા અપીલ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા ભક્તિ, પરંપરા અને ઉત્સાહના સંગમ સમાન ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૯ એપ્રિલના રોજ નીકળનારી આ શોભાયાત્રા પંચનાથ મહાદેવ મંદિરથી પ્રારંભ થશે અને શહેરના મુખ્ય માર્ગો જેવા કે લિમડા ચોક, ત્રિકોણ બાગ, યાજ્ઞિક રોડ, રેસકોર્સ અને રૈયા રોડ પરથી પસાર થઈને રૈયા ગામ સ્થિત પરશુરામ ધામ સુધી પહોંચશે. આ આસ્થાના મહાપર્વમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભૂદેવો જોડાવાની સંભાવના છે, જે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવશે.

આ શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ ભગવાન પરશુરામજીનો ભવ્ય રથ રહેશે, જે શ્રદ્ધાળુઓ માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર બનશે. યાત્રા દરમિયાન બ્રાહ્મણ સમાજ માટે બલિદાન આપનાર મહાન વિભૂતિઓના ચિત્રો અને વેદ-પુરાણોની ઝલક રજૂ કરવામાં આવશે, જે નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ અને ગૌરવશાળી ઈતિહાસથી માહિતગાર કરશે. આ ઉપરાંત, પરંપરાગત ફરસી રાસ અને વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે ડીજેના તાલ પર ભૂદેવો, માતાઓ અને બહેનો ભકિતમાં લીન થઈ ઉત્સાહપૂર્વક ઝૂમતા જોવા મળશે.

શોભાયાત્રાનું મંગલ સમાપન પરશુરામ ધામ ખાતે થશે, જ્યાં ભગવાનની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આરતી બાદ તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ આયોજન માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક જ નથી, પરંતુ સમાજમાં એકતા સ્થાપિત કરવા અને આપણી પ્રાચીન પરંપરાઓને જીવંત રાખવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. આયોજક સમિતિ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ શોભાયાત્રામાં જોડાઈને ધર્મ અનેસંસ્કૃતિના આ મહાકુંભનો ભાગ બનવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# સાથી હાથ બાઢાના: જેઠવા પરિવારના આધારસ્થંભ સંજયભાઈને તત્કાલ આર્થિક તબીબી સહાયની જરૂર

## અમદાવાદમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર ચાલી રહી છે

**અબતક, રાજકોટ**

રાજકોટના મોચી સમાજના જેઠવા પરિવારના આધારસ્થંભ સંજયભાઈ લક્ષ્મણભાઈ જેઠવા કીડનીની ગંભીર બિમારીમાંથી પસાર થઈ રહ્યા છે. અમદાવાદમાં કિડની ટ્રાન્સ્પ્લેન્ટની સારવાર સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે ચાલુ હોય, પરિવારને આર્થિક સહાય માટે સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓને અપીલ કરવામાં આવી છે.

કિડની ટ્રાન્સ્પ્લાન્ટ માટેનો સંપૂર્ણ ખર્ચ ૧૦થી ૧૨ લાખનો થાય તેમ છે. પત્ની મોનિકાબેન અને નાની પુત્રી સહિતની જવાબદારી વચ્ચે તેઓને કિડની ફેઈલનું નિદાન થયું હતું. તત્કાલ ટ્રાન્સ્પ્લાન્ટની સલાહથી સારવાર શરૂ કરી દેવાઈ છે.

દાતાઓનો સહયોગ મળી રહ્યો છે. પરંતુ હજુ વધુ મદદની જરૂર છે. આથી જેઠવા પરિવારે દરેક સમાજના આગેવાનો અને દાતાઓને આ પરિવારના યુવાન આધારસ્થંભને સ્વસ્થ કરવામાં મદદ કરવા વિનંતી કરી છે. જે કોઈ પણ દાતા કે સંસ્થા મદદ કરવા ઈચ્છતા હોય તેઓ નીચે મુજબની બેંક વિગતો અથવા સંપર્ક નંબર પર સહાય મોકલી શકે છે.

જેઠવા સંજય લક્ષ્મણભાઈ, એક્સીસ બેંક, એકાઉન્ટ નંબર: ૯૨૨૦૧ ૦૦૫૩૪૫ ૯૬૫૭, આઈએફએસસી કોડ યુટીઆઈબી૦૦૦૦૮૦૯, યુપીઆઈ આઈડી: ૮૧૨૮૦૦ ૭૪૪૪એએક્સ૧, સંપર્ક નંબર: ૯૮૨૪૫ ૪૯૬૭૮ છે.

# ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમની સરવાણી

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૨૦/૪/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે સ્વર દરબાર સૂર મંદિર દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૧/૪/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરમંદિર સંગીત એકેડમી દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૨/૪/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ખુશાલ શાંતિલાલ વાઘેલા દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૩/૪/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે રાધે મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૪/૪/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે એ.વી. મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૫/૪/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે યારાના મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથાતા. ૨૬/૪/૨૬ને રવિવારનાં રોજ ૫:૩૦ કલાકે દિલસુંદર ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, નરેન્દ્રભાઈ વ્યાસ, ઘનશ્યામભાઈ રાવલ, માતા લક્ષ્મીબેન શાંતિલાલ વાઘેલા ટ્રસ્ટ, પ્રફુલભાઈ સોનેજી, વણાક અસગરઅલી મુ. ઈસ્માઈલજી, દિનેશકુમાર ધમલ તેમજ દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ૧૦ જેટલા વોર્ડમાં ભાજપ-કોંગ્રેસને ક્રોસ વોટીંગની ભીતી

## વોર્ડ નં. ૨, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૭માં ક્રોસ વોટીંગ થવાની સંભાવના : કોંગ્રેસના ગઢ એવા વોર્ડ નં. ૧૫માં પણ આ વખતે પેનલ સામે ખતરો

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત યોજાઈ રહેલી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસને હાલ ૧૦ જેટલા વોર્ડમાં ક્રોસ વોટિંગનો ભય દેખાઈ રહ્યો છે. ક્રોસ વોટિંગના ભયથી સત્તાધારી પક્ષ ભાજપ ધ્રુજી રહ્યું છે. બીજી તરફ કોંગ્રેસના એક માત્ર ગઢ ગણાતા વોર્ડ નં. ૧૫માં પણ આ વખતે પેનલ તુટી રહ્યા હોવાનું અત્યારથી જ કોંગ્રેસને દેખાઈ રહ્યું છે. પાટીદાર સમાજની મિશ્ર વસ્તી એટલે કે, જ્યાં કડવા પટેલ અને લેઉવા પટેલની વસ્તી છે તેવા વોર્ડમાં વધુ ક્રોસ વોટિંગ થવાનો ખતરો છે. બીજી તરફ કેટલાક દિવસથી ખુદ ભાજપના ઉમેદવારોએ પોતાના એકલાના ફોટા સાથેની ફ્રેમ બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાનું શરૂ કર્યુ છે. જેમાં વોર્ડના ચારેય ઉમેદવારોને મત આપવાની અપીલ કરવાના બદલે અને પોતાને વિજેતા બનાવવા માટે અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

ક્રોસ વોટિંગ ગમે તે રાજકીય પક્ષ માટે હંમેશા ખતરનાક રહેતું હોય છે. અગાઉ વોર્ડ નં. ૨, ૪, ૧૩, ૧૭, ૧૬ સહિતના કેટલાક વોર્ડ ક્રોસ વોટિંગ માટે જાણીતા બન્યા છે. જેમાં કોઈ એક પક્ષની આખી પેનલ જીતવાના બદલે બે કે તેથી વધુ પક્ષના ઉમેદવારોને પોતાના વોર્ડમાંથી નગર સેવક કે નગર સેવિકા બનવાની તક મતદારો દ્વારા આપવામાં આવતી હોય છે.

### ક્રોસ વોટિંગનો ખતરો ટળશે નહીં તો કેટલાક વોર્ડમાં પેનલ તુટવાનો પણ ભય

આ વખતે ક્રોસ વોટિંગની સંભાવના એટલા માટે વધી જવા પામી છે કે, ઓબીસી અનામતના કારણે વોર્ડમાં ટિકિટ ફાળવણીના સમીકરણો જળમુળથી બદલાઈ ગયા છે. વધુ વસ્તી હોવા છતાં અનામતના કારણે તે જ્ઞાતિના ઉમેદવારના ટિકિટ આપી શકાય નથી. જેના કારણે હવે મતદારો પોતાના સમાજના ઉમેદવારને ધ્યાનમાં રાખી મતદાન કરશે તો શહેરના ૧૦ જેટલા વોર્ડમાં પેનલો તુટવાનો ભય દેખાઈ રહ્યો છે. પાટિદાર સમાજની વસ્તી વધુ હોય તેવા વોર્ડમાં ક્રોસ વોટિંગનો ભય હાલ વધુ દેખાઈ રહ્યો છે. વોર્ડ નં. ૨, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૭માં ક્રોસ વોટિંગની ભીતીથી બન્ને પક્ષો થર થર ધ્રુજી રહ્યા છે. વર્ષ ૨૦૧૫માં યોજાયેલી કોર્પોરેશનની ચૂંટણીમાં વોર્ડ નં. ૧૭માં એટલા મોટા પ્રમાણમાં ક્રોસ વોટિંગ થયું હતું કે, વોર્ડની ૪ બેઠકો પર ત્રણ મહિલા ઉમેદવારો વિજેતા બની હતી. વોર્ડ નં. ૧૦ જે વર્ષોથી ભાજપનો અડીખમ ગઢ મનાઈ રહ્યો છે કોંગ્રેસના શાસનમાં પણ આ વોર્ડ ભાજપ જાળવી રાખવામાં સફળ રહ્યું હતું. પરંતુ ૨૦૧૫માં વોર્ડ નં. ૧૦માં ભયંકર ક્રોસ વોટિંગના કારણે પેનલ તુટી હતી. આ વખતે પણ કેટલાક વોર્ડમાં આખી પેનલ વિજેતા બનવાના બદલે પેનલ તુટવાનો ભય વધુ દેખાઈ રહ્યો છે. વોર્ડ નં. ૧૫ જે વર્ષોથી કોંગ્રેસનો ગઢ છે આ વોર્ડમાં આ વખતે બે બેઠકો ઓબીસી કેટેગરી માટે અનામત છે. બીજી તરફ વોર્ડમાં છેલ્લા ૨૦ વર્ષથી ચૂંટાઈ આવતા સોરાણી પરિવારને કોંગ્રેસે ટિકિટ નથી આપી જેના કારણે આ વોર્ડમાં કોળી સમાજ કોંગ્રેસથી નારાજ છે. અને મોટા પાયે ક્રોસ વોટિંગ કરે તેવું લાગી રહ્યું છે. જો કે, પક્ષે સોરાણી પરિવારના બદલે કોળી સમાજના અન્ય પરિવારને ટિકિટ તો આપી છે હવે એ જોવાનું રહે છે કે, સમાજના લોકો નવા ઉમેદવારને સ્વીકારશે કે પક્ષને સોરાણી પરિવારને કાપવાનું મોંઘુ પડશે. તે ૨૮મી એપ્રિલે ખબર પડશે. હાલની સ્થિતિ જોતા એવું લાગી રહ્યુ છે કે, ઓછામાં ઓછા ૧૦ વોર્ડમાં ક્રોસ વોટિંગ થશે. ક્રોસ વોટિંગના કારણે વોર્ડની આખી પેનલો તુટે છે કે પછી વિજેતા બનેલાઓ વચ્ચે હાર-જીતની લીડનુ અંતર ખુબ મોટુ રહે છે. ડેમેજ કન્ટ્રોલ માટે બન્ને પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. પરંતુ મતદારો પોતાનું મન કળવા દેતા નથી.

# સાંસદ રામભાઈ મોકરીયાએ મથુરાના સાંસદ અને અભિનેત્રી હેમા માલિનીની લીધી મુલાકાત

## કલા અને લોકસેવા પર વૈચારિક આદાન-પ્રદાનઃ સાંસદ રામભાઈએ હેમા માલિનીના ઉષ્માભર્યા સ્વાગત બદલ આભાર વ્યક્ત કર્યો



**અબતક, રાજકોટ**

દિલ્હીમાં સંસદના સત્રની વ્યસ્તતા વચ્ચે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ ભારતીય સિનેમાની દિગ્ગજ અભિનેત્રી અને મથુરાના સાંસદ હેમા માલિનીજીના નિવાસસ્થાને જઈ તેમની સપરિવાર મુલાકાત લીધી હતી. આ એક આનંદદાયક અવસર હતો જ્યાં બંને નેતાઓ વચ્ચે ખૂબ જ ઉષ્માભર્યા વાતાવરણમાં મુલાકાત યોજાઈ હતી. હેમાજીના નિવાસસ્થાને મળેલા સ્નેહ અને ભાવપૂર્ણ આતિથ્ય બદલ રામભાઈએ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ મુલાકાત દરમિયાન હેમા માલિનીજીની સાદગી અને તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ સાથે વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચાઓ થઈ હતી. ખાસ કરીને ભારતીય કલા, સમૃદ્ધ સંસ્કૃતિ અને લોકસેવાને લગતા મુદ્દાઓ પર થયેલી આ વાર્તાલાપ ખૂબ જ પ્રોત્સાહક રહી હતી. સંસદીય કાર્યકાળ દરમિયાન સામાજિક જવાબદારીઓ અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા અંગેના હેમાજીના વિચારોએ રામભાઈ મોકરીયાને પ્રભાવિત કર્યા હતા.

# કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં ૨ ટકાનો વધારોઃ કેબિનેટ બેઠકમાં નિર્ણય

## આ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૬થી અમલી ગણાશેઃ ૪૯ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૭૦ લાખથી વધુ પેન્શનધારકોને લાભ મળશે

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ માટે રાહતના સમાચાર છે.આજે મળેલી કેબિનેટ બેઠકમાં મોંઘવારી ભથ્થા એટલે કે ડીએ ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો એવા સમયે આવ્યો છે જ્યારે કર્મચારી સંગઠનો દ્વારા ૮માં પગાર પંચની જોરશોરથી માંગ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો મંજૂર કરાયો છે.

આ નિર્ણયથી મોંઘવારી ભથ્થું મૂળ વેતનના ૫૮ ટકાથી વધીને હવે ૬૦ ટકા થઈ ગયું છે.

આ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૬થી અમલી માનવામાં આવશે. જેનો અર્થ એ છે કે કર્મચારીઓને એપ્રિલના પગારની સાથે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનાનું બાકી નીકળતું એરિયર પણ મળશે. છેલ્લા ત્રણ મહિનાથી આ જાહેરાતની રાહ જોઈ રહેલા કર્મચારીઓમાં આ સમાચારથી આનંદની લહેર ફેલાઈ ગઈ છે.


સરકારના આ નિર્ણયનો સીધો લાભ આશરે ૪૯ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૭૦ લાખથી વધુ પેન્શનધારકોને મળશે. વધતી જતી મોંઘવારી વચ્ચે આ ૨ ટકાનો વધારો કર્મચારીઓના ખિસ્સાને રાહત આપશે.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે કર્મચારી સંગઠનો પ્રસ્તાવિત ૮મા પગાર પંચ હેઠળ પગાર માળખામાં મોટા ફેરફારોની માંગ કરી રહ્યા છે. સરકારે ગયા વર્ષે નવેમ્બરમાં ૮મા પગાર પંચની રચના કરી હતી. આ પગાર પંચ કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર માળખા, ભથ્થાં અને પેન્શન અંગે સરકારને તેની ભલામણો સુપરત કરશે. પગાર પંચ ૧૮ મહિનાની અંદર આ ભલામણો આપવાની યોજના ધરાવે છે.

# કોટેચા ચોક નજીક વિદેશી દારૂ ભરેલી રીક્ષા ઝડપાઈ

## એસટી વર્કશોપ પાસેથી શરાબની ૯૬ સપના સાથે નાનજી રાખશિયાને માલવિયા નગર પોલીસે ઝડપી લીધો

## શરાબની ૨૪૦ બોટલ મળી રૂ.૨.૮૦ લાખના મુદ્દામાલ સાથે મેટોડાનો વિશાલ રાઠોડને પીસીબી ની ટીમે ઝડપી





**અબતક રાજકોટ**

કાલાવડ રોડ નજીક કોટેચા ચોક પાસે આવેલા ધ વ્હાઈટ ક્રો શો રૂમની સામેથી રિક્ષામાંથી વિદેશી દારૂની ૨૪૦ બોટલ મળી રૂ.૨.૮૦ લાખના મુદ્દામાલ સાથે , મેટોડા વિશાલ રાઠોડને પીસીબીની ટીમે ઝડપી લીધો છે. તેમજ અન્ય શખ્સની શોધખોળ હાથધરી છે. જ્યારે માલવીય નગર પોલીસે ગોંડલ રોડ પર આવેલા એસ.ટી વર્કશોપ નજીક આવેલા આંબેડકર નગરમાંથી શરાબની ૯૬ બોટલ સાથે નાનજી રાખસીયાનની ધરપકડ કરી છે.

પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા એ શહેરમાં દારૂ અને જુગાર સહિતની બદી ડામી દેવા આપેલી સૂચનાના પગલે, પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી એ દરમિયાન એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા ને બાતમી મળી હતી કે, કોટેચા ચોક તરફ જતા વ્હાઈટ ક્રો મ નજીક જી જે ૦૩ સી ટી ૪૬૨૭ નંબરની રિક્ષામાં દારૂની હેરાફેરી થઈ રહી છે. પીસીબી ની ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ જેવી રીક્ષા પસાર થતાં તેને અટકાવી તલાસી લેતા, રીક્ષામાંથી વિદેશી દારૂની ૨૪૦ બોટલ મળી આવતા, રીક્ષા અને શરાબને જથ્થો મળી રૂ.૨ .૮૦ મુદ્દા માલ સાથે મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ૨, શ્રીનાથજી સોસાયટીમાં રહેતો વિશાલ અરૂણભાઈ રાઠોડ નામના બુટલેગરની ધરપકડ કરી છે. પોલીસી વિશાલની દારૂ અંગે વિશેષ પૂછપરછ કરતા તેની સાથે મોટા માવામાં રહેતો અંકિત પરમાર પણ સંડોવાયો હોવાની છે. દરોડા ની કામગીરી પીસીબી ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર કે જાડેજા પી.બી ત્રાજિયા ,એએસઆઈ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ હેડ કોસ્ટેબલ હરદેવસિંહ રાણા અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ કાળોતરા સહિતના સ્ટાફે બજાવી છે.

જ્યારે નગર પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એટ કોન્સ્ટેબલ કૃણાલસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા ને બાતમી મળી હતી કે, ગોંડલ રોડ પર આવેલા એસ.ટી પાછળ આંબેડકર નગર શેરી નંબર ૦૧ નજીક રહેતો નાનજી બેચરભાઈ રાખસિયા નામનો બુટલેગર દારૂ લાવીને સગેવગે કરવાની કોશિશ કરી રહ્યો છે. માલીયા નગર પોલીસ ની ટીમ આંબેડકર નગર પહોંચી નાનજી રાખશ્યાને વિદેશી દારૂના ૯૬ ચકલા સાથે ઝડપી લીધો છે. દરોડાની કામગીરી માલવિયા નગર પીઆઈ જે.એમ કૈલા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે ડી મારુ, એ.એસ.આઈ કેતનભાઈ શેખલીયા, હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વીકમાં, કૃણાલ સિંહ ઝાલા અને કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા સહિતના સ્ટાફે બજાવી છે.

# ગોકુલધામ આવાસ ક્વાર્ટરમાં પ્રેમિકાના ઘરે યુવકનો આપઘાત

## પ્રેમિકાના અન્ય યુવક સાથેના સંબંધોથી હતાશ થઈ યુવાને ફાસો ખાઈ જિંદગી ટૂંકાવી, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટરમાં યુવાને પ્રેમિકાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણ અને ત્રિકોણીયા જંગને કારણે યુવાને આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. બનાવને લઈ પરિવારમાં શોક છવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સંતકબીર રોડ પર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા અશોક રમેશભાઈ પલાણ (ઉં.વ. ૩૮) નામના યુવાને આજે સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતી તેમની પ્રેમિકા રેશ્માબેન નામની મહિલાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે મૃતક અશોકના ૧૦ વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. છેલ્લા ૬ વર્ષથી તેને રેશ્માબેન સાથે પ્રેમસંબંધ હતો. રેશ્માબેનનના પણ છૂટાછેડા થઈ ગયા હતા, અને તેનું સલીમભાઈ નામના વ્યક્તિ સાથે પણ પ્રેમસંબંધ હોવાની અશોકને જાણ થઈ હતી. પ્રેમિકાના અન્ય વ્યક્તિ સાથેના સંબંધને કારણે અશોક માનસિક રીતે ભાંગી પડ્યો હતો. તેને ડર હતો કે આ પ્રેમ પ્રકરણમાં પોતે ફસાઈ જશે, જેની ગ્લાનિમાં તેણે આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક અશોક પલાણ તેના પરિવારમાં એક ભાઈ અને બે બહેનોમાં મોટો હતો. તે છૂટક મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. સંતાનમાં તેને એક દીકરો છે. ઘરના મોભી સમાન યુવાને આ રીતે જીવ ટૂંકાવતા પરિવારમાં ભારે કરુણાંતિકા છવાઈ ગઈ છે. હાલમાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ન્યુ જાગનાથની પરિણિતાને સાસરિયાનો સિતમ

## પરિણિતા બહાર જાય તો પતિને વીડિયો કોલથી જાણ કરવી પડતી:ગર્ભસ્થ શિશુના ધબકારા વધી જતા મોત, પતિએ ડીએનએ ટેસ્ટ પણ કરાવ્યો હતો


**અબતક રાજકોટ**

શહેરના ન્યુ જાગનાથમાં શિવ-કુબેર એપાર્ટમેન્ટમાં માવતરને રહેતી વિશાખાબેન નામની ૩૨ વર્ષની પરીણિતાએ પતિ, સાસુ, સસરા, નણંદ વિરુધ્ધ ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી હતી .આ અંગે મળતી માહિતી મુજબ ન્યુ જાગનાથમાં શિવ-કુબેર એપાર્ટમેન્ટમાં માવતર રહેતી વિશાખાબેન નામની મહિલા ઉંમર વર્ષ ૩૨ વર્ષીય પરણિતા ના લગ્નન એક વર્ષ જેટલો સમય થયો છે. જેમાંથી ચાર મહિના જ પતિ સાથે રહી છે. શરૂઆતનો એક મહિનો લગ્નજીવન સારી રીતે ચાલ્યું હતું. ત્યાર પછી પતિ સાથે / નાની-નાની વાતમાં ઝઘડા શરૂ થઈ ગયા હતા.

પતિ ઘર ખર્ચનાં પૈસા આપતો નહીં. દારૂ પી આવી ગાળો ભાંડતો હતો. ક્યાંય પણ એકલાં જવા દેતો નહીં. કપડાં બાબતે રોક-ટોક કરતો હતો. કંઈ પણ વસ્તુ લેવી હોય તો તેને પુછવું પડતું હતું. તેની માતા, ભાઈ અને કોઈ મિત્ર સાથે વાત કરવા દેતો નહીં.પરણિતા પોતે માતા કે ભાઈ સાથે બહાર જાય તો વીડિયો વીડિયો કોલ કોલ કરી કરી તેને તેને જાણ કરવાની રહેતી હતી. તે ગર્ભવતી હતી. બે મહિનાનો ગર્ભ હતો. આ બધામાં બાળકનાં ધબકારા વધી ગયા હતા. જે અંગે પતિને જાણ કરતાં તેણે વાત કરવાનો ઈન્કાર કર્યો હતો. જેને કારણે પતિ એર્બોશન વખતે હોસ્પિટલ આવ્યો હતો. બાદમાં પતિએ બાળકનું ડીએનએ ટેસ્ટ પણ કરાવ્યો હતો. સમાધાન શક્ય નહીં બનતા પરણિતા એ સાસરિયા પક્ષ ના લક્ષ્મીવાડી શેરી નં.૨. રહેતા પતિ નીરવ,સાસુ ભાવનાબેન,સસરા મુકેશ જમનાદાસ માધવાણી અને કોપર સિટી, વાંકાનેર સોસાયટી રહેતી નણંદ પૂનમબેન મયંકભાઈ ચગ વિરુદ્ધ મહિલા પોલીસમાં ત્રાસની ફરિયાદ નોંધાવી છે.

# વધુ બે રીઢા તસ્કરને પાસા હેઠળ સુરત, વડોદરા જેલમા ધકેલાયા

## પ્રદીપ પઢારીયા વિરૂધ્ધ ૨૩ ગુના અને જગો નિમાવત વિરુદ્ધ ૪ ગુનામા પોલીસ ચોપડે ચડી ચૂકયા



**અબતક રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંડલ ચોકડી પાસે રહેતો રીઢા તસ્કર પ્રદીપ કાળુ પઢારીયા અને કોઠારીયા સોલવન પાસે રહેતો જગદીશ ગુણવંત નિમાવત વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી વોરંટ બજવણીથી અટકાયત કરી આરોપીઓને સુરત જિલ્લા જેલ અને વડોદરા જિલ્લા જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યા હતા.વધુ વિગત મુજબ શહેર સ્થાનિક ચૂંટણીની આચાર સહિતાની કડક અમલવારી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાઈ અને ગુનાખોરી અટકાવવા શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા હિસ્ટ્રીશીટર,બુટલેગર, સહિત ગંભીર ગુના આરોપી વિરુદ્ધ પાસા હેઠળ ખાસ તૈયાર કરવા હુકમ કરતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંડલ ચોકડી પાસે રહેતો રીઢા તસ્કર પ્રદીપ કાળુ પઢારીયા ઉંમર વર્ષ ૨૪ વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૩ જેટલા ગુના ના ચોપડે ચડેલ અને કોઠારીયા સોલ્વન્ટ પાસે રહેતો જગદીશ ગુણવંત નિમાવત ઉમર વર્ષ ૨૬ વિરુધ ૪ ગુના નોંધાયેલ ગુના ધ્યાને લેતા બંને શખ્શો વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલતા પોલીસ કમિશનર દ્વારા મંજૂરીની મહોર મારતા બંને શખ્સોને વોરંટ ની બજવણી થી અટકાયત કરી ને સુરત જિલ્લા જેલ અને વડોદરા જિલ્લા જેલ ખાતે ધકેલી દેવાયા હતા.

આ કામગીરીમાં પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સીએચ જાદવ, પીએસઆઈ ડીપી ઝાલા, એ.એસ.આઈ ભરત વનાણી, ઘનશ્યામ મેણીયા, સહિતનાઓ રોકાયા હતા આચાર સહિતાની કડક અમલવારી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાઈ અને ગુનાખોરી અટકાવવા શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા હિસ્ટ્રીશીટર,બુટલેગર, સહિત ગંભીર ગુના આરોપી વિરુદ્ધ પાસા હેઠળ ખાસ તૈયાર કરવા હુકમ કરતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંડલ ચોકડી પાસે રહેતો રીઢા તસ્કર પ્રદીપ કાળુ પઢારીયા ઉંમર વર્ષ ૨૪ વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૩ જેટલા ગુના ના ચોપડે ચડેલ અને કોઠારીયા સોલ્વન્ટ પાસે રહેતો જગદીશ ગુણવંત નિમાવત ઉમર વર્ષ ૨૬ વિરુધ ૪ ગુના નોંધાયેલ ગુના ધ્યાને લેતા બંને શખ્શો વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલતા પોલીસ કમિશનર દ્વારા મંજૂરીની મહોર મારતા બંને શખ્સોને વોરંટ ની બજવણી થી અટકાયત કરી ને સુરત જિલ્લા જેલ અને વડોદરા જિલ્લા જેલ ખાતે ધકેલી દેવાયા હતા આ કામગીરીમાં પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સીએચ જાદવ, પીએસઆઈ ડીપી ઝાલા, એ.એસ.આઈ ભરત વનાણી, ઘનશ્યામ મેણીયા, સહિતનાઓ રોકાયા હતા

# શિક્ષિકાના અંગતપળોના ફોટો વાયરલ કર્યા આરોપી સામે વધુ એક ગુનો નોંધાયો

## પીડિતા ઓળખ છતી થતા અનેક શખ્સોએ પજવણી કરતા જીવવું મુશ્કેલ બન્યું , દુષ્કર્મના આરોપીના આગોતરા જામીન રદ

**અબતક રાજકોટ**

શહેરમાં રહેતી શિક્ષિકાનો પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી તેના પર દુષ્કર્મ કરનાર આરોપી વિરુધ્ધ ગુનો નોંધાતા હડકાયા બનેલા આરોપીએ શિક્ષિકા સાથેના અંગતપળોના ફોટા સહિતની બાબતો જાહેર કરી પીડીતા શિક્ષિકાની ઓળખ છતી કરી હતી. આ અંગે પોલીસે આરોપી સામે વધુ એક ગુનો નોધ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેર થોડા સમયે પહેલા દુષ્કર્મનો ભોગ બનનાર શિક્ષિકાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પૂર્વ વિદ્યાર્થી ધ્રૂવલ દેસાઈનું નામ આપ્યું હતું. શિક્ષિકાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ધ્રૂવલ પંકજ દેસાઈ તેનો વિદ્યાર્થી હતો અને અભ્યાસ પૂર્ણ થયાના ૧૦ વર્ષ બાદ ધ્રૂવલે શિક્ષિકાનો સંપર્ક કર્યો હતો. શિક્ષિકાને પ્રેમજાળમાંફસાવી લગ્નની લાલચ આપી બળજબરીથી શિક્ષિકા સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ ધ્રૂવલ દેસાઈએ અન્ય યુવતી સાથે લગ્ન કરતા શિક્ષિકાએ ધ્રૂવલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે ધ્રુવિલ એ દુષ્કર્મનો ભોગ બનનાર ના અંગતપળોના ફોટો, અર્ધનગ્ન ફોટો તેના બેંક એકાઉન્ડની વિગત સોશિયલ મીડિયામાં ફરતા કરી દુષ્કર્મની પીડિતા શિક્ષિકાની ઓળખ જાહેર કરી દીધી હતી.ઓળખ જગજાહેર થતાં શિક્ષિકા માટે સમાજમાં સ્વમાનભેર જીવવું મુશ્કેલ બન્યું હતું. શિક્ષિકાની તસવીરો અને તેના મોબાઈલ નંબર જાહેર થતાં અનેક શખ્સો દ્વારા શિક્ષિકાની પજવણી શરૂ થઈ હતી. અંતે આ બાબતે શિક્ષિકાએ ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસ ધ્રૂવલ દેસાઈ સામે દુષ્કર્મ પીડિતાની ઓળખ છતી કરવા અંગેનો ગુનો નોંધ્યો હતો.આરોપી પૂર્વ વિદ્યાર્થી ધ્રૂવલ દેસાઈ ફરાર થઈ ગયો હતો. ફરાર ધ્રૂવલે આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે આગોતરા જામીન નામંજૂર કર્યા હતા.

# શહેરમાં ક્રિકેટ સટોડીયા પર પોલીસની તવાઈ

## મયુરનગર, જુબેલીગાર્ડન અને એસ ટી વર્કશોપ નજીકથી ત્રણ પંટરોની ધરપકડ

**અબતક રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા મયુર નગર નજીક આર એમ સી ગાર્ડનના બાંકડે ઓનલાઈન કેટ સટ્ટો રમતો શખ્સને પીસીબી ની ટીમે, તેમજ જુબેલી ગાર્ડન નજીકથી એકને એ ડિવિઝન પોલીસે, અને એસટી વર્કશોપ પાછળ શખ્સને માલવિયા નગર પોલીસે ઝડપી લીધો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીસીબી ની ટીમ થોરાળા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ભાવનગર રોડ પર મયુરનગર જવાનો રસ્તા પર આવેલા આર એમ સીના ગાર્ડનના બાંકડા પર બેઠો બેઠો એક શખ્સ ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો છે. પીસીબી ની ટીમે આર એમ સી ગાર્ડન પહોંચી માહિતી મેળવેલા શખ્સનનો મોબાઈલ કબ્જે કરી ચેક કરતા, મોબાઈલમાં allpancel247.com નામની આઈડી માં હાલમાં GT અને KKR વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો માલુમ પડતા, પોલીસે ભાવનગર રોડ પર આવેલા ગોલ્ડ એપાર્ટમેન્ટમાં રહેતો પરસ ગોવિંદભાઈ હિરપરા નામના શખ્સને મોબાઈલ સાથે પીસીબી ની ટીમે ઝડપી લીધો છે.

જ્યારે એ ડિવિઝન પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન જુબેલી ગાર્ડન પાસે મોબાઈલમાં ઓનલાઈન કોલકાતા નાઈટ રાઈડ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે ચાલતા આઈપીએલના ક્રિકેટ મેચ પર હાર જીતનો રમતો, રેલનગરમાં આવેલા મહર્ષિ દયાનંદ સરસ્વતી આવાસ ક્વાર્ટર માં રહેતો ભાવેશ અશોકભાઈ દાસવાણી નામના શખ્સને એ ડિવિઝન પોલીસની ટીમે ઝડપી લીધો છે. ત્રીજો દરોડો માલવીયા નગર પોલીસ ની ટીમે ગોંડલ રોડ પર આવેલા એસ.ટી વર્કશોપ ના ગેટ પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક શખ્સ ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાનું માલુમ પડતા, મોબાઈલ કબ્જે કરી ચેક કરતા, ગુગલ ક્રોમામાં krishna 247.cub નામની વેબસાઈટ પર બવફલફહર૪૭૭ નામની આઈડી પર ઓનલાઈન રમતો હતો તેમ જ શાહ ૨૦૨૬ ની લાઈવ ક્રિકેટ મેચ હાર જીતનો જુગાર રમતો , સાધુ વાસવાની રોડ પર ગોપાલ ચોક પાસે આવેલા ગોલ્ડ બશેરા ફ્લેટમાં રહેતો રુદ્ર આશિષભાઈ ત્રિવેદી નામના શખ્સને માલવીયા નગર પોલીસની ટીમે મોબાઈલ સાથે ધરપકડ કરી છે.



# આજે રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાષ્ટ્રજોગ સંબોધન

## મહિલા અનામત બિલ નામંજૂર થયા બાદ આજે રાતે ૮:૩૦ વાગ્યે દેશને સંબોધશે: ઐતિહાસિક બિલ નિષ્ફળ જતાં વડાપ્રધાન મોદીએ વિપક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યુ, કેબિનેટ બેઠક દરમિયાન પીએમ મોદીએ વિપક્ષની ઝાટકણી કાઢી

**અબતક, રાજકોટ**

દેશમાં કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી તથા મહિલા અનામત બિલ મુદ્દે ચર્ચા વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાત્રે ૮.૩૦ વાગ્યે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. વડાપ્રધાન મોદી આ સંબોધનમાં કયા વિષય પર વાત કરવાના છે તે અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જોકે પીએમ મોદી મહિલા અનામત મુદ્દે સંબોધન કરે તેવી શક્યતા છે. મહિલા અનામત બિલ લોકસભામાં જરૂરી બહુમતી ન મળવાને કારણે પસાર થઈ શક્યું નથી. આ ઐતિહાસિક બિલ નિષ્ફળ જતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. કેબિનેટ બેઠક દરમિયાન પીએમ મોદીએ વિપક્ષની ઝાટકણી કાઢતા કહ્યું કે, વિપક્ષે આ બિલને સમર્થન ન આપીને મોટી ભૂલ કરી છે અને હવે તેમણે તેના પરિણામો ભોગવવા પડશે.

લોકસભામાં મહિલા અનામત બિલ સંબંધિત ત્રણ બંધારણીય સુધારા બિલ પસાર કરવામાં સરકાર નિષ્ફળ રહી. ૨૧ કલાકની ચર્ચા પછી બંધારણીય સુધારા બિલ પર પહેલા મતદાન થયું. બંધારણ (૧૩૧મો) સુધારા બિલ, ૨૦૨૬. જેમાં બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાની જોગવાઈ હતી, તેના પક્ષમાં ૨૯૮ મત અને વિરોધમાં ૨૩૦ મત મળ્યા. લોકસભામાં ૫૨૮ સાંસદોએ મતદાન કર્યું.

બિલ પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી હતી. ૫૨૮ માંથી બે તૃતીયાંશ મત ૩૫૨ થાય છે. પરિણામે બિલ ૫૪ મતોથી પસાર થઈ શક્યું નહીં.

# પારેવડી ચોકમાં એસ.ટી. બસની અડફેટે રાહદારી વૃદ્ધાનું મોત

## અકસ્માત સર્જી નાસી છૂટેલા ડ્રાઈવર રણજીતસિંહ વાઘેલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના પારેવડી ચોક વિસ્તારમાં ગઈકાલે બપોરે રોડ ક્રોસ કરી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધાને પૂરપાટ ઝડપે આવતી સરકારી એસ.ટી. બસના ચાલકે હડફેટે લેતા તેમનું મોત નીપજ્યું છે. અકસ્માતમાં વૃદ્ધાના બંને પગ પર બસના ટાયર ફરી વળતા તેમને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નિપજતા પરિવારમાં શોક છવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના જંગલેશ્વર, હુસેની ચોક વિસ્તારમાં રહેતા દિલાવરભાઈ ચાવડાના માતા હલુબેન (ઉ.વ. ૭૦) ગઈકાલે સવારે તેમના બહેનના ઘરે જવા નીકળ્યા હતા. બપોરના આશરે દોઢ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ પારેવડી ચોક પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ત્યાંથી પસાર થતી એક સરકારી એસ.ટી. બસના ચાલકે બેફિકરાઈથી બસ ચલાવી વૃદ્ધાને અડફેટે લીધા હતા. બસનું પાછળનું ટાયર વૃદ્ધાના બંને પગ પર ચડી જતાં લોહીલુહાણ હાલતમાં તેઓ રોડ પર પટકાયા હતા. અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વૃદ્ધાની હાલત નાજુક હોવાથી તબીબોએ તેમને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કર્યા હતા. જોકે, અમદાવાદ લઈ જતી વખતે ગ્રીનલેન્ડ ચોકડી પાસે તેમની તબિયત વધુ લથડતા ફરી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતકના પુત્ર દિલાવરભાઈ ચાવડાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. અને અકસ્માત સર્જનાર બસના ડ્રાઈવરનું નામ રણજીતસિંહ વાઘેલા હોવાનું સામે આવ્યું છે. રાજકોટ પોલીસે બેફિકરાઈથી વાહન ચલાવી માનવ જિંદગી જોખમાવી મોત નીપજાવવા બદલ બસ ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવથી ચાવડા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ભવાની ચોકમાં વ્યાજખોરોના ત્રાસથી આધેડનો આપઘાતનો પ્રયાસ

## મવડી ગામમાં પત્ની સાથેના ઝઘડામાં યુવકનો અને સીતારામ સોસાયટીમાં અગમ્ય કારણોસર પ્રૌઢાએ ઝેરી દવા પીધી

**અબતક, રાજકોટ**

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં અલગ-અલગ ત્રણ બનાવોમાં બે યુવકો અને એક પ્રૌઢાએ અગમ્ય કારણોસર ઝેરી દવા તેમજ ઊંઘની ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. હાલ ત્રણેય વ્યક્તિઓ સારવાર હેઠળ છે. પ્રાપ્ત વિગતો મુજબ, ભવાની ચોક, મહેશ્વરી સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય ઈમરાનભાઈએ ગત રાત્રે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ જુબેલી બગીચામાં ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રાથમિક વિગતો મુજબ, ઈમરાનભાઈ ફ્રૂટ વેચવાનો વ્યવસાય કરે છે. તેમણે ચાર શખ્સો પાસેથી આશરે ૨ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. વ્યાજખોરો દ્વારા સતત આપવામાં આવતા ત્રાસ અને ઉઘરાણીથી કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

બીજા બનાવમાં, મવડી ગામમાં રહેતા ૨૫ વર્ષીય અર્જુન મિસર નામના યુવકે સાંજે ૭:૦૦ વાગ્યે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. અર્જુન હોટેલમાં કામ કરે છે અને પરિવારમાં બે ભાઈ-બહેનોમાં મોટો છે. જાણવા મળતી વિગત મુજબ, પત્ની સાથે કોઈ વાતને લઈને બોલાચાલી અને ઝઘડો થતા, મનદુઃખમાં આવી જઈને અર્જુને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

ત્રીજા બનાવમાં, હુડકો પોલીસ ચોકી પાછળ, સીતારામ સોસાયટી શેરી નંબર ૭ માં રહેતા ૪૯ વર્ષીય રેહાનાબેન મહેબુબભાઈ બેલીમ નામના મહિલાએ ગઈકાલે સાંજે અગમ્ય કારણોસર વધુ પડતી ઊંઘની ગોળીઓ ખાઈ લેતા તેમને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. આ ત્રણેય બનાવો અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામ ખાતે કંપનીના કર્મચારીએ રૂ.૨૬.૦૮ લાખનો માલ બારોબાર વેચી માર્યો

## રિક્ષાના સ્પેર પાર્ટસનું વેચાણ કરતી કંપનીમાં ઓડિટ રિપોર્ટમાં ભાંડો ફૂટયો: માલ સગેવગે કરી નાખ્યો

**અબતક, રાજકોટ**

નવાગામમાં આવેલી રીક્ષાના સ્પેરપાર્ટસ વેચાણ કરતી કંપનીના કર્મચારીએ રૂ.૨૬.૦૮ લાખનો માલ બારોબાર વેચી નાખી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાગનાથ પ્લોટ શેરી નંબર ચાર શિવાલય એપાર્ટમેન્ટમાં રહેતા જેનીસભાઈ સંદીપભાઈ મહેતા (ઉ.વ.૨૬) દ્વારા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે નવાગામ આણંદપર રંગીલા સોસાયટીમાં રહેતા સંજય ભુપતભાઈ જીંજરિયાનું નામ આપ્યું છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રાજકોટ અમદાવાદ હાઈવે પર નવાગામ ખાટુશ્યામ મંદિર પાસે એપકો મોટર્સ ઈન્ડિયા પ્રા.લી.માં મેનેજર તરીકે નોકરી કરે છે કંપનીના માલિક જીમીભાઈ ધોળકિયા છે જેઓની માલિકીની એપોમોટોલીંક પ્રા.લી નામની બ્રાન્ચ બાજુની જગ્યા એટલે કે પ્લોટ નંબર ૩૬,૩૭ ઓમ શાંતિ પાર્ક સર્વે નંબર ૯૩ નવાગામ આણંદપર ખાતે આવેલ છે. જેમાં બજાજ રિક્ષાના સ્પેરપાર્ટનું વેચાણ કરે છે આ કામ યતીન જયસુખલાલ ગણાત્રા મેનેજર તરીકે સંભાળતા હતા અને બ્રાન્ચમાં આરોપી સંજય જીંજરિયા મજૂરીકામ કરે છે.બ્રાન્ચમાં ઓડિટ કરવામાં આવતા કુલ રૂપિયા ૨૬,૦૮,૯૪૧ ની કિંમતના અલગ અલગ સ્પેરપાર્ટની ઘટ જોવા મળી હતી. બ્રાન્ચમાં તા.૨/૨ ના સાંજના સાતેક વાગ્યે કંપનીનો માલ લઈ જતા રીક્ષાચાલક ભરતભાઈએ યતીનભાઈને ફોન કરી કહ્યું હતું કે, હું દત્તાત્રે નામની દુકાન ખાતે ડિલિવરી કરવાનો હતો તેમાં બ્રાન્ચના કર્મચારી સંજય જીંજરિયાએ ગેરકાયદે પાર્ટ્સની ૨૦ વધારાની ચેન છુપાવીને મૂકી હતી. સંજયે ભરતને મોકલેલ માલ બાબતે બ્રિજ નીચે ઉભા રહેવાનું કહ્યું હતું. જે હકીકત જાણ્યા બાદ યતિનભાઈએ સાંજે સંજયને રંગે હાથ પકડવા માટે બ્રિજ પાસે પહોંચ્યા હતા પરંતુ સંજય જોઈ જતા તેણે ભરતભાઈને માલ હાલ પૂરતો પોતાની પાસે રાખવા જણાવી દીધું હતું. બાદમાં આ બાબતે યતિનભાઈએ ઓફિસ સ્ટાફના વોટસએપ ગ્રુપમાં વિડીયો મુક્યો હતો અને ભરતભાઈને પૂછતા તેમણે કોઈ સભ્યનું નામ આપ્યું ન હતું માત્ર સંજયનું જ નામ આપ્યું હતું.આ વાતની જાણ હેડ ઓફિસમાં કર્યા બાદ સંજય જીંજરિયાએ પાર્સલ રિક્ષામાં ભરવા બાબતે પૂછતા તેણે સરખો જવાબ આપ્યો ન હતો.આમ ફરીયાદીની કંપનીના કર્મચારી સંજય ભુપતભાઈ જીંજરિયાએ કંપનીની બ્રાન્ચના અલગ અલગ સ્પેરપાર્ટ કિં.રૂ. ૨૬,૦૮,૯૪૧ નો માલ કંપનીની ધ્યાન બહાર બારોબાર કોઈને વેચી વિશ્વાસઘાત કર્યો હોય જે અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ચાવંડ નજીક એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત

## ફોન બંધ હોવાથી ઓળખ કરવામાં મુશ્કેલી: આધાર કાર્ડ દ્વારા વ્યક્તિ બોટાદ જિલ્લાનો હોવાનું ખુલ્યું

**અબતક, હર્ષઠાકર, અમરેલી**

ચાવંડથી લાઠી જતા માર્ગ પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં બાઈક સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનાર વ્યક્તિ બોટાદ જિલ્લાના હોવાનું જાણવા મળ્યું છે. લાઠી ચાવંડ રોડ પર એસટી બસે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનારનું નામ લાલજીભાઈ ચોહાણ હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તરત જ પોલીસ તથા તાત્કાલિક સેવા તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસે ટીમ ઘટના સ્થળ પર પહોંચી પહોંચી ગઈ હતી. અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મૃતકનો મોબાઈલ ફોન બંધ હોવાને કારણે શરૂઆતમાં તેમની ઓળખ કરવામાં મુશ્કેલી પડી હતી. બાદમાં વાહન નંબર તથા આધાર કાર્ડની તપાસ કરતાં મૃતક બોટાદ જિલ્લાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે પોલીસ દ્વારા બોટાદ જિલ્લાના સંબંધિત તંત્રને જાણ કરવામાં આવી હતી જેથી મૃતકના પરિવારજનો સુધી આ જાણ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પોલીસ દ્વારા મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂની કલેકટર કચેરીએ વૃદ્ધાના પાકીટ ચોરીનો ભેદ ઉકેલાયો

## ગણતરીની કલાકોમાં પ્ર.નગર પોલિસે સોનાના દાગીના સાથે મહિલાને દબોચી લીધી

**અબતક, રાજકોટ**

શહેરની જૂની કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાંથી કુપનના કામ માટે ગયેલા વૃદ્ધાનુ પાકીટમાં રહેલી સોનાની દાગીનાની ચોરી નો ભેદ પ્રનગર પોલીસે ગણતરી ની કલાકો ઉકેલી મહિલાને સોનાના દાગીના સાથે દબોચી લીધી હતી

આ અંગે મળતી માહિતી મુજબ માંડા ડુંગર પાસે નકળંગ સોસાયટી શેરી નંબર ૦૨ માં રહેતા શારદાબેન અશોકભાઈ દેરોતરા નામના વૃદ્ધા ત્રણ દિવસ પહેલા તેમને કુપનનું કામ હોવાથી, જૂની કલેકટર કચેરીએ ગયા હતા , સોનાની વીંટી અને સોનાનો દાણો વૃદ્ધા નું પાકીટ સાથે ૫૦૦૦૦ ચોરીની ફરિયાદ પ્રનગર. પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવેલ જેથી પ્રનગર પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો જે અંગે પ્રનગર પોલીસે દ્વારા ચોક્કસ બાતમીને આધારે મોટી ટાંકી ચોકમાં રહેતી ઈલાબેન મેરામભાઈ ડાંગર ને ઝડપી સોનાની બુટ્ટી સહિતના દાગીના સહિત નો ૫૦૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી મહિલા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી આ કામગીરીમાં પીએસઆઈ જે.બી.રાણીંગા એસઆઈ રવિ વાઘેલ, હેડ કોન્સ્ટેબલ જેન્તીભાઈ વાવડીયા, મયુર સિંહ જાડેજા સહિતનો સ્ટાફે ગણતરીની કલાકોમાં સોનાના દાગીના ની ચોરીનો ભેદ ઉકેલ્યો હતો

# શાંતિ ઈન્ડસ્ટ્રીઝમાં જુગાર રમતા ચાર ઝડપાયા રૂ.૧૫ હજાર કબ્જે

**અબતક રાજકોટ**

અમદાવાદ હાઈવે પર આવેલી શાંતિ ઈન્ડસ્ટ્રીઝ વાળી શેરીમાં ખુલ્લા પ્લોટ માં જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી કુવાડવા રોડ પોલીસને મળી હતી. કુવાડવા રોડ પોલીસની ટીમ તુરતજ શાંતિ ઈન્ડસ્ટ્રીઝ વાળી શેરીમાં પહોંચી, હરિદ્વાર રોડ પર આવેલી ન્યુ સુભાષનગર શેરી નંબર ૦૧ માં રહેતો રોહિત સવજીભાઈ કુંડારીયા, આજીડેમ ચોકડી નજીક સોમનાથ સોસાયટી નો સંદીપ ખીમજીભાઈ ધલવાણીયા, આનંદ નગર કોલોની ક્વાર્ટર માં રહેતો ભુપત જીલુભાઈ બાંભવા અને ગ્રીનલેન્ડ ચોકડી નજીક આવેલી શ્રીનગર સોસાયટીમાં રહેતો ગોપાલ છેલાભાઈ બાંભવા નામના શખ્સો ને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૧૫.૫૮૦ ની રોકડ કબ્જે કરી છ. દરોડાની કામગીરી કુવાડવા રોડ પીઆઇ વીઆર વસાવા ના માર્ગદર્શન હેઠળ, પી.એસ.આઇ એ એ બ્લોચ, એ.એસ.આઇ કે વી જાડેજા, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા અને કુશલભાઈ જોશી સહિતના સ્ટાફે બજાવી છે.

# કૃષ્ણ ચિકિત્સાલયમાં નિષ્ણાંત ડોકટરો રાહત દરે સેવા આપશે

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલીત કૃષ્ણ ચિકિત્સાલય કનક રોડ બસસ્ટેન્ડ પાછળ રાજકોટ ફો. નં. ૨૨૨૩૦૮૫, ૨૨૨૭૦૪૦, ફીઝીયો થેરાપીસ્ટની રાહત દરે સેવા આપશે. હાડકાના દર્દો જેવા કે સાંધાના દુખાવા, સ્નાયુનો દુખાવો, પેરાલીસીસ, હાડકાના ઓપરેશન બાદ જરૂર મુજબની સારવાર બાળકોના જન્મજાત ખોડખાપણ તથા કમર, ગરદન, ખભામાં થતાં દુખાવા તેમજ બાળકોને લકવા, રમત-ગમતથી થતી ઈજાઓ, ગાદી ખસી જવી, પેરેલીસીસની સારવાર તેમજ આધુનિક સારવાર ડ્રાયનીડલીંગ થેરાપી વિગેરે દર્દો માટે ફીઝીયો થેરાપીસ્ટ ડો. અમનવર્મા સવારે ૧૦થી ૧ સેવા આપશે.

# જૂનાગઢના ડુંગરપુર ગામે યુવકની નિર્મમ હત્યા

## ચલમનો માલ આપતા યુવકની હત્યા કરનારા બે શખ્સોને પોલીસે ઝડપી પાડયો

**અબતક, દર્શન જોષી, જૂનાગઢ**

જૂનાગઢ છેવાડે આવેલા ડુંગરપુર વિસ્તારમાં ગઈકાલે એક ૪૦ વર્ષીય યુવાનની અજાણ્યા શખ્સો દ્વારા નિર્મમ હત્યા કરી નાખતા, સમગ્ર પંથકમાં સનસની મચી જવા પામી હતી. ગણતરીની કલાકોમાં જ બે હત્યારાઓને દબોચી લઈ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જૂનાગઢ તાલુકાના ડુંગરપુર વિસ્તારમાં ગઈકાલે સવારે એક યુવકની લાશ પડી હોવાની પોલીસને જાણ થતા જ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. તે સાથે પોલીસે મળી આવેલ મૃતદેહની ઓળખ માટે તપાસ આદરી હતી અને મરણ જનાર યુવક ડુંગરપુર ગામનો મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૦ વર્ષીય યુવક રફીકસા કરીમસા રફાઈ હોવાનું સામે આવ્યું હતું. તથા આ યુવકની ધોકા અને લોખંડના સળિયા જેવા હથિયારથી પ્રહાર કરી, મોતને ઘાટ ઉતાર્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું હતું. દરમિયાન જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાની સૂચના અને ડીવાયએસપી રવિરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ જુનાગઢ તાલુકા પી.આઈ ગગનીયા અને તેમની ટીમ દ્વારા આ હત્યાનો ભેદ ઉકેલવા વિવિધ દિશામાં તપાસ આદરી હતી, અને તપાસ દરમિયાન ખડિયા ગામના મિલન સોલંકી અને તોરણીયા ગામના અનિલ ગુજરાતી નામના બે ઈસમોએ હત્યા કરી હોવાનું સામે આવતા, ગણતરીની કલાકોમાં જ પોલીસે બંને હત્યારાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મરણ જનારના પત્ની નજમાંબેન રફીકસા રફાઈ એ જુનાગઢ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, આરોપી ખડીયા ગામના મિલન સોલંકી અને તોરણીયા ગામના અનિલ ગુજરાતી ગઈકાલે તેમના ઘરે ચલમનો માલ લેવા આવ્યા હતા. પરંતુ મરણ જનારે ચલમનો માલ નથી, તેમ કહેતા બાદમાં મરણ જનાર રફીકશા રફાઈને ફોસલાવીને બંને શખ્સો ગતરાત્રિના લઈ ગયા હતા, બાદમાં મરણ જનાર રફિક્ષા રફાઈ રાત્રિના ૧૦ વાગ્યાથી લઈને આજે સવારના ૯ વાગ્યા સુધી ઘરે ન પહોંચતા મરણ જનારના પત્ની નજમાબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### રશિયા પાસેથી ક્રૂડ...

છૂટની મુદત ૧૧ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી. ઈન્ટેલિજન્સ ફર્મ કપ્લેર ના ડેટા અનુસાર, ભારતે માર્ચ મહિનામાં રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૧.૯૮ મિલિયન બેરલ કાચું તેલ ખરીદ્યું હતું, જે જૂન ૨૦૨૩ પછી સૌથી વધુ છે. ભારતે એપ્રિલની ડિલિવરી માટે રશિયા પાસેથી અંદાજે ૬૦ મિલિયન બેરલ તેલની ખરીદી કરી છે.

આ દરમિયાન ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ખાતરી આપી છે કે તેમનો દેશ ભારતને એનર્જી એક્સપોર્ટમાં વધારો કરશે. જેમાં કાચું તેલ, એલપીજી અને એલએનજી નો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રશિયાએ ભારત માટે તેલનો સપ્લાય વધારી દીધો છે અને તે ભારતની જરૂરિયાત મુજબનું પૂરેપૂરું તેલ આપવા તૈયાર છે. રશિયન રાજદૂતે ભારતને એક ભરોસાપાત્ર ભાગીદાર ગણાવ્યો હતો.

યુરોપિયન થિંક ટેન્ક સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરના અહેવાલ મુજબ, માર્ચમાં ભારત દ્વારા રશિયા પાસેથી કરવામાં આવતી કાચા તેલની આયાત ત્રણ ગણી વધીને ૫.૮ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. જ્યારે ફેબ્રુઆરીમાં ભારતે રશિયા પાસેથી ૧.૫૪ અબજ ડોલરનું કાચું તેલ આયાત કર્યું હતું. આ ઉપરાંત, ભારતે માર્ચમાં રશિયા પાસેથી ૩૭૧ મિલિયન ડોલરનો કોલસો અને ૧૯૬ મિલિયન ડોલરની ઓઈલ પ્રોડક્ટ્સ પણ આયાત કરી હતી. માર્ચ ૨૦૨૨ થી જ રશિયા ભારત માટે ક્રૂડનું એક મોટું સપ્લાયર બની રહ્યું છે. વર્ષ ૨૦૨૪ માં ભારતે રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૨ મિલિયન બેરલ કાચા તેલની ખરીદી કરી હતી. ગયા વર્ષે પણ ભારતે રશિયા પાસેથી આશરે ૪૪ અબજ ડોલરનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું. જોકે, અમેરિકાના દબાણને કારણે ભારતે ગયા વર્ષના અંતિમ મહિનામાં રશિયન તેલની ખરીદીમાં ઘટાડો કર્યો હતો, તેમ છતાં રશિયા સૌથી મોટું સપ્લાયર બની રહ્યું હતું. હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર બંધ થવાને કારણે વિશ્વમાં તેલ અને ગેસનું સંકટ ઊભું થયું હતું, જેના કારણે અમેરિકાએ ભારત અને અન્ય દેશોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

### અપૂર્વમુનિ સ્વામી...

માર્ગદર્શન આપવામાં આવ્યું.

વિરાટ મહિલા દિન નિમિત્તે આયોજિત આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં આગેવાન અને પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવવંત બનાવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, પુજિત રૂપાલી ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, ગાયત્રીબા વાઘેલા, દેવાંગી મૈયડ, જ્યોતિબેન ટીલવા, અલ્પનાબેન ત્રિવેદી, મુખ્ય વક્તા તરીકે કોમલબેન સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

### આઈગોટ કર્મયોગી...

નાગરિક કેન્દ્રિત બનાવવાનો છે. આ સમગ્ર પહેલ 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુમાં જણાવ્યું કે હાલમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ૦૮ ડિવિઝનલ લેવલ ટ્રેનિંગ સેન્ટર અને ૦૧ રીજનલ લેવલ ટ્રેનિંગ સેન્ટર સક્રિય રીતે કાર્યરત છે, જે પોસ્ટલ કર્મચારીઓના સતત તાલીમ અને કૌશલ્ય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ૧૩,૦૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૦,૦૦૦ને ડિવિઝનલ લેવલ ટ્રેનિંગ સેન્ટરો મારફતે અને ૩,૦૦૦ને ઑનલાઈન માધ્યમથી તાલીમ આપવામાં આવી છે.

(૧૧મા પાનાનું ચાલુ)

### જૈન સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશન

રાજકોટના જામનગર હાઈવે પર આવેલા ગ્રીનફિલ્ડ (આદર્શ મારબલ) ગ્રાઉન્ડ ખાતે યોજાશે. મેચોનો સમય દરરોજ સાંજે ૪:૩૦ થી રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધીનો રહેશે, જેમાં પ્રતિ દિવસ ૫ મેચ રમાડવામાં આવશે. દરેક ટીમને ૪ લીગ મેચ રમવાની તક મળશે, ત્યારબાદ ક્વાર્ટર ફાઈનલ અને સેમી ફાઈનલના જંગ જામશે. ટુર્નામેન્ટનો ભવ્ય ફિનાલે અને ક્લોઝિંગ સેરેમની ૨૬મી એપ્રિલના રોજ સાંજે ૫:૦૦ કલાકથી શરૂ થશે.

આ આયોજન પાછળનો મુખ્ય હેતુ જૈન સમાજમાં એકતા, સંપ અને ભાઈચારાની ભાવનાને મજબૂત કરવાનો છે. વિશેષ વાત એ છે કે, આ ટુર્નામેન્ટ થકી થનારી આવકનો સદુપયોગ જૈન સમાજના જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ, જીવદયાના કાર્યો અને ગરીબ દર્દીઓની સહાય માટે કરવામાં આવશે. આમ, આ માત્ર રમત ગમતનો કાર્યક્રમ ન રહેતા સમાજ સેવાના ઉમદા હેતુ સાથે જોડાયેલું એક અભિયાન બની રહેશે.

જેપીએલ સીઝન-૭ને સફળ બનાવવા માટે અનેક સ્પોન્સર્સ અને ટીમ ઓનર્સ જેવી કે પ્રગતિ હોસ્પિટલ, સીએમસી, રૂપાણી ચા અને નવકાર એન્ટરપ્રાઈઝ સહિતના અગ્રણી સભ્યોએ આર્થિક અને નૈતિક સહયોગ આપ્યો છે. સંપૂર્ણ ફેમિલી વાતાવરણ અને મનોરંજન સાથે આયોજિત આ ટુર્નામેન્ટમાં સમગ્ર જૈન શ્રેષ્ઠીઓ અને ક્રિકેટ રસિયાઓને ઉપસ્થિત રહેવા ટીમ જેએસો તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે ચિંતન મહેતા અને ઋષભ કોઠારીનો સંપર્ક કરવા જણાવાયુ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મકાનમાં આગ...

મેળવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા પણ તૈનાત કરવામાં આવી હતી.

આ દુર્ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા લીંબડીના ધારાસભ્ય કિરિટસિંહ રાણા, ભગિરથસિંહ રાણા અને વનરાજભાઈ રોજાસરા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ રાત્રે જ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેઓએ હોસ્પિટલના સત્તાધીશો પાસેથી ઈજાગ્રસ્તોની વિગતો મેળવી હતી અને શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં સાંત્વના પાઠવી હતી. દાઉદી વ્હોરા સમાજના અગ્રણી હોઝેફાભાઈ લોખંડવાલાએ પણ આ ઘટનાને સમાજ માટે ખૂબ જ મોટી ખોટ ગણાવી દુઃખ વ્યક્ત કર્યું હતું.

પોલીસે હાલ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી અકસ્માત મોતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. એસીમાં શોર્ટ સર્કિટ કયા કારણોસર થયું તે જાણવા માટે એફએસએલની મદદ લેવામાં આવે તેવી પણ શક્યતા છે. એક જ પરિવારના બે સભ્યોના અકાળે મોતથી વ્હોરા સોસાયટી સહિત સમગ્ર લીંબડી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉનાળાની શરૂઆતે જ આ ઘટનાએ વીજ ઉપકરણોના વપરાશ બાબતે લાલબત્તી સમાન કિસ્સો પૂરો પાડ્યો છે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**દ્વારકા:** મીઠાપુર નિવાસી જીતેશભાઈ હીરાલાલ ગોકાણીનું તા. ૧૭ના રોજ અવસાન થયેલ છે. તે વિનોદભાઈ, હિતુભાઈ અને નવીનભાઈના નાનાભાઈ તેમજ હેમલભાઈના મોટાભાઈ તથા તુલસીભાઈ હિન્ડોચાના બનેવી તથા વિનિતના પિતાનું ઉઠમણું તા. ૧૮ના રોજ શનિવારે સાંજે ૫:૩૦ થી ૬ વાગ્યા સુધી રામ મંદિર મીઠાપુર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ટિકિટ કપાયેલા ૪૫ માંથી માત્ર ૭ જ સક્રિય: પ્રદેશ ભાજપમાં ધગધગતો રિપોર્ટ

## પૂષ્કરભાઈ પટેલ, જયમીનભાઈ ઠાકર, દેવાંગભાઈ માકડ, મનીષભાઈ રાડિયા, ચેતન સુરેજા, સુરેન્દ્રસિંહ વાળા, ડાંગર પરિવારના સભ્યો જ ઉમેદવારોને પ્રચારમાં સાથ આપતાનું ઉપજતું ચિત્ર

### ૩૫થી ૩૭ પૂર્વ કોર્પોરેટરો નવા ઉમેદવારો સાથે પ્રચારમાં પણ જોડાતા નથી : સંગઠનના હોદેદારો પર મોટાભાગની જવાબદારી હોવાનો રિપોર્ટમાં ઉલ્લેખ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણીના મતદાનમાં આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે સત્તાધારી પાર્ટી ભાજપ તમામ વોર્ડમાં ભારે મુસીબતનો સામનો કરી રહ્યું હોવાનું ચિત્ર દેખાઈ રહ્યું છે. કોંગ્રેસ કે, આમ આદમી પાર્ટીના ઉમેદવારો કરતા ભાજપના ઉમેદવારોને ટિકિટ કપાયેલા કે દુભાયેલા નેતાઓની નિષ્ક્રિયતા ભારે નડી રહી છે. ૪૫ પૂર્વ કોર્પોરેટરોની ટિકિટ કાપી નાખવામાં આવી છે. માત્ર ૨૩ને ફરી ચૂંટણી જંગમાં ઉતારવામાં આવ્યા છે. કપાયેલા ૪૫ પૈકી માત્ર સાત જ નેતાઓ હાલ ચૂંટણી સમયે પ્રચાર-પ્રસારમાં સક્રિય હોવાનો ધગધગતો રિપોર્ટ સ્થાનિક નેતાગીરી દ્વારા પ્રદેશ હાઈ કમાન્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોવાનું અત્યંત વિશ્વસનિય સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. સંગઠન પ્રભારી અને પ્રભારી મંત્રીની બેઠક બાદ પણ ડેમેજ કંટ્રોલ થતું નથી. આવામાં હવે આવતા સપ્તાહે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતના નેતાઓ રાજકોટમાં પ્રચાર માટે આવી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

કોર્પોરેશનની ચૂંટણીમાં દર વખતે ટિકિટ ફાળવણી બાદ અસંતોષની આગ ફાટી નિકળતી હોય છે. પરંતુ ભાજપના નેતાઓ આ આગને ઠારવામાં બે દિવસમાં સફળ રહી જતાં હોય છે. કપાયેલા કે, દુભાયેલાઓને ચૂંટણી પ્રચારમાં લાગી જવા માટે મનાવી લેતા હોય છે. પરંતુ આ વખતે ચિત્ર થોડુક ધુંધળુ દેખાઈ રહ્યું છે. એક-બે નહીં પરંતુ તમામ ૧૮ વોર્ડમાં ડખ્ખો છે. જે શાંત થવાનું નામ લેતું નથી. જે ૪૫ નેતાઓની ટિકિટ પર પ્રદેશે જ્ઞાતિ-જાતિના સમીકરણોને ધ્યાનમાં રાખી કાતર ફેરવી દીધી છે. તે પૈકી પુષ્કરભાઈ પટેલ, જયમીનભાઈ ઠાકર, દેવાંગભાઈ માકડ, મનીષભાઈ રાડિયા, સુરેન્દ્રસિંહ વાળા અને ડાંગર પરિવાર સહિત સાત થી આંઠ નેતાઓ જ ભાજપના ઉમેદવારોને સાથ આપી રહ્યા છે અને પ્રચારમાં જોડાઈ રહ્યા છે. સામાન્ય રીતે એવું હોય છે કે, જેની જેની ટિકિટ કપાઈ હોય તેને આગળ રાખવામાં આવે છે. જેના કારણે પ્રજાજનો તેઓને ઓળખતા હોય નવા ઉમેદવારોને લોકસંપર્ક દરમિયાન વધુ પરેશાનીનો સામનો કરવો ન પડે પરંતુ આ વખતે સ્થિતિ સંપૂર્ણપણે અલગ છે. પૂર્વ કોર્પોરેટરો કે જેને ફરી પક્ષે ટિકિટ નથી આપી તે પૈકી મોટા ભાગના નિષ્ક્રિય થઈ ગયા છે. કેટલાકે તો ઉમેદવારી ફોર્મ ભરતી વેળાએ પણ હાજરી આપી ન હતી. આટલું જ નહીં વોર્ડમાં નવા ઉમેદવારો સાથે પ્રચારમાં પણ નિકળતા નથી. જેના કારણે સ્થિતિ એવી સર્જાઈ છે કે, શહેર ભાજપના સંગઠનના હોદેદારોએ તમામ ૧૮ વોર્ડની ખેવના લેવી પડે છે. સુરજ ઉગતાની સાથે જ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ અલગ અલગ વોર્ડમાં પ્રચાર માટે જવું પડે છે. આ ઉપરાંત મહામંત્રીઓ પણ સવારથી લઈ સાંજ સુધી અલગ અલગ વોર્ડમાં પ્રચારમાં જોતરાઈ રહ્યા છે. કપાયેલા કે દુભાયેલા નેતાઓની નિષ્ક્રિયતાનો ધગધગતો રિપોર્ટ સ્થાનિક નેતાઓ દ્વારા પ્રદેશ હાઈ કમાન્ડ સમક્ષ રજુ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ચૂંટણીના પરિણામ બાદ આવા નેતાઓ સામે પક્ષ દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. ગત ચૂંટણીમાં ભલે ભાજપ શહેરના ૧૮ વોર્ડ પૈકી ૧૭ વોર્ડ જીત્યું હોય પરંતુ આ વખતે માહોલ થોડો અલગ દેખાઈ રહ્યો છે. પ્રચાર દરમિયાન લોકોના રોષનો પણ સામનો કરવો પડે છે. કેટલીક જગ્યાએ તો ભાજપના ઉમેદવારોએ પ્રજાના કવેણ પણ સાંભળવા પડ્યા હતાં. કોઈ કાળે ડેમેજ કંટ્રોલ થતું નથી આવતા સપ્તાહે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ રાજકોટમાં પ્રચાર માટે આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

### વોર્ડ નં. ૧૧માં પ્રચાર દરમિયાન ભાજપના ઉમેદવારો સામે લોકોનો ભયંકર રોષ

#### લોક રોષ પારખી ઉમેદવારોએ પ્રચાર અટકાવી દીધો

વોર્ડ નં. ૧૧માં ભાજપના ચારેય ઉમેદવાર રક્ષિત કલોલા, મહેશભાઈ પીપળિયા, ભારતીબેન પાડલિયા અને મિતલબેન લાઠિયા ગઈકાલે ચૂંટણી પ્રચારમાં નિકળ્યા હતાં દરમિયાન વોર્ડના એક વિસ્તારમાં ચારેય ઉમેદવારો સામે જનતાએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. પ્રાથમિક સુવિધાના અભાવે લોકરોષ આસમાને પહોંચ્યો હતો. લોકોનો ગુસ્સો પારખી ચારેય ઉમેદવારોએ તાત્કાલીક અસરથી પ્રચાર અટકાવી દીધો હતો અને સ્થળ પરથી ચાલતી પકડી હતી. માત્ર આ એક વોર્ડમાં નહીં પરંતુ અનેક વોર્ડમાં ભાજપના કોર્પોરેટરોએ આ વખતે આવા પડકારનો સામનો કરવો પડ્યો છે. પાંચ વર્ષમાં એક જ વખત મોઢુ દેખાડવા આવો છે, ચૂંટાયા બાદ દેખાતા નથી, તેવા વેણ પણ સાંભળવા પડે છે. ટુંકમાં ભાજપ માટે જેવો જોઈએ તેવો સાનુકુળ માહોલ નથી.

# આરટીઈ પ્રવેશ પ્રક્રિયા માટે ફોર્મ ભરવાની મુદત ગુરૂવાર સુધી લંબાવાઈ

## રાજ્ય સરકારનો વાલીઓના હિતમાં મોટો નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા વાલીઓના હિતમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાઃ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાની મુદત એક સપ્તાહ સુધી લંબાવવામાં આવી છે. હવે આગામી ૨૩મી એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે. રાજ્યભરમાં ગત ૪ એપ્રિલથી આઈટીઆઈ હેઠળ ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી હતી. જેની અંતિમ અવધિ ૧૭મી એપ્રિલ નિર્ધારિત કરવામાં આવી હતી. સ્થાનીક સ્વરાજયની ચુંટણીના કારણે ફોર્મ ભરવા માટે જરુરી દસ્તાવેજો મેળવવામાં વાલીઓએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જેના કારણે છેલ્લા બે દિવસથી એવી માંગ ઉઠી રહી હતી કે આરટીઈમાં પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવામાં આવે જેને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા આગામી ગુરુવાર એટલે કે ૨૩મી એપ્રિલ સુધી મુદત વધારવામાં આવી છે. સરકારના આ નિર્ણયની હજારો વાલીઓને મોટી રાહત થવા પામી છે.

# રાજ્યમાં ૨૩ એપ્રિલ સુધી પોષણ પખવાડિયાની ઉજવણી

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારના 'પોષણ અભિયાન'ને જન આંદોલન બનાવી કુપોષણ મુક્ત રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વધુ સજ્જ બન્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે વિવિધ વિભાગોના સહયોગથી ૨૩ એપ્રિલ સુધી ૮મા પોષણ પખવાડિયાની દર વર્ષની જેમ ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના મગજના સર્વાંગી વિકાસ માટે સમુદાયને સશક્ત બનાવવાનો છે.

કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષના પોષણ પખવાડિયાની થીમ "જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવાનો" નક્કી કરવામાં આવી છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી જોઈએ તો મગજનો ૮૫ ટકાથી વધુ વિકાસ બાળકની ૬ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. જે આવશ્યક પોષણ, સંવેદનશીલ સાર-સંભાળ અને પ્રારંભિક શિક્ષાના મહત્વને ચિહ્નિત કરે છે. ખાસ કરીને પ્રથમ ૧૦૦૦ દિવસ બાળકની શારીરિક અને માનસિક સુખાકારી માટે સુવર્ણ તક સમાન છે, તેથી આ પખવાડિયા દરમિયાન 'સ્વાસ્થ્ય માટે પોષણ' થી એક ડગલું આગળ વધીને 'મગજના શ્રેષ્ઠ વિકાસ માટે પોષણ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

વધુમાં લોકભાગીદારીથી પોષણના લક્ષ્યાંકો હાંસલ કરવા પાંચ મુખ્ય સ્તંભો પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં માતા અને બાળકનું પોષણ, ૩ વર્ષ સુધીના બાળકોના મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન, ૩ થી ૬ વર્ષ સુધીના બાળકો માટે રમત-આધારિત શિક્ષણ, સ્વસ્થ જીવનશૈલી-બાળકોમાં વધતા મોબાઈલ-ટીવી 'સ્ક્રીન ટાઈમ' ને ઘટાડી સક્રિય જીવનશૈલી તેમજ સક્ષમ આંગણવાડીઓનો સમાવેશ થાય છે.

# નિ:સ્વાર્થ બુદ્ધિ પ્રતિભા અને પ્રમાણિકતા હોય ત્યારે જ સેવા કાર્યો સફળ થાય: મોહન ભાગવત

## નાંદોશીમાં લતા, આશા મંગેશકર ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સનું કરાયું ભૂમિ પૂજન

**અબતક રાજકોટ**

પુણે ના નાદોશીમાં લતા આશા મંગેશકર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ નું ભૂમિ પૂજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંચાલક ડો, મોહન ભાગવતે કર્યું હતું આ વર્ષે તેમણે જણાવ્યું હતું કે નિસ્વાર્થ બુદ્ધિ અને પ્રમાણિકતા હોય તો જ સેવા કાર્ય સફળ થાય છે સાચી સેવા પોતીકાપણાના ભાવથી જ પેદા થાય છે ,અને આ ભૌતિક આ ભાવના કારણે જ સમાજમાં આજે પણ સારપ કાયમ છે ,સમાજને પણ એવા સેવા કાર્યોમાં સહભાગી થવું જોઈએ જે નિસ્વાર્થ બુદ્ધિ અને પોતિકાપણાની ભાવના સાથે કરવામાં આવતી હોય. મેડિકલ સાયન્સ ભૂમિ પૂજન અવસરે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ,ઉપમુખ્યમંત્રી એકનાથશિંદે પુણે ના મંજુસર નાગપૂરે પંડિત હૃદય નાથ મંગેશકર, ઉષા મંગેશકર ,આનંદ ભોંસલે અને સંસ્થાના મેડિકલ ડાયરેકટર ડો,ધનંજય કોલકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમના પ્રારંભે આશા થાય ભોંસલેને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



સરસ સંગ સંચાલક મોહન ભાગવતે જણાવ્યું હતું કે લતા દીદી એ નહીં આશા થાય ની સંવેદના થી નિર્મિત સ્વરોનું સામર્થ્ય અલૌકિક છે અને તેમની સંગીત સાધના ક્યારેય ખંડિત નહીં થાય.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીશે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે મંગેશકર પરિવારની દેશભક્તિ નું ગૌરવ થાય તેમણે જણાવ્યું હતું કે મંગેશકર પરિવાર કેવલ સંગીત માટે જ નહીં પરંતુ પ્રખર દેશભકિત માટે પણ જાણીતા છે વીર સાવરકર જી સાથે પરિવારને ખુબ જ સારા સંબંધો હતા ,દિનદયાલ મંગેશકર રૂગ્નાલએ ક્યારેય પણ રાષ્ટ્ર સેવા સાથે બાંધછોડ નથી કરી તેમણે સેવા ભાવથી હજારો દર્દીઓનો ઉપચાર કર્યો અપરટેબલ કેરિયર એક મોટી જરૂરિયાત છે, કેટલી વાર ધર્માદા સંસ્થાઓ પણ આર્થિક સંકટમાં આવી જાય છે ત્યારે પંડિત દિન દયાલ મંગેશકર રૂણાલઈએ કેવલ સેવા ના ઉદ્દેશથી જ કામ કર્યું હતું. તમામ મહાનુભાવો એ આશાતાઈ ને ભાવાંજલિ આપી હતી

### કાલે પોરબંદર-દાદર એક્સપ્રેસ અને ઓખા-અમદાવાદ વંદે ભારત ટ્રેન સાબરમતી સ્ટેશન પર ઉભી નહીં રહે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્ય અંતર્ગત એન્જિનિયરિંગ કામગીરી માટે ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ બ્લોક લેવામાં આવશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ બ્લોકને કારણે પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ એક દિવસ માટે સાબરમતી સ્ટેશન પર થોભશે નહીં. જેની વિગત નીચે મુજબ છે:

૧) ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પોરબંદરથી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર ઉભી રહેશે નહીં.

૨) ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન સંખ્યા ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર ઉભી રહેશે નહીં.

પશ્ચિમ રેલવે
Western Railway

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય નવીનતમ માહિતી માટે www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લેવી.

# શેર બજાર માટે કપરા ચઢાણ: કેશ રિચ કંપનીઓ બાયબેક ભણી

## બાયબેકમાં ટી.ડી.એસના નિયમો હળવા થતાં બાયબેક માટે ૨૦૨૬-૨૭ ખૂબ જ સારું રહેશે: નબળા ચોમાસાની આગાહી શેરબજાર માટે નેગેટિવ ગણી શકાય

**અબતક, રાજકોટ**

શેરબજાર માટે આમ તો જાન્યુઆરી ૨૦૨૬ થી જ કપરા ચઢાણ છે પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં પણ આ જ પરિસ્થિતિનો સામનો કરવો પડશે તેવું લાગે છે.

સૌથી મોટો અગત્યનો અને ખૂબ જ મહત્વનો મુદ્દો તો યુદ્ધ જ છે.સામાન્ય રીતે યુદ્ધનો અંત વર્ષો સુધી આવતો હોતો નથી.જે આપણને રશિયા અને યુક્રેન પરથી પણ જોવા મળ્યું છે. અનેક વખત યુદ્ધ વિરામની જાહેરાતો રશિયા અને યુક્રેન વચ્ચે જોવા મળી. પરંતુ હજુ પણ બંને દેશો વચ્ચે હુમલાઓ ચાલુ જ છે.આ જ પરિસ્થિતિ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે થવાની પૂરેપૂરી શક્યતા છે.સીઝ ફાયર થશે.સમાધાન થશે. પરંતુ કાયમી ઉકેલની કોઈ શક્યતા હાલ તુરંત જોવા મળતી નથી.જે શેરબજાર માટે નુકસાનકારક સાબિત થશે. ક્રુડ અને ગેસના પુરવઠાને થોડે ઘણે અંશે હાની પહોંચશે.

પાંચ રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી છે.ચૂંટણીના પરિણામોની પણ નેગેટિવ-પોઝિટિવ અસર કદાચ બજાર પર જોવા મળી શકે છે. ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક પરિણામો પણ ધાર્યા કરતા નબળા આવવાની શક્યતા છે. એથી પણ આગળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક પરિણામો પણ નબળા આવવાની પૂરેપૂરી શક્યતા છે. ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ ચોમાસુ કદાચ થોડું નબળું જવાની શક્યતા છે. જેની પ્રતિકૂળ અસર આવનારા સમયમાં શેરબજાર પર જોવા મળી શકે છે.ભારત કૃષિ પ્રધાન દેશ છે અને જો ૨-૫ ટકા પણ વરસાદની ઘટ થાય, તો સરવાળે આપણા માટે નુકસાનકારક જ રહે.

આ સિવાય અન્ય કારણોની વાત કરીએ તો જે રીતે વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરો વેચી રહી છે તે જોતા આની અસર પણ પ્રતિકૂળ જ રહે. જો કે સ્થાનિક નાણાકીય સંસ્થાઓની ચિક્કાર લેવાલી બજારને ટકાવી રાખવા સક્ષમ છે અને અત્યારે પણ ભારતીય શેરબજાર જે રીતે ટકી ગયું છે તેનું કારણ લોકલ ખરીદી જ છે,તેવું કહી શકાય.



સૌથી અગત્યનો મુદ્દો એ પણ છે કે હજુ ટેરિફને લઈને કોઈ નિરાકરણ થયું નથી અને ટેરીફ મુદ્દે ભારતીય ડેલિગેશન અમેરિકાના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને ચર્ચા વિચારણાઓ કરીને, આ મુદ્દે પણ સમાધાન કરવાની કોશિશ કરી રહ્યા છે. અમેરિકાની વિઝીટ પણ કરી રહ્યા છે પરંતુ આ મુદ્દે કોઈ નક્કર સમાધાન થઈ રહ્યું નથી. જે આવનારા સમયમાં આપણા નિકાસને ખૂબ જ અસર કરતા સાબિત થશે.

એકમાત્ર આશા રોકાણકારો માટે એ છેકે આ આખું વર્ષ બાયબેક માટે ખૂબ જ સારું સાબિત થશે.કારણકે ૧ લી એપ્રિલ થી બાયબેક માં જનારા શેરો ને ડિવિડન્ડ ની આવક ગણવામાં નહીં આવે.પરંતુ જે કોઈની વ્યક્તિગત આવક ના પ્રમાણમાં લોંગ ટર્મ કે શોર્ટ ટર્મ ટેક્સ લાગશે. એટલા માટે બાયબેક માટે આ આખું વર્ષ સારું જશે અને જેટલી કંપનીઓ કેશ રિચ છે,ખૂબ જ સારું રિઝર્વ છે, તેવી કંપનીઓ પોતાના શેરો ના ભાવો ને ટકાવી અને રોકાણકારોને કોઈપણ રીતે વળતર આપવા માટે શેર બાયબેક ની સ્કીમ લઈને આવશે.તેમાં પણ ટેન્ડર રૂટથી બાયબેક આવશે તો રોકાણકારોને ફાયદો જ થવાનો છે.

ડોલર સામે રૂપિયાની વાત કરીએ તો રૂપિયાનું અવમૂલ્યન થવાથી પણ શેરબજારને નુકસાન જશે. આયાતો મોંઘા થશે.મોંઘવારી વધશે.કંપનીઓના પરિણામો પર પણ અસર પડશે.વ્યાજદરોમાં ઘટાડો થવો પણ કદાચ મુશ્કેલ થશે. એટલે બધી રીતે નુકસાનકારક સાબિત થશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર ચાર થી પાંચ કારણોને કારણે શેરબજાર માટે કપરા ચઢાણ લાગે છે. નબળું ચોમાસુ, ટેરીફ વિશે નક્કર પરિણામો ન આવવા, વિદેશી નાણાકીય સંસ્થાઓની સતત વેચવાલી, કંપનીઓના ત્રિમાસિક પરિણામો નબળા આવવાની શકયતા અને રૂપિયાનું અવમૂલ્યન.

આ સિવાય સૌથી મોટું કારણ છે યુદ્ધ. યુદ્ધ જો વધારે લાંબુ ચાલ્યું તો પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ શકે છે.જો યુદ્ધ થોડા દિવસોમાં પૂરું થઈ જાય તો પણ આવનારા છ થી આઠ મહિના શેર બજાર માટે કદાચ નબળા રહે.

# ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામજીનો કાલે જન્મોત્સવ

## શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૧૫-૧૬ અધ્યાયમાં પરશુરામના જીવનનો પરિચય અપાયો છે

**પ્રાસંગિક**
**ડો.વિરલ એસ.ભટ્ટ**

વૈશાખ સુદ ત્રીજ - અખાત્રીજના દિવસે, ભૂદેવોના અધિષ્ઠાતા દેવ વિદ્વાનોએ જેમને ભગવાન વાસુદેવના અંશરૂપ ગણ્યા છે તેવા ભૃગુકુલભૂષણ, કાલાગ્નિ સમાં દુઃસહ કૈલાસ સમ દુર્ઘર્ષ, વેદજ્ઞ પરશુરામજીનો જન્મોત્સવ છે.

શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૧૫-૧૬ અધ્યાયમાં પરશુરામના જીવનનો પરિચય અપાયો છે. સહસ્ત્રાર્જુન હૈહયકુળનો ક્ષત્રિયોનો રાજા હતો. ગુરુદત્તાત્રેયની કૃપાથી હજાર હાથ શત્રુઓમાં અજિતપણું, નાશ ન થાય તેવી ઈન્દ્રિયશક્તિ, લક્ષ્મી, બળ, યશ પ્રાપ્ત થયા હતા. આ સહસ્ત્રાર્જુન તપોધનમુનિ જમદગ્નિ (પરશુરામના પિતા) પાસે ગયો. જમદગ્નિએ કામધેનુના પ્રભાવથી રાજાઓથી ચઢિયાતો આદર સત્કાર કર્યો. સહસાર્જનની બુદ્ધિ બગડી. ઋષિની કામધેનુને (વાછરડા સાથે) બળજબરીથી લઈ પોતાની નગરીમાં જવા નીકળ્યો. પરશુરામને આ વાતની ખબર પડી એટલે અન્યાયી, અનીતિમાન, દુષ્ટ સહસ્ત્રાર્જુનની પાછળ વિકરાળ સિંહની માફક દોડ્યા સહસ્ત્રાર્જુને પરશુરામ સાથે ભયંકર યુદ્ધ કર્યું. પરશુરામે ફક્ત પોતાના ધનુષ-બાણ-પરશુ વડે અક્ષૌહિણી સેનાનો તથા સહસ્ત્રાર્જુનનો ધ્વંસ કર્યો. પરશુરામે કામધેનુને વાછરડા સાથે પાછી વાળી આશ્રમમાં પિતાજીને સોંપી દીધી. રાજાની હત્યા કરવા બદલ પરશુરામે પિતાની આજ્ઞાથી ભગવાનમાં મન લગાડી, તીર્થસવન કરી પોતાના પાપનો નાશ કર્યો.

વૈશાખ સુદ ત્રીજની પાવન તિથિએ વિષ્ણુ આવ્યા. ભગવાનના છઠ્ઠા અંશાવતાર ગણાતા ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. તેમના પ્રચંડ અને વિરાટ વ્યકિતત્વનો પરિચય ભગવદ્ ગોમંડળમાંથી મળે છે, તદ્અનુસાર વિશ્વામિત્રના જુહુ કુળના ઋષિ જમદગ્નિ અને ઈકવાકું વંશની રાજકન્યા રેણુકાના પુત્રોમાં સૌથી નાના પુત્ર રામ(પરશુરામ) હતા.

એક દિવસ રેણુકા સ્નાન કરવા નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જલક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ ઘેર આવી. તેની આ દશા જોઈને જમદગ્નિ બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે કોઈનાથી તેમ થઈ શક્યું નહીં. એવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા મળતાં જ માતાનું મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પરશુરામે કહ્યું કે, પહેલાં તો મારી માતાને સજીવન કરો, પછી એ વરદાનો આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરું અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહીં. જમદગ્નિએ તેમ જ કર્યું.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્ય અને સૂર્યપુત્ર કર્ણએ પણ પરશુરામ પાસેથી ધનુરર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. ભગવાન શિવે પરશુરામને પોતાનું ત્રયંબક નામનું ધનુષ આપીને કહ્યું હતું કે, જયારે એ ધનુષ ભાંગશે ત્યારે તારું તેજ જશે અને રામાવતાર થશે. આ શિવવાણી ત્રેતાયુગને અંતે સિદ્ધ થઈ હતી. પરશુરામ પશુપતિનાથના પરમ શિષ્ય, ભગવાન મહેશને પોતાના શિષ્યોની મનોભૂમિનો માપ કાઢવા એક અક્ષમ્ય ભૂલ કરી. પોતાના શિષ્યોની પરીક્ષા કરી. પોતાના ગુરૂનો મહિમા ઝંખવાય કે, નંદવાય નહિ એ માટે ગુરૂની અક્ષમ્ય ભૂલ હોવા છતાં અન્ય શિષ્યો ચૂપ રહ્યા, પરંતુ સ્પષ્ટ વાદી અને સત્યાદી પરશુરામથી રહેવાયું નહી. તેઓ ઉકળી ઉકયાં અત્યાચાર સામે આક્રોશ વ્યક્ત કરી, પરશુ ઉપાડી, શિવજીના મસ્તકે ફટકાર્યું, ભગવાન શંકર ઝખમી થયાં, પરંતુ અંદરથી પ્રસન્ન થયા અને કહ્યું , "તમારી પરીક્ષા અર્થે મે આ અન્યાયકારી પ્રયોગ કર્યો હતો. તમે આ કાર્ય ખોટુ હોવા છતાં સહી લીધું વાસ્તવમાં અધર્મ આચરનાર ગમે તેટલા ઉચ્ચ પદે હોય પણ તેની સામે અવાજ ન ઉઠાવનાર અધર્મી છે". આ રીતે પરશુરામે પોતાની ઓજસ્વીતા-તેજસ્વીતા તથા અધ્યાત્મિક્તા ખરા અર્થમાં પ્રગટ કરી છે, એનો આનંદ છે. અને આ અવસરની અમર યાદ રૂપે ભગવાન આશુતોષે 'ખડગ પરશુ' નામ ધારણ કરી પરાક્રમી, સત્યવાદી, પરશુરામને સન્માનિત કર્યા.

વાલ્મીકી રામાયણનાં બાલકાંડમાં ભગવાન શ્રીરામ પોતાના શ્રીમુખે કહે છે "હે ભૃગુનન્દના આપ પિતાના ઋણમાંથી મુકત થવા ક્ષત્રિય સંહારની જે કામના કરી, અને અમો સર્વે અનુમોદન આપીએ છીએ". આમ ભગવાન પરશુરામે અનિતિવાન ક્ષત્રિયો આતતાયીઓને મારી સાચા અર્થમાં ધર્મ શાંતિની સ્થાપના કરી અને પોતાના પિતૃ અને મહર્ષિ કશ્યપના આદેશ અનુસાર અસ્ત્ર, શસ્ત્ર છોડી મહેન્દ્રગીરી પર્વત પર તપસ્યા કરવા ચાલ્યા ગયા અને પોતાની પાસેના અંતીમ ત્રણ શસ્ત્રો દ્રોણાચાર્યને આપી દીધા તથા જીતેલા એકવીસ રાજયો પોતાના ગુરૂ કશ્યપને અર્પણ કરી દીધા.

### મોદી સરકારને ૧૨ વર્ષમાં પહેલીવાર સંસદમાં હારનો સામનો કરવો પડ્યો!

# વિપક્ષના વિરોધને કારણે મહિલા અનામત બિલ લોકસભામાં અટક્યું

### ૨૯૮ સાંસદોએ બિલના સમર્થનમાં અને ૨૩૦ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું, બિલ પાસ કરવા માટે ૩૫૨ મતોની જરૂર હતી

## મોદીએ સાંસદોને અંતરાત્માનો અવાજ સાંભળવા કરી હતી અપીલ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોને તેમના પરિવારોની મહિલાઓને યાદ કરીને અંતરાત્માના આધારે મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૪ દાયકાથી મહિલાઓનું પ્રતિનિધિત્વ મર્યાદિત રહ્યું છે અને ભારતભરની કરોડો મહિલાઓ આ નિર્ણય તરફ જોઈ રહી છે.

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની અંતિમ ઘડીની અપીલ છતાં, લોકસભામાં એકજૂથ વિપક્ષે મહિલા અનામત બિલ (બંધારણ ૧૩૧મો સુધારો બિલ) ને અટકાવી દીધું છે. આ સાથે જ મોદી સરકારને છેલ્લા ૧૨ વર્ષમાં પહેલીવાર સંસદમાં કોઈ કાયદાકીય હારનો સામનો કરવો પડ્યો છે. બિલને પસાર થવા માટે ગૃહમાં હાજર સભ્યોમાંથી ૨ તૃતીયાંશ (૩૫૨) મતોની જરૂર હતી, પરંતુ તેની તરફેણમાં માત્ર ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા.

વિપક્ષી દળોનો આરોપ હતો કે ૨૦૨૯ થી મહિલા ક્વોટાનું વચન આપતું આ બિલ દક્ષિણ ભારતના રાજ્યોનું પ્રતિનિધિત્વ ઘટાડવા, ભાજપના ફાયદા માટે રાજકીય નકશો ફરીથી દોરવા અને જાતિ ગણતરીમાં વિલંબ કરવાનું એક ષડયંત્ર છે. આ મામલે ગૃહમંત્રી અમિત શાહે ખાતરી આપી હતી કે દક્ષિણના રાજ્યોનું વજન સીમાંકન બાદ આંશિક રીતે વધશે અને સરકાર જાતિ ગણતરી કરાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે બિલમાં એવો સુધારો કરવાની પણ ઓફર કરી હતી કે તમામ રાજ્યોમાં લોકસભાની બેઠકો ૫૦% વધશે, છતાં વિપક્ષ સહમત થયો ન હતો.

આ મુખ્ય બિલ પસાર ન થવાને કારણે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે સીમાંકન સહિત અન્ય ૨ બિલ, જે આ મુખ્ય દરખાસ્ત સાથે જોડાયેલા છે, તે પણ પાછા ખેંચી લેવામાં આવશે. ભૂતકાળમાં ખેડૂત આંદોલનને કારણે ૨૦૨૧ માં કૃષિ કાયદા પાછા ખેંચવા પડ્યા હતા, પરંતુ સંસદમાં વોટિંગ દ્વારા સરકારના બિલની હાર થઈ હોય તેવી આ ૧ લી ઘટના છે. હવે આ બિલો રાજ્યસભામાં રજૂ કરવામાં નહીં આવે.વોટિંગ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોને તેમના અંતરાત્માના અવાજ પર મતદાન કરવા અને મહિલાઓને તેમનો હક આપવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા ૪ દાયકાથી વિધાનસભાઓ અને સંસદમાં મહિલા અનામતનો મુદ્દો અટકેલો છે. સરકારે બિલ સંબંધિત તમામ આશંકાઓ અને ગેરસમજોને તથ્યો અને તર્ક સાથે દૂર કરી છે. તેમણે નારી શક્તિ વતી તમામ સભ્યોને બિલને સમર્થન આપવા વિનંતી કરી હતી.

લોકસભામાં બિલ પાડી દેવામાં આવ્યા બાદ ભાજપના નેતાઓએ કોંગ્રેસ અને અન્ય ઈન્ડિયા ગઠબંધનના સભ્યોને ''મહિલા વિરોધી'' ગણાવ્યા હતા. શાસક એનડીએ ના મહિલા સાંસદોએ સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. એનડીએ ના સભ્યોએ એક બેઠક પણ યોજી હતી અને તેમના વિરોધીઓ સામે મોટા પાયે પ્રદર્શન કરે તેવી શક્યતા છે. શનિવારે સંસદની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે મુલતવી રાખવામાં આવે તેવી શક્યતા છે.



### વોટિંગના આંકડા

- ★ બિલની તરફેણમાં: ૨૯૮ મત
- ★ બિલના વિરોધમાં: ૨૩૦ મત
- ★ બિલ પાસ કરવા માટે જરૂરી મત: ૩૫૨
- ★ પરિણામ: મોદી સરકારની ૧૨ વર્ષમાં પ્રથમ કાયદાકીય હાર.

### હોર્મુઝ ખોલવા અંગે હજુ પણ અસ્પષ્ટતા?

ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફે સોશિયલ મીડિયા પોસ્ટમાં ચેતવણી આપી કે જો અમેરિકા પોતાની નાકાબંધી ચાલુ રાખશે, તો હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો રહેશે નહીં અને ત્યાંથી પસાર થવા માટે ઈરાનની પરવાનગી જરૂરી રહેશે. જ્યારે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ યુએસસીસી એ કહ્યું છે કે નાકાબંધી ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેને હટાવવાનો આદેશ ન આપે. ટ્રમ્પે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી ઈરાન શાંતિ કરાર પર હસ્તાક્ષર ન કરે, ત્યાં સુધી નાકાબંધી હટશે નહીં.

## અમિત શાહની મથામણ એળે ગઈ



ગૃહમંત્રી અમિત શાહે ચર્ચા દરમિયાન વિપક્ષને મનાવવા માટે ગૃહને ૧ કલાક માટે મુલતવી રાખીને બિલમાં સુધારો લાવવાની ઓફર કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે દરેક રાજ્યમાં લોકસભાની બેઠકોમાં ૫૦% નો વધારો કરવામાં આવશે, જેથી દક્ષિણ ભારતના રાજ્યો સાથે ભેદભાવના આક્ષેપોને નકારી શકાય.

### અન્ય ૨ બિલો પર અસર

મહિલા અનામત બિલ પસાર ન થઈ શકવાને કારણે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જાહેરાત કરી છે કે આ બિલ સાથે જોડાયેલા અન્ય ૨ બિલો પાછા ખેંચવામાં આવશે. આમાં સીમાંકન પંચની રચના કરવા અંગેના બિલનો પણ સમાવેશ થાય છે અને આ બિલો હવે રાજ્યસભામાં રજૂ થશે નહીં.

# સોના-ચાંદીના આયાતકારોને મોટી રાહત: ૧૫ બેંકોને આયાત માટે ૩ વર્ષની મંજૂરી મળી

### અક્ષય તૃતીયા પહેલા જ્વેલર્સ માટે સારા સમાચાર, કસ્ટમમાં અટવાયેલો જથ્થો ક્લિયર થશે

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે સોના અને ચાંદીના આયાતકારોને મોટી રાહત આપતા ૧૫ બેંકોને બંને કિંમતી ધાતુઓની આયાત કરવા માટે અધિકૃત કરી છે. આ ઉપરાંત અન્ય ૨ બેંકોને માત્ર સોનાની આયાત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ નવી મંજૂરી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ કરીને આગામી ૩ વર્ષ માટે લાગુ કરવામાં આવી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) તરફથી આ ઓથોરાઈઝેશન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા ૬ એપ્રિલના રોજ નોમિનેટ કરાયેલી બેંકોની યાદી બહાર પાડ્યાના ૧૦ દિવસ બાદ આવ્યું છે. જોકે, આ નોટિફિકેશનમાં થયેલા વિલંબને કારણે બેંકોએ ફરજિયાતપણે આ કિમતી ધાતુઓની આયાત રોકવી પડી હતી.

અહેવાલો મુજબ, નવા આદેશના અભાવે કસ્ટમ ક્લિયરન્સ માટે ૫ મેટ્રિક ટનથી વધુ સોનું અને આશરે ૮ મેટ્રિક ટન ચાંદી અટવાઈ ગઈ હતી. સામાન્ય રીતે આવો ઓર્ડર દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં જારી કરવામાં આવે છે અને અગાઉનું નોટિફિકેશન ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી જ માન્ય હતું. એક અધિકારીના જણાવ્યા મુજબ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ પર વધુ ધ્યાન હોવાને કારણે આ નિયમિત ઓર્ડર પ્રત્યે પૂરતું ધ્યાન ગયું ન હતું.

જ્વેલરી ઉદ્યોગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આ એક નિયમિત નોટિફિકેશન છે પરંતુ અત્યંત જરૂરી છે, કારણ કે અગાઉના ઓથોરાઈઝેશનની મુદત સમાપ્ત થયા પછી બેંકો સોનાની આયાત કરી શકતી નથી. આરબીઆઈ ના આદેશ બાદ ડીજીએફટી અને કસ્ટમ વિભાગે તેમના સંબંધિત નોટિફિકેશન બહાર પાડવાના હોય છે. કસ્ટમ અધિકારીઓએ પણ સ્પષ્ટ કર્યું હતું કે શિપમેન્ટ માત્ર ડીજીએફટી ની મંજૂરી સાથે જ ક્લિયર થવાના હતા.

શુક્રવારે બહાર પાડવામાં આવેલું આ નવું નોટિફિકેશન હવે ૩૧ માર્ચ, ૨૦૨૯ સુધી માન્ય રહેશે. અગાઉ આયાત માટેની મંજૂરીઓ માત્ર ૧ વર્ષ માટે જ માન્ય રહેતી હતી.

પરંતુ હવે તેને વધારીને ૩ વર્ષ માટે આપવામાં આવી છે. ઉદ્યોગ જગત દ્વારા આ નિર્ણયને એક સકારાત્મક પગલા તરીકે આવકારવામાં આવ્યો છે.

### અક્ષય તૃતીયા પહેલા મોટી રાહત

મુંબઈ સ્થિત સિનિયર કસ્ટમ અધિકારીઓએ જણાવ્યું હતું કે ડીજીએફટી ના આદેશ સાથે જ હવે અટવાયેલા શિપમેન્ટને પ્રાથમિકતાના ધોરણે ક્લિયર કરવામાં આવશે. અક્ષય તૃતીયા બુલિયન ડિમાન્ડ માટેનો પીક સમયગાળો છે, ત્યારે સર્જાયેલી આ મૂંઝવણ નવા આદેશથી દૂર થઈ છે. ટ્રાન્ઝિટમાં રહેલા શિપમેન્ટ માટે કોઈ છૂટછાટ આપવામાં આવી ન હતી, પરંતુ હવે કામગીરી ઝડપી બનશે.



### આયાત માટે અધિકૃત બેંકોની યાદી

એક્સિસ બેંક, બેંક ઓફ ઈન્ડિયા, ફેડરલ બેંક, એચડીએફસી બેંક અને ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના અધિકૃત બેંકોની યાદીમાં યથાવત છે. આ ઉપરાંત ગયા વર્ષે યાદીમાં ન હોય તેવી બેંક ઓફ ઈન્ડિયા, ડોઈશ બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને પંજાબ નેશનલ બેંક નો નવો ઉમેરો કરાયો છે. જ્યારે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને રશિયાની સ્બેરબેંક ને માત્ર સોનાની જ આયાત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

# તમિલનાડુમાં વેકેશન માણવા જતા શિક્ષકોની વાન ખીણમાં ખાબકી: ૯ના મોત

### કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતા: પીએમ મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું

**અબતક, રાજકોટ**

તમિલનાડુના વાલપરાઈમાં શુક્રવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કેરળથી પ્રવાસે આવેલા શિક્ષકો અને તેમના પરિવારજનોની વાન ઉંડી ખીણમાં ખાબકતા ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતા. તેઓ પ્રસિદ્ધ અતિરાપલ્લી વોટરફોલ જોઈને વાલપરાઈ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ચાલકે વાન પરથી કાબૂ ગુમાવતા વાન સીધી ઉંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. કેરળ પોલીસ આ મામલે તમિલનાડુ પોલીસના સતત સંપર્કમાં છે. દુર્ઘટનાના સમાચાર મળતા જ શાળાના વાલીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં શાળાએ ઉમટી પડ્યા હતા, સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અકસ્માત અંગે ઘેરા દુખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કરીને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરી અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી છે. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને પણ આ ઘટનાને અત્યંત પીડાદાયક ગણાવી છે અને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય મદદની ખાતરી આપી છે.



## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૩૯મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



વાલજીભાઈ ગણેશભાઈ વાઘેલીયાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૩૯ ચક્ષુદાન થયેલ છે.

આ ચક્ષુદાન મનીષભાઈ પ્રજાપતીના સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન- સ્કીન ડોનેશન- દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

### ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેનો તણાવ હવે શાંત થવા તરફ

# વિશ્વ આખાને રાહત: ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ તમામ જહાજો માટે ખુલ્લું મૂક્યું

### દોઢ મહિનાથી ચાલી રહેલો તણાવ ઘટ્યો, ક્રૂડ ઓઈલના ભાવમાં ૧૦%થી વધુનો કડાકો

**અબતક, નવી દિલ્હી**



ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને તમામ કોમર્શિયલ જહાજો માટે સંપૂર્ણપણે ખોલી દેવામાં આવતા વૈશ્વિક વેપાર અને એનર્જી માર્કેટ માટે એક મોટી રાહતના સમાચાર સામે આવ્યા છે. આ સાંકડા દરિયાઈ માર્ગને લઈને છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલો તણાવ હવે ઓછો થશે. આ દરમિયાન અમેરિકા તરફથી પણ સતત સંકેત મળી રહ્યા છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં કોઈ મોટી સમજૂતી થઈ શકે છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થપાવાની આશા જાગી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેના ગતિરોધનું જેટલું મોટું કારણ તેહરાનનો પરમાણુ કાર્યક્રમ છે, તેટલું જ મોટું કારણ હોર્મુઝ પણ બની ગયું હતું. બંને દેશો વચ્ચે પ્રથમ તબક્કાની વાતચીત નિષ્ફળ જવા પાછળનું એક મુખ્ય કારણ હોર્મુઝ જ હતું. આ ઉપરાંત લેબેનોન પર ઈઝરાયેલના સતત હુમલાઓને કારણે વાતચીત અત્યંત અવિશ્વાસભર્યા માહોલમાં થઈ હતી. પરંતુ હવે ઈઝરાયેલ અને લેબેનોન ૧૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા છે, તેથી ઈરાને પણ સકારાત્મક વલણ દાખવીને હોર્મુઝ ખોલવાનો મોટો નિર્ણય લીધો છે.

સોમવારથી ચાલી રહેલી અમેરિકન નૌકાદળની નાકાબંધી વચ્ચે શુક્રવારે પ્રથમ વખત ઈરાનના એક ઓઈલ શિપમેન્ટે ખાડી પાર કરી તે એક હકારાત્મક બાબત છે. આ તમામ ઘટનાક્રમો આગામી સમજૂતીની દિશામાં મહત્વના પગલાં માનવામાં આવે છે. તેનાથી વાતચીત માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં મદદ મળશે. જોકે, નિષ્ણાતો માને છે કે હવે કોઈપણ પક્ષને વાતાવરણ બગાડવાની છૂટ ન આપવી જોઈએ અને હિંસા વધારવાનો પ્રયાસ કરતા તત્વોથી સાવચેત રહેવું અત્યંત જરૂરી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે હાલમાં બીજા તબક્કાની વાતચીત માટે પૃષ્ઠભૂમિ તૈયાર થઈ રહી છે ત્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બે મોટા દાવા કર્યા છે. પહેલો દાવો એ છે કે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહ્યું છે અને બંને દેશો શાંતિ કરારની ખૂબ નજીક છે. તેમનો બીજો દાવો વધુ રસપ્રદ છે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સમૃદ્ધ યુરેનિયમ સોંપવા માટે સંમત થઈ ગયું છે. આ નિવેદનો સ્પષ્ટ ઈશારો કરી રહ્યા છે કે અમેરિકા આ જંગનો અંત લાવવા માંગે છે.

આ યુદ્ધ અટકવું જ જોઈએ કારણ કે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ ચેતવણી આપી છે કે પશ્ચિમ એશિયામાં થયેલા નુકસાનને કારણે તેલ ઉત્પાદનને યુદ્ધ પહેલાની સ્થિતિમાં લાવવામાં લગભગ ૨ વર્ષ લાગશે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીની હોર્મુઝ ખોલવાની જાહેરાત બાદ ક્રૂડ માર્કેટમાં મોટી રાહત જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડ ૧૦% ઘટીને ૮૯.૧૧ ડોલર પ્રતિ બેરલ અને અમેરિકન બેન્ચમાર્ક ડબ્લ્યુટીઆઈ ૧૧% ઘટીને ૮૪.૧૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે સારા સંકેત છે.

### ઈઝરાયેલ-લેબેનોન યુદ્ધવિરામ

ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. આ યુદ્ધવિરામને કારણે બંને પક્ષો વચ્ચેનો અવિશ્વાસ ઘટ્યો છે અને શાંતિ વાટાઘાટો માટે હકારાત્મક માહોલ ઊભો થયો છે, જેના પરિણામે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાનો સકારાત્મક નિર્ણય લીધો છે.

### તેલના ભાવમાં મોટો ઘટાડો

હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાના સમાચાર અને અમેરિકા-ઈરાન વચ્ચે સમજૂતીની આશાને પગલે તેલની કિંમતોમાં ભારે ઘટાડો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૦% ઘટીને ૮૯.૧૧ ડોલર પ્રતિ બેરલ અને ડબલ્યુટીઆઈ ક્રૂડ ૧૧% ઘટીને ૮૪.૧૧ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે.

### અમેરિકા-ઈરાન શાંતિ કરારની નજીક: ટ્રમ્પનો દાવો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન શાંતિ કરારની ખૂબ નજીક છે. વધુમાં, તેમણે જણાવ્યું છે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતું સમૃદ્ધ યુરેનિયમ અમેરિકાને સોંપવા માટે સંમત થઈ ગયું છે.

### રિકવરીમાં ૨ વર્ષ જેટલો સમય લાગશે

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે થયેલા નુકસાનને લીધે તેલ ઉત્પાદનને ફરીથી સામાન્ય સ્થિતિમાં લાવવામાં લગભગ ૨ વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે. આથી બંને દેશો વચ્ચે ઝડપી શાંતિ કરાર વિશ્વના અર્થતંત્ર માટે જરૂરી છે.

### સ્ટાર્ટઅપ્સને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્લેટફોર્મ પુરૂ પાડવા

# આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશન અને ઈગ્નીશન કેપિટલ વચ્ચે એમઓયુ

## અદાણી, ટાટા અને એરટેલ જેવી કંપનીઓ સાથેના જોડાણ બાદ હવે ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે પણ એઆઈએફના મજબૂત પગલા

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા ગુજરાતના સૌથી મોટા સ્ટાર્ટઅપ કાર્યક્રમો 'ફોરરનર' અને 'સ્ટાર્ટઅપ મહાસંગમ'ની સફળતા બાદ હવે ઉદ્યમિતા ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. આ કડીમાં આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશને પ્રતિષ્ઠિત સ્ટાર્ટઅપ એડવાઈઝરી સંસ્થા 'ઈગ્નીશન કેપિટલ એડવાઈઝર્સ' સાથે વ્યૂહાત્મક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારી હેઠળ આગામી સમયમાં ત્રણ મોટા 'ડેમો ડે' (સ્ટાર્ટઅપ ઈન્વેસ્ટમેન્ટ રાઉન્ડ્સ) યોજાશે, જેમાં પસંદગી પામેલા સ્ટાર્ટઅપ્સને સીધા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ઈન્વેસ્ટર્સ સમક્ષ પોતાનું પ્રેઝન્ટેશન આપીને ફંડિંગ મેળવવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે.

આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ એમઓયુ સમારોહમાં સંસ્થાના વિવિધ મહાનુભાવો અને ઉદ્યોગ જગતના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. આ



કાર્યક્રમમાં આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશનના હેડ ડો. કૌશલ બોરીસાગર, ઈગ્નીશન કેપિટલના ડાયરેક્ટર ઉત્પલ દોશી અને સૌરાષ્ટ્રની પ્રથમ સેમિકન્ડક્ટર પહેલ કરનાર મર્મિક ભટ્ટ હાજર રહ્યા હતા. આ ઉપરાંત આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. રાકેશકુમાર મુદગલ, રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસ અને ડો. આશિષ કોઠારી સહિતના અગ્રણીઓએ પણ આ પહેલને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે એઆઈએફ અગાઉ અદાણી ગ્રુપ, ટાટા સન્સ અને એરટેલ જેવી દિગ્ગજ કોર્પોરેટ કંપનીઓ તેમજ ૧૮થી વધુ ઈન્ક્યુબેટર્સ સાથે જોડાણ કરી ચૂકી છે.

સ્ટાર્ટઅપ્સને માત્ર ફંડિંગ જ નહીં પરંતુ માર્કેટિંગ અને ડિઝાઈનમાં પણ સક્ષ્જ કરવા માટે એઆઈએફ દ્વારા 'મોશનજિલિટી' સાથે સહયોગ સાધવામાં આવ્યો છે, જે સ્ટાર્ટઅપ્સને 'ઈન્વેસ્ટમેન્ટ-રેડી'ની સાથે 'માર્કેટ-રેડી' બનાવવામાં મદદ કરશે. આ અનોખી ઈકોસિસ્ટમ દ્વારા પ્રતિભાશાળી ઉદ્યોગસાહસિકોને 'શાર્ક ટેન્ક' જેવા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પ્લેટફોર્મ સુધી પહોંચવા માટેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશનની આ પહેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ બહારના ઉદ્યોગસાહસિકો માટે નવીનતા પ્રોત્સાહિત કરવા, ફંડિંગની સુવિધાઓ વધારવા અને વિશાળ રોજગારની તકો ઉભી કરવા માટે એક મજબૂત માધ્યમ સાબિત થશે.

# વિશ્વ ધરોહર દિવસ નિમિત્તે ટપાલ ટિકિટો અને સ્પેશિયલ કવરના માધ્યમથી વારસાનું પ્રદર્શન

## જ્યુબિલી ગાર્ડનથી હેડ પોસ્ટ ઓફિસ સુધી 'હેરિટેજ વોક' યોજાઈ : નિષ્ણાંતો દ્વારા ઐતિહાસિક ઈમારતો અને સ્થાપત્ય કળાના મહત્વ વિશે સહભાગીઓને અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

વિશ્વ ધરોહર દિવસ ૨૦૨૬ નિમિત્તે રાજકોટ ટપાલ વિભાગ, ફિલાટેલી બ્યુરો અને ઈન્ટેક રાજકોટ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જ્યુબિલી ગાર્ડનથી મહાત્મા ગાંધી મ્યુઝિયમ થઈ રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ સુધીની 'હેરિટેજ વોક' (વારસા પદયાત્રા) યોજાઈ હતી, જેમાં પોસ્ટમાસ્ટર જનરલ પવનકુમાર દાલમિયા સહિતના મહાનુભાવો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ૧૦૦થી વધુ હેરિટેજ પ્રેમીઓ જોડાયા હતા. આ પદયાત્રા



દરમિયાન નિષ્ણાતો દ્વારા સહભાગીઓને રાજકોટની ઐતિહાસિક ઈમારતોના સ્થાપત્ય અને તેના સંરક્ષણના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

આ વિશેષ અવસરે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટમાસ્ટર જનરલના હસ્તે એક 'વિશેષ રદ્દબાતલ' બહાર પાડવામાં આવ્યું હતું, જે ફિલાટેલી બ્યુરો ખાતે એક મહિના સુધી ઉપલબ્ધ રહેશે. આ સાથે જ, ૧૮ થી ૨૦ એપ્રિલ સુધી ત્રણ દિવસ માટે ટપાલ ટિકિટો અને સ્પેશિયલ કવરનું એક ભવ્ય ફિલાટેલી પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ પ્રદર્શન સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે નિઃશુલ્ક રહેશે, જેમાં વિદ્યાર્થીઓ અને નાગરિકોને ટપાલ ટિકિટોના માધ્યમથી ભારતની સમૃદ્ધ વિરાસતને નિહાળવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લોકો આપણી સાંસ્કૃતિક ધરોહરને ઓળખે : પોસ્ટમાસ્ટર જનરલ પવનકુમાર ડાલમિયા

પોસ્ટમાસ્ટર જનરલ પવનકુમાર ડાલમિયાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ''વિશ્વ હેરિટેજ દિવસ નિમિત્તે આ વર્ષની થીમ 'લિવિંગ હેરિટેજ' હેઠળ ગુજરાતના ગૌરવ સમાન પટોળા અને ગરબાને દર્શાવતું વિશેષ કેન્સલેશન રિલીઝ કરવામાં આવ્યું છે, જે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસમાં એક મહિના સુધી ઉપલબ્ધ રહેશે. ઈન્ટેક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હિસ્ટ્રી ડિપાર્ટમેન્ટના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં હેરિટેજ વોક દ્વારા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ત્રણ દિવસીય પ્રદર્શન અને 'માય સ્ટેમ્પ' યોજના દ્વારા લોકો આપણી સંસ્કૃતિ અને વારસાને વધુ નજીકથી જાણે અને જાગૃત બને તેવો અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.



# કાટમાળના ઢગલા વચ્ચે મહાદેવનો એકાંતવાસ: જળાભિષેક કોણ કરશે?



તસ્વીર: શૈલેષ વાડોલીયા

## મકાનો જમીનદોસ્ત થતા ભોળાનાથ એકલા પડ્યા; જેમના ઘર તૂટ્યા એ ભક્તોની ભીની આંખે વિદાય, હવે ઉજ્જડ કાટમાળ વચ્ચે કોણ પ્રગટાવશે આસ્થાનો દીવો?

**અબતક, રાજકોટ**

રાજકોટના લક્ષ્મીનગર વિસ્તારમાં રેલવે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ડિમોલેશનની કાર્યવાહીમાં એક હૃદયસ્પર્શી દ્રશ્ય સર્જાયું છે. રેલવેની જમીન પરના દબાણો હટાવવા માટે જ્યારે બુલડોઝર ગર્જ્યાં, ત્યારે અનેક પરિવારોના વર્ષો જૂના આશિયાના જમીનદોસ્ત થઈ ગયા, પરંતુ આ તબાહી વચ્ચે ભગવાન ભોળાનાથનું નાનકડું શિવાલય અકબંધ રહ્યું છે. તંત્રએ ધાર્મિક મર્યાદા જાળવીને શિવલિંગ અને ગર્ભગૃહને આંચ આવવા દીધી નથી, છતાં ચારેતરફ ફેલાયેલા કાટમાળ વચ્ચે બિરાજમાન મહાદેવ જાણે એકલા પડી ગયા હોય તેવી કરુણ સ્થિતિ નિર્માણ પામી છે.

આ ઘટનાએ શ્રદ્ધાળુઓમાં ઘેરો શોક જગાવ્યો છે, કારણ કે જે ભક્તો દરરોજ સવારે શિવાલયમાં જળાભિષેક અને પૂજા-અર્ચના કરતા હતા, તેઓ આજે પોતે બેઘર બની ગયા છે. રહીશોની આંખોમાં આંસુ સાથે એક જ સવાલ છે કે, પથ્થરના ભગવાન તો સુરક્ષિત છે, પણ તેમની ભક્તિ કરનારો ગરીબ માણસ રસ્તા પર આવી ગયો છે, હવે આ ઉજ્જડ કાટમાળ વચ્ચે દાદાને બિલ્વપત્ર કોણ ચડાવશે અને આરતીના ઝાલર કોણ વગાડશે? સરકારી કાગળ પરથી દબાણો તો દૂર થઈ ગયા, પરંતુ વર્ષો જૂની આસ્થા અને ભક્તોના હૃદયમાં રહેલા શ્રદ્ધાના સ્થાન પર ઉભેલા આ સવાલો આજે પણ વણઉકેલ્યા છે.

# ગણેશ ચોથ: સોમવારે નવા ઘઉંના લાડુનો ભોગ ધરાવી ભક્તો કરશે વિઘ્નહર્તાની પૂજા


## પંચાંગ મુજબ સોમવારે ગણેશ જન્મોત્સવનું મહાત્મ્ય; દરવાજા પર 'શ્રી ૧૧' અને 'શુભ-લાભ' લખી રિદ્ધિ-સિદ્ધિને ઘરે પધારવા કરાશે આહ્વાન

**અબતક રાજકોટ**

વૈશાખ મહિનાની શુક્લ પક્ષની ચોથ તિથિ એટલે કે 'ગણેશ ચોથ'નું ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અનેરું ધાર્મિક મહત્વ છે. આ વર્ષે પંચાંગના નિયમ અને તિથિના ક્ષયને જોતા સોમવાર, ૨૦ એપ્રિલના રોજ ગણેશ ચોથની ઉજવણી કરવામાં આવશે. માન્યતા મુજબ આ દિવસે ગણપતિ દાદાના લગ્ન થયા હોવાથી તેમને સપરિવાર પૂજવાનો વિશેષ મહિમા છે.

આ પર્વ સાથે લોકજીવનની વર્ષો જૂની પરંપરા જોડાયેલી છે. ગણેશ ચોથના દિવસે નવા ઘઉંમાંથી ગોળના લાડુ બનાવીને ગણપતિ દાદાને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. આ પરંપરા પાછળનો હેતુ એ છે કે નવા વર્ષના ઘઉંનો ઉપયોગ શરૂ કરતા પહેલા પ્રથમ પૂજ્ય દેવને અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે. આ દિવસે ઘરના મુખ્ય દ્વાર પર સિંદૂરથી 'શુભ-લાભ' અને 'શ્રી ૧૧' લખવાથી ઘરમાં રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ થાય છે અને વિઘ્નો દૂર થાય છે તેવી અતૂટ શ્રદ્ધા ભક્તોમાં જોવા મળે છે.

શાસ્ત્રોક્ત વિધિ મુજબ સોમવારે સવારે બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરી, ઘઉંની ઢગલી પર ગણેશજીની સ્થાપના કરી, સોપારીના સ્વરૂપે રિદ્ધિ-સિદ્ધિને બિરાજમાન કરવામાં આવશે. લાલ ફૂલ, જનોઈ, દૂર્વા અને અબીલ-ગુલાલ ચડાવીને દાદાની આરાધના કરાશે. લગ્ન જેવા પ્રસંગોમાં જે 'માતૃકા' પૂજન અને 'દેરડી' પૂજા કરવામાં આવે છે તે હકીકતમાં ગણેશજીનો જ પરિવાર છે, જે આજે ઘરે-ઘરે પૂજાશે. ભક્તો વિઘ્નહર્તા પાસે પોતાના જીવનમાં કોઈ પણ વિઘ્નો ન આવે તેવી પ્રાર્થના કરી ધન્યતા અનુભવશે.



### ગણપતિદાદાની પુજા અને મંત્ર

ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પુજા કરી શકાય

| | |
|---|---|
| ઓમ કપર્દિગણનાથાય નમઃ | પગની પૂજા કરવી |
| ઓમ ગણેશાય નમઃ | ગોઠણની પુજા કરવી |
| ઓમ ગણનાથાય નમઃ | સાથળની પુજા કરવી |
| ઓમ રણકીડાય નમઃ | કટિની પૂજા કરવી |
| ઓમ વક્રતુંડાય નમઃ | હૃદયની પૂજા કરવી |
| ઓમ લંબોદરાય નમઃ | કંઠની પૂજા કરવી |
| ઓમ હેરંબાય નમઃ | હાથની પૂજા કરવી |
| ઓમ વિકટાય નમઃ | મુખની પૂજા કરવી |
| ઓમ વિઘ્નરાજાય નમઃ | નેત્રની પૂજા કરવી |
| ઓમ ધુમવર્ણય નમઃ | મસ્તકની પૂજા કરવી |
| ઓમ કપર્દિનેમ નમઃ | બોલી દાદાના આખા શરીર પર ચોખા ચડાવા |

આમ ગણપતિ દાદાની પૂજા કરવાથી અને ગણેશ ચોથના બુધવાર ના દિવસે વ્રત રહેવાથી ઘરમાં રિધ્ધિ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકોને જીવનમાં વારંવાર વિઘ્નો આવતાં હોય તથા જે લોકોને પોતાનું મકાન નો હોય તેવા લોકોએ ગણપતિદાદાની પૂજા કરવાથી જીવનના વિઘ્નો દૂર થાય છે અને પોતાના રહેવાના મકાનની પ્રાપ્તિ થાય છે.

સંકલનઃ શાસ્ત્રી રાજદીપ જોશી

### સામાજિક એકતા અને યુવાનોમાં ટીમ સ્પિરીટનો સંચાર કરવા

# જૈન સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશનની જેપીએલ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૨ ટીમો વચ્ચે જામશે જંગ

## અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

જૈન સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા માત્ર જૈન ખેલાડીઓ માટે આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ ''જેપીએલ સીઝન-૭''ની ભવ્ય જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે આઈપીએલના ફોર્મેટમાં રમાનારી આ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧૨ ટીમો અને ૧૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ શહેરોમાંથી ખેલાડીઓ આ સ્પર્ધામાં જોડાશે, જે આ ઈવેન્ટને વધુ રોમાંચક અને ભવ્ય બનાવશે. છેલ્લા ૧૨ વર્ષથી ડે-નાઈટ ટુર્નામેન્ટનું સફળ



તસ્વીર: શૈલેષ વાડોલીયા

આયોજન કરતી જેએસઓ સંસ્થા આ વખતે પણ એક નવું નજરાણું પીરસવા સજ્જ થઈ છે.

અબતક મીડિયા હાઉસની મુલાકાતે આવેલા આયોજક માનસભાઈ રૂપાણી, ચિરાગભાઈ મહેતા, અને ચિંતનભાઈ મહેતાએ જૈન પ્રીમિયર લીગ સીઝન ૭ની વિગતો આપવા જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટ આગામી ૨૦ એપ્રિલથી ૨૬ એપ્રિલ દરમિયાન

(અનુ. આઠમા પાને)

### ટીમો અને કેપ્ટન

| | |
|---|---|
| ગેમ સિંગર્સ - | હાર્દિક કોઠારી |
| ટોકો ટાઈટન્સ - | જયદીપ વોરા |
| ફાયર બર્ડ્સ - | માનસ રૂપાણી |
| બિગ બુલ - | સાગર હપાણી |
| જૈનમ - | ધૈર્ય પારેખ |
| એન્ડ્રોમેડા - | મિકીલ વોરા |
| ક્રિકેટ લવર્સ - | ઉમંગ ગોસલિયા |
| ઈએસએસ ઈએસએસ ૧૧ - | નીલ કામદાર |
| પી.એચ. પટેલ - | હિત અવલાણી |
| ફ્રેન્ડ્સ એકસઆઈ - | ઋષભ શાહ |
| વેન્શન વેક્ટર્સ - | પ્રતીક શાહ |
| સ્લોગ સ્વીપર્સ - | હિરેન શેઠ |

## સ્પોર્ટ્સ અબતક

# ગુજરાત ટાઈટન્સે જીતની હેટ્રિક લગાવી: કોલકતાને પાંચ વિકેટે હરાવ્યું

### કોલકતા નાઈટ રાઈડર્સ ૨૦૨૬ની સિઝનમાં હજી પણ વિજયથી વંચિત: શુભમન ગિલની કેપ્ટન ઈનિંગ, આક્રમક ૮૬ રન બનાવ્યા



## શુભમને વિરાટને પાછળ છોડી દીધો

શુભમન ગિલે ઓરેન્જ કેપની રેસમાં વિરાટ કોહલીને પાછળ છોડી દીધો. ગુજરાત-કોલકાતા મેચ પહેલા વિરાટે પાંચ ઈનિંગ્સમાં ૨૨૮ રન બનાવ્યા હતા, પરંતુ જ્યારે શુભમન ગિલ ક્રીઝ પર આવ્યો ત્યારે તેણે તેને પાછળ છોડી દીધો. નોંધપાત્ર વાત એ છે કે શુભમન ગિલે વિરાટ કોહલી કરતાં એક મેચ ઓછી રમી છે. હવે, ઓરેન્જ કેપ માટેની રેસ શુભમન અને વિરાટ કોહલી વચ્ચે સમગ્ર સિઝન દરમિયાન જોવા મળશે.



**અબતક, રાજકોટ**

કેપ્ટન શુભમન ગિલની શાનદાર બેટિંગની મદદથી ગુજરાત ટાઈટન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો હતો. આમ નાઈટ રાઈડર્સ ૨૦૨૬ની સિઝનમાં હજી પણ વિજયથી વંચિત રહ્યું છે.નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેની ૨૦મી ઓવરના છેલ્લા બોલે ઓલઆઉટ થતાં અગાઉ ૧૮૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૧ રન કરી લીધા હતા.૧૮૧ રનના ટારગેટ સામે રમતાં ગુજરાત માટે કેપ્ટન ગિલ અને સાઈ સુદર્શને આક્રમક શરૂઆત કરી હતી અને ત્યાર બાદ ટીમે વિકેટો ગુમાવી હોવા છતાં પરિણામ અપેક્ષા મુજબ જ રહ્યું હતું. શુભમન ગિલ માટે આ મેદાન હંમેશાં શુકનિયાળ રહ્યું છે. તેણે આ મેદાન પર શનિવારે પોતાની છઠ્ઠી અડધી સદી ફટકારી હતી. આ ઉપરાંત તે અહીં ત્રણ સદી સાથે ૨૬ ઈનિંગ્સમાં ૧૨૪૩ રન ફટકારી ચૂક્યો છે. તેણે આઠ ચોગ્ગા અને ચાર સિક્સર સાથે ૫૦ બોલમાં ૮૬ રન ફટકાર્યા હતા. ગિલ અને સુદર્શને પહેલી વિકેટ માટે ૫૭ રન ઉમેર્યા હતા જેમાં સુદર્શનના ૨૨ રન હતા. ત્યાર બાદ જોઝ બટલરે ૧૫ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા. જોકે સમગ્ર ઈનિંગ્સમાં ગિલ છવાયેલો રહ્યો હતો.અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ પ્રારંભમાં જ ગુજરાતના બોલર્સે તરખાટ મચાવતા આ નિર્ણય ખોટ પુરવાર થયો હતો. ટાઈટન્સના બોલર્સ સામે કોલકાતા નાઈટ રાઈડર્સના બેટર્સ લાચાર જણાતા હતા. કેમરૂન ગ્રીને ૭૯ રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી પરંતુ અંતે ગુજરાતની શિસ્તબદ્ધ બોલિંગ સામે તેઓ ૧૮૦ રનમાં આઉટ થઈ ગયા હતા.

સિઝનની પ્રથમ સફળતાની શોધમાં રહેલી કોલકાતાની પ્રથમ ચાર ઓવરમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. મોહમ્મદ સિરાઝે ૨૩ રનમાં બે વિકેટ ખેરવી હતી. તેણે પ્રથમ ઓવરમાં જ અનુભવી અજિંક્ય રહાણેને 'ગોલ્ડન ડક' પર પેવેલિયન ભેગો કર્યો હતો. આ ઉપરાંત કેગિસો રબાડાએ પોતાની ગતિ અને સ્વિંગથી અંગક્રિશ રઘુવંશી અને ન્યૂઝીલેન્ડના ટિમ સેફર્ટને આઉટ કરીને ટોપ ઓર્ડર વેરવિખેર કરી નાખ્યો હતો.

તેણે ત્રણ વિકેટ ઝડપી હતી.જોકે કેમરૂન ગ્રીને વન-મેન આર્મી જેવી લડત આપી હતી. એક છેડે વિકેટો પડી રહી હતી ત્યારે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્રીને મોરચો સંભાળ્યો હતો. તેણે શરૂઆતના દબાણને ઝીલી લીધા બાદ મધ્યમ ઓવરોમાં આક્રમક વલણ અપનાવ્યું હતું. ગ્રીને ૫૫ બોલમાં ૭૯ રન ફટકાર્યા હતા જેમાં સાત ચોગ્ગા અને ચાર સિક્સર સામેલ હતી.

તેણે રોવમેન પોવેલ સાથે ૫૫ રન અને અનુકૂલ રોય સાથે ૬૦ રનની ભાગીદારી કરી હતી.

## હું સર્વશ્રેષ્ઠ ફિલ્ડર છું: સિરાઝ



સિરાજે મેચમાં બોલિંગમાં ૨ વિકેટ લીધી અને ફિલ્ડિંગમાં પણ બે કેચ પકડ્યા. મિડ-ઈનિંગ્સ બ્રેક દરમિયાન તેણે એક ચીકી કોમેન્ટ કરીને બધાને હસાવી દીધા. તેણે સ્માઈલ સાથે કહ્યું, હા, આજે ખૂબ સરસ કેચ પકડાયા, જેમ હંમેશા હોય છે! હું જ સૌથી સારો ફિલ્ડર છું, તમે જાણો છો ને!

આ વાત સિરાજની આત્મવિશ્વાસથી ભરેલા વ્યક્તિત્વને દર્શાવે છે.જીટીની આખી ફિલ્ડિંગ યુનિટે અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, પરંતુ સિરાજે પોતાના કેચ અને બોલિંગથી ટીમને મજબૂતી આપી.

સિરાજની આ ટિપ્પણી સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહી છે, કારણ કે તેમાં તેની હળવા મનની વ્યક્તિત્વ અને ટીમના સારા પ્રદર્શન પરનો આત્મવિશ્વાસ બંને દેખાય છે.

## ક્રેમ્પ્સને કારણે ગ્રીન બોલિંગ ના કરી શક્યો: રહાણે



મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં કેકેઆરના કેપ્ટન અજિંક્ય રહાણેને પૂછવામાં આવ્યું કે ગ્રીને બેટિંગમાં આટલી સારી પ્રદર્શન કર્યા બાદ પણ બીજી ઈનિંગ્સમાં બોલિંગ કેમ ન કરી? તેના જવાબમાં રહાણેએ સ્પષ્ટ કર્યું, બીજી ઈનિંગ્સ દરમિયાન ફિલ્ડમાંથી વારંવાર બહાર જતો હતો, જેના કારણે તેને બોલિંગની તક ન આપી શકાઈ. આ મેચ પહેલાં પણ ગ્રીનની ફિટનેસ અંગે ચર્ચા થઈ રહી હતી. સીઝનની શરૂઆતમાં તેને નાની પીઠની તકલીફ હતી અને તેણે થોડી મેચોમાં બોલિંગ પણ ન કરી હતી. પરંતુ આ મેચમાં તે બેટિંગ તો કરી શક્યો, પરંતુ ક્રેમ્પ્સને કારણે બોલિંગ ન કરી શક્યો.

# સાંજે મજબૂત હૈદરાબાદ અને ફોર્મમાં આવી રહેલી ચેન્નાઈ વચ્ચે મુકાબલો

### હૈદરાબાદ અને ચેન્નઈ વચ્ચે આઈપીએલમાં અત્યાર સુધીમાં ૨૩ મુકાબલા રમાયા, જેમાં ૭માં હૈદરાબાદ અને ૧૬માં ચેન્નઈને જીત મેળવી છે

**અબતક, રાજકોટ**

સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં રસાકસી વધી રહી છે ત્યારે આજે તેનો અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. એક તરફ હૈદરાબાદની ટીમ તેના નવા પેસ આક્રમણ સાથે ભરપુર આત્મવિશ્વાસ ધરાવે છે અને સંતુલિત ટીમ બની ગઈ છે તો ચેન્નાઈ તેની વ્યૂહરચના ફરીથી ગોઠવવા મથામણ કરી રહી છે પરંતુ સાથે સાથે તાજેતરના વિજયથી તે ફોર્મમાં પણ આવી રહી છે. શનિવારે સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. સનરાઈઝર્સ હૈદરાબાદે હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટ જેવા અનુભવી બોલર્સને સ્થાને પ્રફુલ હિંગે અને સાકિબ હુસૈન જેવા યુવા બોલરને અજમાવીને મોટો જુગાર ખેલ્યો હતો જે અત્યંત સફળ રહ્યો હતો. અગાઉની મેચમાં આ બંનેએ રાજસ્થાન રોયલ્સ જેવી મજબૂત ટીમને પોતાની બોલિંગથી વિખેરી નાખી હતી. ખાસ કરીને વિદર્ભના પ્રફુલ હિંગેએ રોયલ્સના મોખરાના ક્રમ સામે વેધક બોલિંગ કરીને કારકિર્દીની પહેલી જ ઓવરમાં ત્રણ વિકેટ સહિત એ મેચમાં ૩ ૪





રન આપી ચાર વિકેટ ઝડપી હતી.

હેડ ટુ હેડમાં ચેન્નઈ આગળ છે.

હૈદરાબાદ અને ચેન્નઈ વચ્ચે આઈપીએલમાં અત્યાર સુધીમાં ૨૩ મુકાબલા રમાયા છે. જેમાં ૭માં હૈદરાબાદ અને ૧૬માં ચેન્નઈને જીત મળી છે. એટલે કે ચેન્નઈએ હૈદરાબાદ સામે ૬૯% મેચ જીતી છે. જોકે, હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં હૈદરાબાદ એક મેચથી આગળ છે.

હૈદ્રાબાદે અને ચેન્નાઈ વચ્ચે અહીં અત્યાર સુધી કુલ ૫ મેચ રમાઈ છે, જેમાંથી હૈદરાબાદે ૩ અને ચેન્નઈએ ૨ મેચ જીતી છે.એમ.એસ. ધોની આજની મેચમાં પણ નહીં રમે.ચેન્નાઈના ભૂતપૂર્વ કેપ્ટન જોકે ટીમની સાથે હૈદરાબાદ પહોંચ્યા છે, પરંતુ તેનું પરત ફરવું મુશ્કેલ છે.

રિપોર્ટ્સ મુજબ, ધોની સંપૂર્ણ ફિટ થવાની નજીક છે અને મુંબઈ સામેની આગામી મેચમાં મેદાન પર પરત ફરી શકે છે.

# ઘરઆંગણે દિલ્હીને હરાવી આરસીબી સતત ચોથી મેચ જીતી શકશે?



### દિલ્હીના બેટર્સ પોતાની ટેકનિકમાં સુધારો નહીં કરે, તો આ મુકાબલો પણ એકતરફી બની શકે

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬નો એક મહિનો થવા આવશે. અત્યાર સુધીમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટુર્નામેન્ટની સૌથી સંતુલિત અને મજબૂત ટીમ બનીને ઉભરી છે. પોતાના હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આરસીબીનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે.આરસીબીનો પ્રયાસ રહેશે કે તે પોતાના હોમ ગ્રાઉન્ડ પર સતત ચોથી જીત નોંધાવે.

આરસીબી પાસે જોશ હેઝલવુડની આગેવાનીમાં એક સક્ષમ બોલિંગ યુનિટ છે. ટીમના વાઈસ-કેપ્ટન જિતેશ શર્માએ જણાવ્યું કે ટીમ ચિન્નાસ્વામીની પીચ મુજબ વ્યૂહાત્મક રીતે કામ કરી રહી છે. આ જ કારણ છે કે તેઓ આ સીઝનમાં પોતાના ઘરમાં અજેય રહ્યા છે. જો દિલ્હીના બેટર્સ પોતાની ટેકનિકમાં સુધારો નહીં કરે, તો આ મુકાબલો પણ એકતરફી બની શકે છે.

બીજી તરફ, બંને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં ૩૩ મેચ રમાઈ છે, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ૧૯ મેચ જીતી છે. જ્યારે દિલ્હી કેપિટલ્સને ૧૨ મેચમાં જીત મળી છે. આ ઉપરાંત એક મેચ ટાઈ રહી છે અને એક મેચનું કોઈ પરિણામ આવી શક્યું નથી.

ગયા વર્ષે બંને વચ્ચે રમાયેલી બે મેચમાંથી બંને ટીમે એક-એક મેચ જીતી છે.આરસીબીએ અરુણ જેટલી સ્ટેડિયમમાં અને ડીસીએ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચ પોતાના નામે કરી છે.

દિલ્હી કેપિટલ્સની ટીમ હજુ સુધી પોતાની શ્રેષ્ઠ પ્લેઈંગ-૧૧ શોધવામાં વ્યસ્ત છે.

ટીમમાં કેએલ રાહુલ, ડેવિડ મિલર અને પથુમ નિસાંકા જેવા અનુભવી ખેલાડીઓ હોવા છતાં સાતત્યનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દિલ્હી અત્યારે ટેબલમાં પાંચમા નંબરે છે, પરંતુ છેલ્લી બે મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. યુવા બેટર સમીર રિઝવીએ ચોક્કસપણે બે હાફ સેન્ચુરી ફટકારીને સંઘર્ષ બતાવ્યો છે, પરંતુ તેને બીજા છેડેથી સાથ મળી રહ્યો નથી.



# પ્રથમ મહિલા ટી-૨૦માં આફ્રિકાએ ભારતને ૬ વિકેટે હરાવ્યું

### પ્રથમ બેટીંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ભારતે ૭ વિકેટ ગુમાવી ૧૫૭ રન જ બનાવી શક્યું જવાબમાં આફ્રિકાએ ૪ વિકેટ ગુમાવી ૧૯.૧ ઓવરમાં જ ટાર્ગેટ વટાવ્યો: કાલે ડર્બનમાં બીજી ટી-૨૦ મેચ રમાશે

**અબતક, રાજકોટ**

દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટી૨૦ મેચમાં ભારતીય મહિલા ટીમને ૬ વિકેટે હારનો સામનો કરવો પડ્યો. આ મેચ ડરબનના કિંગ્સમીડ સ્ટેડિયમમાં રમાઈ હતી

અને તે ભારતીય મહિલા ટીમના દક્ષિણ આફ્રિકા પ્રવાસની પાંચ મેચની ટી૨૦ સિરીઝની શરૂઆત હતી.

ટોસ જીતીને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમે ભારતને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું. ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૫૭ રન બનાવ્યા. કેપ્ટન હરમનપ્રીત કૌરએ સૌથી વધુ ૪૭ રન (૩૩ બોલમાં) બનાવ્યા અને મેચમાં મુખ્ય યોગદાન આપ્યું. જેમિમાહ રોડ્રિગ્સ સાથે તેમણે ત્રીજી વિકેટ માટે મહત્વની ૭૧ રનની ભાગીદારી કરી હતી.

અન્ય બેટ્સવુમનોમાં સ્મૃતિ મંધાના અને શાફાલી વર્મા ઝડપી શરૂઆત કરી શક્યાં નહોતાં અને મધ્ય ક્રમમાં પણ સ્થિરતા જળવાઈ નહોતી. હ્ય

દક્ષિણ આફ્રિકાની બોલિંગમાં આયાબોંગા ખાકાએ શાનદાર



પ્રદર્શન કર્યું અને ૪ ઓવરમાં માત્ર ૧૬ રન આપીને ૩ વિકેટ લીધી. તુમી સેખુખુનેએ પણ ૨ વિકેટ ઝડપી હતી.

આયાબોંગા ખાકાને મેચની પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી.

જવાબી બેટિંગમાં દક્ષિણ આફ્રિકાની ટીમે ૧૫૮ રનના ટાર્ગેટને ૧૯.૧ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધું. કેપ્ટન લૌરા વોલ્વાર્ટએ ૫૧ રનની ઈનિંગ રમી, જ્યારે એનરી ડર્કસેનએ અંતમાં ૪૪ રન (નોટ આઉટ) બનાવીને ટીમને જીત અપાવી. ચેઝ દરમિયાન ભારતીય બોલરોને વિકેટ લેવામાં મુશ્કેલી પડી અને ફિલ્ડિંગમાં પણ કેટલીક ભૂલો થઈ હતી, જેણે દક્ષિણ આફ્રિકાને સરળતા આપી.

આ હાર સાથે ભારતીય ટીમને સિરીઝમાં પાછા આવવા માટે આગામી મેચોમાં સુધારો કરવો પડશે. ભારતીય ટીમમાં કાશ્વી ગૌતમે ટીર ડેબ્યુ કર્યું હતું. આ સિરીઝ ૨૦૨૬ વુમન્સ ટી૨૦ વર્લ્ડ કપની તૈયારીના ભાગરૂપે મહત્વની માનવામાં આવે છે. બીજી ટી૨૦ મેચ કાલે ફરી ડરબનમાં જ રમાશે.

# જૈન ટેલેન્ટ ગ્રુપ એટલે નોકરી આપનાર અને નોકરી શોધનાર વચ્ચેનો સેતુ

## જૈન સમાજના યુવાનોને રોજગાર માટે ટેલેન્ટ બ્રિજ પ્રોસ્પેરિટી ફાઉન્ડેશનની પહેલ, ૧૦૦૦થી વધુ યુવાનોને મળ્યો રોજગાર

**અબતક, રાજકોટ**

જૈન ટેલેન્ટ બ્રીજ પ્રોસ્પેરીટી ફાઉન્ડેશનમાં માર્ગદર્શન હેઠળ, જૈન ટેલેન્ટ બ્રિજ વ્હોટસએપ ગ્રુપ તથા એપ્લિકેશન શરૂ કરવામાં આવેલ છે. જે જૈનોને નોકરી શોધવામાં અને ફીલાન્સ કામ કરવામાં મદદ કરે છે, સાથે સાથે તેને પારદર્શક અને સરળ પણ રાખે છે. જૈન ટેલેન્ટ બ્રિજ નામનું વ્હોટ્સ એપ ગ્રુપ તેમજ એપ્લિકેશન કે જે મૂળ અમદાવાદ થી સંચાલન થાય છે. જેની અંદર હજારો જૈન યુવાનો જોડાયેલા છે. જે તે કંપનીઓને, વ્યવસાયકર્તા તથા નોકરી શોધનારા નો સેતુ બને છે. જેમાં કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી ને નિશુલ્ક છે. જેમાં કંપનીઓનું લીસ્ટની પીડીએફ દરરોજ મૂકવામાં આવે છે, કંપની કે પછી વ્યવસાયકર્તા નું નામ, સરનામું અને મોબાઈલ નંબર, નોકરીનો પ્રકાર, કયા પ્રકારની ડીગ્રી જરૂરી છે, કેટલું ભણતર હોવું જોઈએ આ બધાની પીડીએફ રોજે રોજ ગ્રુપમાં મૂકવામાં આવે છે સાથોસાથ એક પીડીએફ એવી પણ મૂકવામાં આવે છે કે જેમાં નોકરી શોધનાર ભાઈઓ બહેનોનું નામ, મોબાઈલ નંબર, અભ્યાસ, અનુભવ અપેક્ષિત પગાર વગેરે વિગતનો સમાવેશ કરવામાં આવે છે.

પરિણામ સ્વરૂપ નોકરી આપનાર તથા નોકરી શોધનાર બંને એકબીજાનો જરૂરિયાત પ્રમાણે સંપર્ક કરી શકે છે. આ સમાજના ઉદ્યોગકારોને યોગ્ય કર્મચારીઓ યુવાનોને આત્મનિર્ભર બનાવવાનો છે. આપણા રાજકોટથી પ્રવક્તા ડો. તેજસભાઈ શાહ જણાવે છે કે જૈન ઉદ્યોગપતિઓ અને જૈન સમાજના યુવાનોની સંયુક્ત ભાગીદારીથી આ પહેલ દ્વારા મળી શકે છે. અત્યાર સુધી ૧૦૦૦થી વધુ યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક રોજગાર મળ્યો છે. સમાજના યુવાનો અને ઉદ્યોગપતિઓને વચ્ચે મજબૂત જોડાણ ઊભું કરવા માટે ટેલેન્ટ બ્રિજ નામની એપ દ્વારા યુવાનો પોતાની કૌશલ્ય, આ મોબાઈલ એપ્લિકેશનમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં સુવિધા ઉપલબ્ધ છે. તેમાં જોબ સીકર, કંપની અને ફીલાન્સર (ત્રણેય) પોતાની માહિતી નોંધાવી શકે છે. આપણા રાજકોટથી પ્રવક્તા ડો.જિનાલી ટોલિયા જણાવે છે કે આગામી સમયમાં ગુજરાત ઉપરાંત દેશના અન્ય શહેરોમાં પણ વિસ્તૃત કરવાની યોજના બનાવી રહ્યું છે. સૌરાષ્ટ્રમાં આ કાર્ય માટે દિલીપભાઈ દેસાઈ મો.૭૯૯૦૫૭૦૮૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

### રાજ્યસભામાં સતત ત્રીજી વાર ઉપસભાપતિ બનેલા

# હરિવંશ નારાયણ સિંહને સાંસદ મયંક નાયકે આપ્યા અભિનંદન



**અબતક રાજકોટ**

રાજ્યસભામાં ઉપસભાપતિ તરીકે સતત ત્રીજી વખત કાર્યભાર સંભાવના હરીવંશ નારાયણ સિંહ સાથે શુભેચ્છા મુલાકાત કરી મહેસાણાના સાંસદ મયંક નાયક એ હરિવંશ સિંહને શુભેચ્છા પાઠવી વર્તમાન રાજકીય સ્થિતિ અને વિશ્વ મંચ પર ભારત ની ભૂમિકા ની સાથે સાથે દેશના વિકાસને આર્થિક ઉન્નતિ સાથે ભારતને આર્થિક મહાસત્તા બનવા માટેના પ્રયોજનો અંગે વિસ્તૃત ચર્ચા પરામર્શ કરવામાં આવી હતી.

# દુષ્કર્મના ગુનામાં સોયબ માંડલીયાને ૨૦ વર્ષની સજા

## સગીરાને પ્રેમજાળમાં ફસાવી નિકાહ કરવાની લાલચ આપી ઘરમાં ઘુસી શરીર સંબંધ બાંધ્યો: રૂ.૮ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતાં પરિવારની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ઘરમાં ઘુસી દુષ્કર્મ આચરી અપહરણ કર્યાના પોકસો એકટના ગુનામાં સંડોવાયેલા આરોપીને અદાલતે ૨૦ વર્ષની સજા અને ભોગ બનનાર સગીરાને આઠ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.આ કેસની હકીકત મુજબ શહેરના ભગવતી પરા વિસ્તારમાં આવેલી આશાબા પીરની જગ્યા પાસે રહેતાં સોયબ ઈબ્રાહીમભાઈ માંડલીયા નામના શખ્સે ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી નિકાહ કરવાની લાલચ આપી હતી અને સોયબ માંડલીયા મધરાત્રે સગીરાના ઘરમાં ઘુસી બળજબરી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. બાદમાં સોયબ



એપીપી પ્રશાંત પટેલ

માંડલીયા સગીરાને ભગાડી ગયો હતો. જે અંગે બી-ડીવીઝન પોલીસમાંથી પોકસો એકટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ચાર્જશીટ બાદ કેસ સ્પે.પોકસો કોર્ટમાં ચાલવા ઉપર આવતાં જેમાં સાત સાહેદો, ૧૬ દસ્તાવેજી પુરાવાઓ, ભોગ બનનાર સગીરાની જુબાની અને મેડીકલ પેપર્સ તેમજ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલો તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાકેલા ચુકાદાઓ ધ્યાને લઈ સ્પે.પોકસો કોર્ટે સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપી સોયબ માંડલીયાને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સજા અને ભોગ બનનાર સગીરાને રૂા.૮ લાખનું વળતર ચુકવવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં સરકાર પક્ષે એપીપી પ્રશાંત પટેલ અને સહાયક તરીકે રાજન ટીંબા અને મુસ્કાન સમા રોકાયા હતાં.

# રોયલ પાર્ક સ્થા.જૈન મોટા સંઘના આંગણે અમૃત છાશ વિતરણ કેન્દ્ર સમાજ માટે બન્યું ''આશિર્વાદરૂપ''

## આખો ઉનાળો શીતળ છાશની સાતાનો અનેક પરિવારને મળશે લાભ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સેવા પારાયણ અને ધર્મ કાર્યો માટે જાણીતા શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, ઓમાન વાળા ઉપાશ્રય, સીએમ શેઠ પોષધશાળા ના આંગણે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળા ના પ્રારંભથી જ અમૃત છાશ વિતરણ કેન્દ્ર ની સેવા યજ્ઞનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રોયલ પાર્ક શેરી નંબર ૨/૮ ગાદીપતિ માર્ગ ૧૫૦ ફૂટ રીંગરોડ કે ,કે,વી હોલની બાજુમાં વોર્ડ બિલ્ડિંગના કોર્નર રોડ પર ૫/૪ થી રોયલ પાર્ક સેવા સમિતિના સભ્યો દ્વારા અમૃત વિતરણ કેન્દ્ર ચલાવી રહ્યા છે તેમાં દરરોજ અનેક પરિવાર લાભાર્થીઓને સવારના પહોરમાં શુદ્ધ સાત્વિક ઠંડી



છાશનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, ચંદ્રકાંતભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ રોયલ પાર્ક સેવા સમિતિના સભ્યો છાસ વિતરણ કેન્દ્રની વ્યવસ્થા માટે જહેમત ઉઠાવી રહ્યા છે આ છાશ વિતરણ યજ્ઞ ઉનાળા ની ગરમીમાં સાતા મેળવવાસમાજ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે

# જૈન સમાજના ભારતીબેન મહેતાના ચક્ષુદાનથી બે માનવીના જીવનમાં આવશે આંખોની રોશની

### વિવેકાનંદ યુથ કલબને મળ્યું ૩૦૦નું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

રાજકોટ જૈન સમાજના સ્વ. ભારતીબેન હર્ષદભાઈ મહેતાનું અવસાન થતાં તેમના પુત્ર આદિત્યભાઈ મહેતાની સહમતીથી જૈન અગ્રણી એડવોકેટ વીરેશભાઇ ગૌડાની પ્રેરણાથી બે દ્રષ્ટિહિત બાંધવના જીવનમાં રોશની ફેલાઇ તે શુભ હેતુ થી સ્વ. ભારતીબેનના ચક્ષુંનું દાન વિવેકાનંદ યુથ કલબ માર્ગદર્શન મુકેશભાઇ દોશી તથા ચક્ષુદાન અભિયાન સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યા હતા. આ માટે ડો. ધર્મેશ શાહ ચક્ષુ સ્વીકાર કરેલ. સંસ્થાનું આ ૨૦૦મું ચક્ષુદાન છે.

ચક્ષુદાન વિગેરે માટે સમીતીના અનુપમ દોશી મો. નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી મો. નં. ૯૮૨૪૦ ૪૨૧૪૩ નો



સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બ્રહ્મસેના દ્વારા અવશ્ય મતદાનના સંદેશા સાથે કાલે ભગવાન પરશુરામ જન્મોત્સવની કરાશે ઉજવણી

**અબતક, રાજકોટ**

બ્રહ્મ સમાજના સામાજિક આર્થિક વિકાસ માટે કાર્યરત બ્રહ્મસેના સૌરાષ્ટ્ર ગુજરાત દ્વારા અખાત્રીજના પાવન અવસરે તારીખ ૧૯ ૪ રવિવારે ભગવાન પરશુરામ જન્મોત્સવ ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસેના દ્વારા ગુજરાત પરના વિવિધ શહેરો જિલ્લા તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં સમાજ નહિતર તે તુફાનના સહભાગી થઈ પરશુરામ જયંતિ ની ઉજવણી કરશે આ વર્ષે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લે યોજવાની છે ત્યારે રાજકોટના ૯ ૮૫ ૯૫૨ બ્રહ્મ મતદારો ને અવશ્ય મતદાનનો સંદેશો પાઠવીને ભગવાન પરશુરામ જન્મત્સવની અનોખી ઉજવણી કરવામાં આવશે અખાત્રીજના દિવસે સવારે નારાયણ સમક્ષ પૂજન સાંજે આરતી પ્રસાદ દીપ પ્રાગટ્ય રંગોલી અને પુષ્પોથી સુશોભન સાથે આરતી કરાશે આ કાર્યક્રમમાં બ્રહ્મચનાના સ્થાપક જગદીશભાઈ રાવલ ૯૯૦૯૫૯૦૧૦૨, રાનીવાસન બ્રાહ્મણીયા પરા ૬/૧ કોર્નર ગોવિંદ બાગ શાક માર્કેટ નજીક પાણીના ઘોડા પાસે પેડક રોડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં પરશુરામ ભક્તોનેઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# જેસીસીઆઇ આયોજીત ગૌકુલમ્ વિશેષ આજે સંવાદ

**અબતક, રાજકોટ**

ગૌ કુલમ વિશેષ સંવાદ સિરીઝ ગૌ સેવા, ગૌ આધારિત અર્થતંત્ર અને ભારતીય મૂલ્યોના પુનર્જાગરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે, જે સમાજમાં સકારાત્મક પરિવર્તન અને આત્મનિર્ભર ભારતના નિર્માણને વેગ આપશે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને જીસીસીઆઇના ફાઉન્ડર ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ જીસીસીઆઇ દ્વારા ગૌ આધારિત અર્થવ્યવસ્થાને વેગ આપવા ગૌ આધારિત અર્થવ્યવસ્થા, પશુપાલન વ્યવસ્થાપન, બાયોગેસ અને કૃષિ સાથે સંકળાયેલા ડો.મહેન્દ્ર કુમાર ગર્ગ સાથે તા.૧૮-૦૪-૨૦૨૬, શનિવાર સાંજે ૦૭:૦૦ વાગ્યે




ગૌ આધારિત અર્થવ્યવસ્થા પરંપરાથી પ્રગતિ સુધી વિષય પર વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.આ સંવાદ દરમિયાન ડો.મહેન્દ્ર ગર્ગ ગૌ આધારિત અર્થવ્યવસ્થાના વિવિધ પાસાઓ જેમ કે ગ્રામિણ વિકાસ, પશુપાલનની હાલની સ્થિતિ, ખેડૂતોને આવતા પડકારો તેમજ તે માટેના વ્યવહારૂ ઉકેલો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત, યુવાનો માટે ગૌ આધારિત સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતાના અવસરો અંગે પણ પ્રેરણાત્મક માર્ગદર્શન આપશે. ગૌશાળાઓને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો, ગૌ આધારિત ઉત્પાદન દ્વારા આવકમાં વધારો અને સામાજિક-આર્થિક વિકાસમાં ગાયની અગત્યની ભૂમિકા વિષે પણ પ્રકાશ પાડવામાં આવશે.

# નાર્કોટિકસના ગુનામાં પાંચ રીઢા આરોપીઓને જેલ હવાલે કરાયા

## ચાર મહિનામાં ૨૧ વ્યક્તિઓની એમડીપીએસ હેઠળ અટકાયત કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસે નશીલા પદાર્થ સંબંધિત ગુનાઓ સામે કડક કાર્યવાહી તેજ બનાવી છે. પોલીસ દ્વારા એમડીપીએસ એકટ૧૯૮૮ હેઠળ વધુ પાંચ આરોપીઓને અટકાયત કરી રાજ્યની વિવિધ જેલોમાં મોકલી આપ્યા છે. આ અટકાયતના આદેશો ગુજરાત રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ ડો. કે.એલ.એન. રાવ દ્વારા કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ અને સીઆઈડી ક્રાઈમની ટીમોએ કરી છે અને રાજકોટ શહેર, અરવલ્લી, બનાસકાંઠા, નવસારી અને જુનાગઢ જિલ્લાનાં આ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

અટકાયત કરાયેલા વ્યક્તિઓમાં ભિલોડા તાલુકાના વાંકાટીંબા ગામના બાબુભાઈ નીનામા, પાલનપુરના ઈશ્વર ઉર્ફે હેંડલ સલાટ, વાંસદાના મનોજગીરી ગોસ્વામી, જુનાગઢના વહીદ પંજા અને રાજકોટના ઈમરાન બેલીમ (૩૨)નો સમાવેશ થાય છે. આ તમામને અગાઉ એનડીપીએસ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેઓ જામીન પર મુક્ત હતા.

ગુજરાત પોલીસનાં જણાવ્યા અનુસાર, એનડીપીએસ અધિનિયમ હેઠળ આવા વ્યક્તિઓને પૂર્વગામી અટકાયત હેઠળ રાખી શકાય છે, જેથી તેઓ નશીલા પદાર્થોના વેચાણ, ખરીદી, પરિવહન અથવા સંગ્રહ જેવી પ્રવૃત્તિઓમાં ફરી જોડાય નહી.

જેલમુકત થયા પછી પણ આવા લોકો ફરીવખત નશીલા પદાર્થોનાં વેચાણ અથવા તેના કારોબારમાં ફરી વખત સક્રિય થઇ શકે તેમ છે, તેવા સમયે આ કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્ય સરકારે નશીલા પદાર્થ સંબંધિત ગુનાઓ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી છે. ગુજરાત પોલીસે જણાવ્યું કે જેમ અસામાજિક તત્વો સામે પાસા લાગુ કરવામાં આવે છે, તેમ જ નાર્કોટિક્સ સંબધિત ગુન્હાનાં આરોપીઓ સામે એનડીપીએસ અધિનિયમ લાગુ કરવામાં આવે છે,. રાજ્યને 'નશામુક્ત' બનાવવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે અને આ માટે જે કોઈ કાર્ય કરવુ પડે તેના માટે તમામ પગલા લેવામાં આવી રહ્યાં છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૮૬ આરોપીઓને ક્ઈઝ ગઉક્જ અધિનિયમ હેઠળ અટકાયત કરીને રાજ્યની વિવિધ જેલોમાં મોકલવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે અત્યાર સુધીના ચાર મહિનામાં ૨૧ વ્યક્તિઓને આ કડક અભિયાન હેઠળ અટકાયત કરવામાં આવી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૪૯ | ૩૨૯ | ૬૨૧ |
| લીંબુ | ૫૬૮ | ૧૮૦૮ | ૩૬૧૦ |
| સાકરટેટી | ૧૫૨ | ૧૫૨ | ૩૦૦ |
| તરબુચ | ૧૩૩ | ૧૦૨ | ૨૫૬ |
| પપૈયા | ૨૭ | ૮૮ | ૧૭૧ |
| બટેટા | ૩૪૮૦ | ૯૩ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૨૯૪૫ | ૪૧ | ૨૬૧ |
| ટમેટા | ૯૪૯ | ૧૬૪ | ૩૨૫ |
| સુરણ | ૫ | ૮૦૬ | ૧૦૨૨ |
| કોથમરી | ૩૧૭ | ૨૧૧ | ૪૦૧ |
| મુળા | ૪૬ | ૪૧૪ | ૫૮૮ |
| રીંગણા | ૫૦૨ | ૧૨૮ | ૨૪૨ |
| કોબીજ | ૩૫૯ | ૫૯ | ૧૧૮ |
| ફલાવર | ૨૦ | ૨૩૨ | ૩૪૭ |
| ભીંડો | ૩૦૩ | ૨૬૧ | ૫૦૨ |
| ગુવાર | ૧૪૯ | ૫૪૯ | ૭૬૪ |
| ચોળાસીંગ | ૯૫ | ૫૮૯ | ૮૨૫ |
| ટીંડોળા | ૩૩ | ૨૯૬ | ૬૦૩ |
| દુધી | ૪૦૭ | ૮૯ | ૧૮૪ |
| કારેલા | ૬૮ | ૩૭૯ | ૫૬૨ |
| સરગવો | ૫૫ | ૨૭૯ | ૫૬૬ |
| તુરીયા | ૫૪ | ૩૭૨ | ૬૦૪ |
| પરવર | ૩ | ૬૧૯ | ૮૩૫ |
| કાકડી | ૩૫૬ | ૨૧૧ | ૪૦૯ |
| ગાજર | ૩૭૧ | ૨૧૫ | ૪૨૯ |
| વટાણા | ૫૧ | ૧૨૪૨ | ૧૬૨૩ |
| ગલકા | ૮૬ | ૨૦૩ | ૩૫૨ |
| બીટ | ૧૯૨ | ૮૩ | ૧૭૧ |
| મેથી | ૨૦૩ | ૨૯૬ | ૫૦૧ |
| ડુંગળી લીલી | ૧૮૧ | ૧૫૮ | ૨૬૨ |
| આદુ | ૧૨૧ | ૮૬૮ | ૧૦૧૨ |
| મરચા લીલા | ૧૧૦૭ | ૩૬૮ | ૫૯૧ |
| મકાઈ લીલી | ૯૧ | ૧૬૨ | ૨૬૮ |
| ગુંદા | ૧૫ | ૨૬૯ | ૪૬૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૫૫૫ | ૧૭૯૫ |
| ઘઉં લોકવન | ૦ | ૪૩૩ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૪૨ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૨૪૦ | ૭૭૦ | ૯૩૫ |
| જુવાર લાલ | ૧૦ | ૮૦૦ | ૯૭૬ |
| જુવાર પીળી | ૧૫ | ૪૨૫ | ૪૭૫ |
| તુવેર | ૭૬૦ | ૧૩૪૦ | ૧૫૨૩ |
| ચણા પીળા | ૦ | ૯૩૫ | ૧૦૬૧ |
| ચણા સફેદ | ૦ | ૧૧૫૧ | ૧૮૨૫ |
| અડદ | ૩૨૦ | ૧૨૮૦ | ૧૬૪૦ |
| મગ | ૧૨૦ | ૯૦૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૧૪૦ | ૭૯૦ | ૧૧૫૦ |
| ચોળી | ૨૫ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૮૦૦ | ૬૫૦ | ૧૧૦૧ |
| રાજમા | ૧૨૦ | ૭૦૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૪૩ | ૧૮૬૦ | ૧૯૩૧ |
| મગફળી જાડી | ૫૨૦ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| મગફળી જીણી | ૬૦૦ | ૧૩૩૦ | ૧૬૭૧ |
| તલી | ૩૬૦ | ૧૭૦૦ | ૨૦૪૦ |
| સુરજમુખી | ૩૬ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| એરંડા | ૦ | ૧૧૫૦ | ૧૨૫૫ |
| અજમો | ૬ | ૧૫૦૦ | ૨૪૮૬ |
| સુવા | ૫૬ | ૧૧૦૧ | ૧૫૨૮ |
| સોયાબીન | ૧૩૦ | ૭૩૦ | ૧૦૮૦ |
| સીંગફાડા | ૧૨૨ | ૧૨૦૦ | ૧૭૭૫ |
| કાળા તલ | ૪૪ | ૩૩૦૦ | ૪૦૨૦ |
| લસણ | ૩૬૦૦ | ૭૭૫ | ૧૫૧૫ |
| ધાણા | ૧૨૦૦ | ૨૨૫૦ | ૨૫૨૫ |
| મરચા સુકા | ૨૫૦ | ૨૦૦૦ | ૬૨૦૦ |
| ધાણી | ૯૦૦ | ૨૩૦૦ | ૨૬૧૦ |
| વરીયાળી | ૮૦૦ | ૧૫૦૦ | ૨૭૫૫ |
| જીરૂ | ૧૮૦૦ | ૩૫૫૦ | ૪૧૧૬ |
| રાય | ૨૦૦ | ૧૧૧૦ | ૧૪૭૦ |
| મેથી | ૧૪૦૦ | ૧૧૫૦ | ૧૭૩૦ |
| ઈસબગુલ | ૪ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| અશેરીયો | ૨૭ | ૮૭૫ | ૮૭૫ |
| કલોંજી | ૯૪૦ | ૨૬૦૦ | ૩૩૫૦ |
| રાયડો | ૩૪૦ | ૯૦૦ | ૧૨૦૫ |

# કાલે અખાત્રીજ ઉજવાશે

## સનાતન ધર્મમા અક્ષય તૃતિયાનું ભારે મહત્વ

**અબતક, રાજકોટ**

હિન્દુ ધર્મમાં અક્ષય તૃતીયાનું ખૂબ મહત્વ છે. આ દિવસે ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની પૂજા કરવી અને સોનુ ખરીદવું શુભ માનવામાં આવે છે. સોનાની પૂજા અને ખરીદી માટેનો શુભ સમય જાણીએ.

હિન્દુ ધર્મમાં, અખાત્રીજ, જેને અક્ષય તૃતીયા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વૈશાખ મહિનાના શુકલ પક્ષના ત્રીજા દિવસે ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ શુભ દિવસે પૂજા, જપ, ધ્યાન અને ઉપવાસ કરવાથી અનેકગણા લાભ મળે છે. અક્ષય તૃતીયા પર, ફક્ત ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની પૂજા જ નહીં, પણ સોનાની ખરીદીનું પણ વિશેષ મહત્વ છે.

આ દિવસને અબૂઝ મુહૂર્ત વણજોયુ મુહૂર્ત તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે આ દિવસે કરવામાં આવેલા દરેક શુભ કાર્યનું ફળ અક્ષય એટલે કે ક્યારેય સમાપ્ત ન થતું માનવામાં આવે છે. આ જ દિવસે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામનો જન્મ થયો હતો અને આ દિવસને સત્યયુગ અને ત્રેતાયુગના આરંભ સાથે પણ જોડવામાં આવે છે.

મહાભારત કાળમાં પણ આ દિવસનું વિશેષ મહત્વ છે, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવોને અક્ષય પાત્ર આપ્યું હતું, જેમાં ક્યારેય અન્નની કમી થતી નહોતી. માન્યતા મુજબ આ દિવસે કરાયેલ દાન, જપ, તપ અને પૂજા અનેક ગણું ફળ આપે છે અને જીવનમાં સુખ-સમૃદ્ધિ, ધન-ધાન્ય અને સૌભાગ્ય વધે છે. આ દિવસે માતા લક્ષ્મીની પૂજા કરવી અને સોનું અથવા સોનાના આભૂષણ ખરીદવા ખૂબ શુભ માનવામાં આવે છે.

# સર્વજ્ઞાતિય સમૂહ લગ્નના ૧૧ દિકરીઓ પ્રભુતામાં પગલા માંડશે

## સ્વ. કાંતિભાઈ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળ તથા બંસીધર ગૌશાળાનું આયોજન

**અબતક, રાજકોટ**

સ્વ. કાંતિભાઈ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળ રાજકોટ તથા બંસીધર ગૌશાળાના લાભાર્થે સાતમો સર્વજ્ઞાતિના સમાજની ૧૧ દિકરીઓના સમૂહ લગ્નનું આયોજન બે મે ને શનિવારના રોજ રામાપીર ચોક, ભગવતીપરા બ્રીજ નીચે, પારવડી ચોક પાસે બેડીપરા રાજકોટ ખાતે રાખેલ છે. આ સમુહ લગ્નમાં સહભાગી થવા પ્રમુખ રોહિત જાદવ, હંસાબેન ધમલ, રાજ ડાંગર, કિશોરભાઈ જાદવ, મનોજ સોલંકી, ધીરૂભાઈ ભરવાડ, કલાભાઈ ભરવાડ, મગનભાઈ જગાભાઈ ભરવાડ, મુકેશભાઈ વાણીયા, લલીત સોલંકી, દીપુદાસ, હંસા વાઘેલા, રાજ ધામેલિયા તથા સ્વ. કાંતિભાઈ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળ રાજકોટ તથા બંસીધર ગૌશાળા સભ્યો સમુહ લગ્નમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.

### લીંબડીની વોરા સોસાયટી વિસ્તારમાં

# એસીમાં શોર્ટ સર્કિટથી મકાનમાં આગ ભભૂકી: દંપતી ભડથું



## ગૂંગળામણ અને આગમાં દાઝી જવાથી પતિ પત્નીએ જીવ ગુમાવ્યો: એકનો આબાદ બચાવ: ધારાસભ્ય ઘટનાસ્થળે દોડી ગયા



**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી શહેરમાં ગત મોડી રાત્રે મકાનમાં આગ લાગવાની ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલી વ્હોરા સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ લાગતા દંપતીનું મોત નીપજ્યું છે. રાત્રિના સમયે જ્યારે આખો પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અચાનક આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર, લીંબડીની બસેરા સોસાયટીની બાજુમાં આવેલી વ્હોરા સોસાયટીમાં રહેતા બુરહાનભાઈ લોખંડવાલાના મકાનમાં આ હોનારત સર્જાઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ, રૂમમાં ચાલુ એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થતા તણખલા ઝર્યા હતા અને આગ ભભૂકી ઉઠી હતી. ઘરમાં રાચરચીલું અને અન્ય જ્વલનશીલ વસ્તુઓ હોવાને કારણે આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે પરિવારના સભ્યોને બહાર નીકળવાની કે જીવ બચાવવાની તક સુધ્ધાં મળી નહોતી.

આ કાળમુખી આગની લપેટમાં પરિવારના કુલ ત્રણ સભ્યો સપડાયા હતા. જેમાં કમનસીબે શબ્બીરભાઈ બુરહાનભાઈ લોખંડવાલા અને તેમના પત્ની રસીદાબેન શબ્બીરભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા. આગ અને ધુમાડાના ગોટા વચ્ચે ગૂંગળામણ અને ગંભીર રીતે દાઝી જવાથી આ દંપતીનું મોત નીપજ્યું હતું. જ્યારે પરિવારના અન્ય એક સભ્યોને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જેમને સ્થાનિક લોકો અને ફાયર વિભાગની મદદથી સલામત રીતે બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડ તેમજ પોલીસને જાણ કરી હતી. લીંબડી ફાયર ફાઈટરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ

(અનુ. આઠમા પાને)

# કાલથી ફરી ત્રણ દિવસ વરસશે 'મુસિબતના માવઠા'

### સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલીમાં કમોસમી વરસાદની સંભાવના: ગરમીમાં સુરેન્દ્રનગરે રાજકોટની સાઇડ કાંપી

**અબતક, રાજકોટ**

આવતીકાલથી ફરી વાતાવરણમાં પલ્ટો આવશે. કાલથી ત્રણ દિવસ રાજ્યના અલગ-અલગ શહેરમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલીમાં ત્રણેય દિવસ મૂસિબતના માવઠા વરસશે. બીજી તરફ કાળઝાળ ગરમીમાં સુરેન્દ્રનગર શહેરે રાજકોટની સાઈડ કાંપી લીધી છે. શુક્રવારે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે કાલથી રાજ્યમાં ફરી વાતાવરણમાં પલ્ટો જોવા મળશે. કાલથી ત્રણ દિવસ રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. જેમાં કાલે રવિવારે ભાવનગર, અમરેલી, મહિસાગર અને દાહોદ શહેરમાં ૨૦મી એપ્રિલના રોજ ભાવનગર, અમરેલી, ડાંગ, તાપી અને અરવલ્લીમાં જ્યારે ૨૧મી એપ્રિલના રોજ ભાવનગર, અમરેલી, ડાંગ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસી શકે છે.

ગઈકાલે રાજ્યમાં કાળઝાળ ગરમીમાં સામાન્ય રાહત જોવા મળી હતી. ૪૧.૨ ડિગ્રી તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે રાજકોટનું તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫.૭ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૭ ડિગ્રી, દિવનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કેશોદનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું ૪૦.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, ભૂજનું તાપમાન ૪૦.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૪.૭ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું.

આવતીકાલથી વાતાવરણમાં પલ્ટો આવશે. ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી હોય જગતાત ફરી ચિંતિત થઈ ગયો છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલી વરસશે તેવી આગાહી આપવામાં આવી છે. ગરમીની સાથે છેલ્લા ત્રણેક દિવસથી બફારો પણ અનુભવાય રહ્યો છે.




હૈદરાબાદના CV રેડ્ડી દ્વારા શોધાયેલ સીવીઆર સોઈલ ટેકનિક 100% પરિણામ ભારતના રાષ્ટ્રપતિ તરફથી પદ્મશ્રી એનાયત

CVR સોઈલ technic માટી એરેંડી નું તેલ અને ખેતીમાં શુ કામ સફળ છે આ પધ્ધતિ હૈદરાબાદ ના ચિંથાળા વેંકટ રેડીની શોધ છે તેમને 20 કિલો રાફડાની માટી અથવા શેઢાની માટી જમીનમાંથી દોઢ થી બે ફુટ માટી ખોદવી તેમને 200 ગ્રામ એરંડીયાનું તેલ મિલાવવું પછી 200 લિટર પાણીમાં નાખી પાણીને ગાળી કોઇપણ પાક હોઇ જેવા કે મરચી, તરબૂચ, દ્રાક્ષ- કોઇપણ શાકભાજીમાં છંટકાવ કરવો, કોઇપણ જીવાંત કે ઇયળ હોઇ તેને પેટમાં લીવર ન હોય એટલે માટીના પાણીને પચાવી ન શકે એટલે જીવાત મરી જાય. ફ્લાવરિંગ સમયે બે વાર spray કરવો. CV રેડ્ડીને ભારત સરકારે **પદ્મશ્રી** આપ્યો છે. **અમેરિકાના પ્રેસિડેન્ટ બિલ ક્લીન્ટન** અને **જ્યોર્જ બુશ** તેમના ફાર્મ ઉપર આવી ગયા છે. **શ્રી નરેન્દ્રભાઇ મોદી**એ તેમને આ પ્રયોગ "મન કી બાત"માં લીધો હતો.

વધુ વિગત જોઇતી હોય તો cvr soil technic માં youtube માં છે.

- ભરત પરસાણા, ગુજરાત
મો. +91 97263 99699



